
પૂજ્ય પંન્યાસજી મહારાજના


# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥ 30 ॥




પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી


સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય



પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત


**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન


પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**



પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજ

મગજના ૩ ભાગ છે (ચોથો ભાગ કર્ણિકામાં ગુપ્ત છે).
તેના પેટા ભાગ ૮ છે. તેમાં કુલ શક્તિઓ નીચે મુજબ ૫૦ છે:




૧/૬ અનાહત ચક્ર - સ્નેહસત્તાદિ ૬ શક્તિઓ - બીજ યં

૨/૬ નાભિ ચક્ર - સ્વસંરક્ષણ ૬ શક્તિઓ - બીજ રં

૩/૪ સ્વાધિષ્ઠાન ચક્ર - સ્વોત્કર્ષિણી ૪ શક્તિઓ - બીજ વં

૪/૫ સહસ્ત્રદલ ચક્ર - શિક્ષાસ્થાનાદિ સત્પ્રવર્તિન્યાદિ ૫ શક્તિઓ

૫/૫ મૂલાધાર ચક્ર - મનઃપ્રવર્તિકા ૫ શક્તિઓ - બીજ લં

૬/૧૨ આજ્ઞા ચક્ર - વિષયગ્રાહિણી ૧૨ શક્તિઓ - બીજ હં

૭/૪ વિશુદ્ધ ચક્ર - વિવેચની ૪ શક્તિઓ

૮/૮ મનશ્ચક્ર - અણિમાદિ ૮ શક્તિઓ કર્ણિકામાં ગુપ્ત

કુલ-૫૦ શક્તિઓ છે.

પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥ 30 ॥



પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

## ☐ HASTAKSHAR NU AKSHAY PATRA

Personal Diaries comprising of Divine everyday thoughts,
musings & experiences of Panyashshri Bhadrankar Vijayji Maharaj.

## ☐ VOLUME - 30

April 2020
300 Copies / 224 Pages
For Private Circulation only.

## ☐ PUBLISHER


© Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust


Mumbai / Rajkot

team@mindfiesta.com

## ☐ SPONSOR

Shri C. K. Mehta
Mumbai

## ☐ ENHANCED & DESIGNED BY

Bharti Deepak Mehta
Fiesta Studios
Pattani Bldg., M.G.Road, Rajkot - 360001.
bharti@mindfiesta.com
+91 98252 15500

## ☐ eBOOKS AVAILABLE AT

www.bhadrankar.com

www.navkarday.com


Amazon Kindle

## ☐ SHRI AARADHNA DHAM JAIN TIRTH


C/o Shri Sudhirbhai Pandya,
'Shiv Drasti', Nr. old Mamlatdar Office,
Jamkhambhaliya - 361305.
(Dist: Devbhumi Dwarka)
+91 2833 - 254156


## ☐ ખાસ વિજ્ઞપ્તિ

ગ્રંથવાંચન પશ્ચાત્ આપને આવશ્યકતા ન હોય તો આ સરનામે અમોને ગ્રંથ પરત મોકલશોજી, જેથી અન્ય ભવિજનો પણ આ ચિંતનોથી ભાવિત થઈ શકે.



# સામ-સમ-સામ્ય સ્વરૂપી સામાયિકનું ચિદ્ઘન ચિંતન



જામનગરના પેલેસ ઉપાશ્રયમાં પ્રવચનો ચાલતા હતા, તેમાં ચોમાસી ચૌદસ પછી પૂનમના દિવસે ચાતુર્માસના આભૂષણસ્વરૂપ ૯ આરાધના બતાવેલી, તેમાં પ્રથમ સામાયિકની વાત કરી કેઃ શ્રાવક દરરોજ તો સામાયિક કરતો જ હોય, પરંતુ ચાતુર્માસમાં વિશેષ કરે. પછી સાહેબના સામાયિકના ૩ પર્યાયવાચી ભાવો બતાવેલાઃ (૧) સામ એટલે મધુર પરિણામ (૨) સમ એટલે ત્રાજવા જેવા સમ પરિણામ (૩) સામ્ય એટલે ખીર અને ખાંડ મળી જાય તેવા પરિણામ. પ્રવચન પૂર્ણ થયું અને એક તત્ત્વજિજ્ઞાસુ પુણ્યાત્માએ કહ્યુંઃ સાહેબ! પૂજ્ય પંન્યાસજી ભગવંતે 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'માં સામાયિકનું સરસ ચિંતન આલેખ્યું છે. આ સાંભળી આનંદ એ થયો કે 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર'નો સંદર્ભ એક શ્રેષ્ઠ પદાર્થની વિચારણા માટે અપાયો.

પોતાની રોજનીશીમાં સાહેબજી લખે છે તેમ સામાયિકના ભાવો આ પ્રમાણે છેઃ

आया सामाइये અર્થાત્ આત્મા સામાયિક છે, એ ગ્રહણ શિક્ષારૂપ છે.

आया सामाइयस्स अट्ठे અર્થાત્ આત્મા સામાયિકનો અર્થ છે, એ આસેવન શિક્ષારૂપ છે.

આત્મા જ સામાયિક અને આત્મા જ સામાયિકનો અર્થ. સામાયિક એટલે આત્માની સ્વાભાવિક સ્થિતિને પ્રાપ્ત થવું, તેમાં તલ્લીન થવું તે. એ સ્થિતિ પ્રત્યે લઈ જનારા સાધનો વ્યવહારનયની દ્રષ્ટિએ સામાયિક છે. સમ્યક્ત્વ શ્રુત-વિરતિ સામાયિકનું સાધ્ય ભાવસમાધિ છે. મોક્ષમાં જોડનારો ધર્મવ્યાપાર, રત્નત્રયીની પ્રાપ્તિ કરાવનાર, સમત્વને સાધી આપનાર, કુશલાનુષ્ઠાન અને કલેશોત્પાદક વૃત્તિઓનો નિરોધ કરાવનાર સર્વોત્તમ સાધન તે સામાયિક છે. સામાયિકમાં સાધ્ય એ સમત્વ છે,

સાધક એ સર્વવિરતિ-દેશવિરતિ છે અને સાધન એ સાવદ્યનું પચ્ચક્ખાણ-નિરવદ્યનું યથાશક્તિ અનુસરણ છે. દેવ એ સામાયિકની સિદ્ધિ કરનારા અને ગુરૂ એ સામાયિકની સાધના કરનારા છે, તેથી તેમના પ્રત્યે રાગ રાખવો. શ્રી નવકાર સામાયિકના બહુમાનસ્વરૂપ છે અને શ્રી સામાયિક એ જીવત્વના બહુમાનસ્વરૂપ છે.

અત્યારની ગણત્રી પ્રમાણે વિશ્વની તિજોરીઓમાં ૮૫ અબજ ડૉલરનું સોનું મોજુદ છે. એક ઔંસ સોનાની કિંમત ૩૫ ડૉલર છે. આમ દેશી ગણિત મુજબ એક લાખ ખાંડી સુવર્ણ જે અત્યારે દુનિયામાં છે, તે એક સામાયિકના ફળને પણ પહોંચી શકતું નથી, કેમકે એક લાખ ખાંડી સુવર્ણને ૭ ક્ષેત્રોમાં વાપરવાથી જે પુણ્ય બંધાય, તેથી પણ અધિક ફળ એક સામાયિક કરનારને મળે છે.

સામાયિક એ સમભાવની ક્રિયારૂપ છે. નવકાર એ સમભાવની અનુમતિરૂપ છે. નવકાર એ જ્ઞાન-દર્શન છે. સામાયિક એ ચારિત્ર છે. નવકાર વડે 'સર્વ જીવો આત્મતુલ્ય છે' એવું જ્ઞાન અને સર્વ જીવો તરફ આત્મતુલ્ય જોવાનું દર્શન પમાય છે તથા સામાયિક વડે તેને જીવનમાં ઉતારવાની ક્રિયા થાય છે.

આમ સામાયિકના ભાવોને પ્રગટ કરીને, આપણા જીવનમાં
સામ્યભાવને લાવવા પ્રયત્ન કરવાનો અવસર આ સ્વાધ્યાયથી પમાય છે.

આવા અદ્‌ભૂત પદાર્થોના સંગ્રહને ગ્રંથરૂપે તૈયાર કરવા આર્થિક પ્રાણ પૂરવાનું અદ્‌ભત કાર્ય કરનાર અમારા ગુરૂભગવંતના પરમ ગુરૂભક્ત મુંબઈ-વડોદરાના શ્રાવકરત્ન **સી.કે.મહેતા**ને અંતરથી બિરદાવતા આનંદ થાય છે કે તેઓ પોતાની અગાધ ધનરાશિને આ પુણ્યાનુબંધી પુણ્યના કાર્યમાં જોડી રહ્યા છે. વળી અમારા રાજકોટના સુશ્રાવક શશીકાંતભાઈ મહેતાના પુત્રવધુ **ભારતીબેન દિપકભાઈ મહેતા,** જેઓ ૩૦થી વધુ પુણ્યવાનોના જૂથ સંગે નિશદિન આ રોજનીશીઓને અક્ષયપાત્રોમાં ઢાળવાના સફળ-સબળ પ્રયત્નો કરી રહ્યા છે, તેમને પણ ધન્યવાદ.

એપ્રિલ, ૨૦૨૦

વજ્રસેન વિ.
હેમપ્રભ વિ.









શારદાસુપ્રસાદેન, કાવ્યં કુર્વન્તિ માનવાઃ ।
તસ્માન્નિશ્ચલભાવેન, પૂજનીયા સરસ્વતી ॥
સરસ્વતી મયા દૃષ્ટા, દેવી કમલલોચના ।
હંસયાનસમારૂઢા, વીણાપુસ્તકધારિણી ॥

## જીવનો ઉદ્ધાર શી રીતે?

ચરણના રજની પણ રજ થયા વિના
આપણા જીવનો ઉદ્ધાર અશક્ય છે.
અકિંચન નમ્રતામાં જ સાચો ઉદ્ધાર છે.
જ્યારે શરીર અને મનની શુદ્ધિ થાય, ત્યારે જ
નમ્ર બનવાની સાચી શક્તિનું ગુણસામર્થ્ય જાગે છે.
ગુણ = સાહસ, ધૈર્ય, તિતિક્ષા, ત્યાગ, વૈરાગ્ય.
ભાવના = પ્રભુ પ્રત્યે બધું જ કરી છૂટવાની તમન્ના.
મનથી પ્રભુના ચરણમાં રહેવું એ પણ ઉપવાસ છે.
વ્યાકુળ થયા વગર પ્રભુના દર્શન થતાં નથી તથા
ભોગ - વાસનાઓનો અંત ન આવે,
ત્યાં સુધી વ્યાકુળતા આવતી નથી.
જે કંચન અને કામિનીમાં રમી રહે છે,
તેના ભોગનો અંત આવતો નથી, અને
એને પ્રભુમિલનની વ્યાકુળતા પણ વરતી નથી.
પ્રભુને પામવા માટે કંચન-કામિનીનો ભોગ
અંતરાયરૂપ છે, તેથી તેનો ત્યાગ એ પ્રથમ શરત છે.
કામ અને રામ - એ બે સાથે રહી શકતા નથી.
કામ માટે રામ નહિ પણ રામ માટે કામ છોડવો જોઈએ.

## નાદયોગ - અંદરના શબ્દનું શ્રવણ

નાદની શક્તિને લીધે સૃષ્ટિનું સર્જન થયું છે. સર્જનની
શરૂઆતમાં પહેલી પ્રવૃત્તિ નાદપ્રવાહ પેદા કરવાની હોય છે.

એ દૈવી નાદ છે, તેને ધ્યાનથી ઝીલી શકાય છે.
ધ્યાન વડે જ તેનો પરિચય મેળવી શકાય છે.
જે નાદો ધ્યાનમાં ઝીલી શકાય છે,
તે નાદો સૃષ્ટિનો આવિર્ભાવ કરનાર શક્તિની અથવા
એમના ઉદ્ભવસ્થાનની છાપ લઈને આવે છે.
એ શક્તિ સાથે સૃષ્ટિનો સંબંધ છે.

શરીર, મન અને ઇચ્છાશક્તિને સંયમમાં રાખી જે કોઈ એ દૈવીનાદને પોતાની અંદર આતુરતાપૂર્વક સાંભળે છે, ત્યારે તેને સાંભળતાંવેંત જ ધ્યાની સાધકની વૃત્તિઓ પરમાત્માના પ્રફુલ્લિત તથા કલ્યાણ તરફ ઉપર ઉઠે છે. ધોરીનસોમાં વહેતા લોહીના ધબકારાનો શબ્દ તો સૃષ્ટિનો આવિર્ભાવ કરનાર સૂક્ષ્મતર શક્તિનો માત્ર પડઘો જ છે. ભૌતિક ભૂમિકા પર સંભળાતી શક્તિને વધારેને વધારે ઊંડા ઉતરીને નાદના રૂપમાં પકડી તથા અનુભવી શકીએ છીએ. નાદ જે પ્રદેશમાંથી પેદા થાય છે, તે પ્રદેશની અસરવાળો હોય છે, તેથી ધ્યાનને અંદર એકાગ્ર કરવામાં આવે, તો

એક દિવસ એ રહસ્યમય શબ્દોને સાંભળી શકે
કે જે સર્જનહાર પરમાત્માનું સાચું નામ રજુ કરે છે.

સાધનાનો વિશ્વાસપૂર્વક આધાર લઈને
જ્યારે સાધક આગળ વધે,
ત્યારે એના અંદરના કાન સાથે
દૈવનાદ અથડાય અને સાધક ઊંડા આનંદમાં ડૂબીને
પોતાની જાતને પણ ભૂલી જાય છે.

સંગીત એ નાદનો જ એક પ્રકાર છે.
એના અવલંબે એક જાતની ભાવસમાધિમાં ડૂબી જવાય,
તો પછી એ સમજી શકાય એવું છે કે અંદરથી સુણાતા
સ્વર્ગીયનાદની અસર તો કેટલી બધી વિશેષ જ થાય?

જેને આધ્યાત્મિક સત્યોનો સર્વોત્તમ પુરાવો
અથવા પ્રાથમિક અનુભવ મેળવવાની ઈચ્છા હોય તેણે
યોગસાધનાનો સતત ખંતપૂર્વક અભ્યાસ કરવો જોઈએ.
માનવ શરીરમાં આપણે જાણીએ છીએ તેના કરતાં પણ
ઘણાં ઊંચા કામો કરવાની જરૂરી શક્તિ - ઊર્જા છે.
આપણા મગજના કેન્દ્રોમાંનું સૌથી અગત્યનું જે કેન્દ્ર
પરમાત્મપરાયણતા-ઈશ્વરીય સભાનતાની પ્રાપ્તિ કરવામાં
મદદરૂપ થાય છે, તે કેન્દ્રને 'આજ્ઞાચક્ર' કહેવાય છે.

# શૂન્યતામાં સ્વાનુભૂતિ

ચંદ્રની સપાટી ઉપર ઉતરવું સહેલું છે પણ પોતાની
સપાટીમાં પ્રવેશ કરવો, પોતાને સમજવું સહેલું નથી.
બધે જ જગત ખેડનારા ય સ્વને જાણવામાં હાર પામ્યા છે.
'હું કોણ છું' એના જવાબ અને અનુભવમાં મુક્તિ છે,
મુક્તિનો માર્ગ છે, બધી જ સમસ્યાઓનું સમાધાન છે.
આંખની રોશનીને અંદર વાળતાં જ અનુભવ થશે કે
જેને આધારે મન, બુદ્ધિ અને પ્રાણ ટકે છે,
એવું કિન્તુ એ બધાથી પણ ભિન્ન એવું એક તત્વ છે.
'હું' શરીર દેહ નહિ, મન નહિ પણ આત્મા.
અનુભવીઓએ જગત સમક્ષ આ અનુભવ મૂક્યો છે,
ભલે તે કોઈ માને કે ન માને.
સાયન્ટીસ્ટોના સાહસમાં કે વૈજ્ઞાનિકોની પ્રયોગશાળામાં
આ વસ્તુ સાબીત થાય કે ન થાય,
છતાં બાહ્યશોધથી પર એવું એક તત્વ,
કે જેના જવાબથી બધું જ અટકી પડે છે,
એ તત્વ તે આત્મા, ચૈતન્યવાન જીવ.
'હું' શરીર દેહ નહિ, મન નહિ, આત્મા ય નહિ,
પણ નીરવ શૂન્યતા. શૂન્યતામાં જ ચૈતન્ય અનુભવાય છે.

○ ॐ पूर्णमदः पूर्णमिदं पूर्णात्पूर्णमुदच्यते ।
पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते ॥१॥

આ શ્લોકનો ગૂઢ અર્થ નીચે મુજબ છે:

વસ્તુમાત્ર ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યયુક્ત છે.
ઉત્પાદ અને વ્યય નિરંતર ચાલુ રહેવા છતાં ય
વસ્તુ કાયમ રહે છે, તે તેની પ્રકૃતિ છે.
સર્વ વસ્તુ દ્રવ્યરૂપે ધ્રૌવ્ય ધર્મ ધરાવે છે.
તેનો પૂર્વપર્યાય નાશ પામે છે, બરાબર તે જ વખતે
તે વસ્તુનો ઉત્તરપર્યાય ઉત્પન્ન થાય છે.
ઉત્પાદ વખતે જેમ વસ્તુ પૂર્ણ છે, તેમ
વ્યય વખતે પણ પૂર્ણ છે, કેમકે ત્રણે એક કાળે બને છે.
વસ્તુમાત્ર ત્રિધર્મવાળી છે.

○ અહીં ગુણરોહે પર થવા પ્રથમ સત્ત્વગુણની મદદ લેવી,
અરિહંત કે નીતિમાન થવું, સદ્ગુણ જાણવું, સત્કર્મો કરવાં.

મનની ગતિ બે દિશામાં જ હોય છે:
વિષયાભિમુખ અથવા આત્માભિમુખ.
સત્ત્વગુણની મદદ લેવાથી આત્માભિમુખ થવાય છે.
આત્મજ્ઞાન = હું આત્મા છું. આ જ્ઞાન સર્વ કર્મને હણે.
અનાત્મજ્ઞાન = હું દેહ છું. આ જ્ઞાન સર્વ કર્મનું કારણ છે.

## સાચું સૌંદર્ય

ૐ

૨૭-૭-૨૦૬૭

'સૌંદર્ય' એટલે સદ્‌ભાવના, સહાનુભૂતિ, સ્નેહાર્દ્રતા, સંવેદના અને સમદૃષ્ટિ, આપણામાં બધાને સમાવી લેવાની આંતરિક શક્તિ. 'જીવન જીવવા માટે છે, તેમ બધાને જીવાડવા માટે પણ છે' એવી સમજ તે સૌંદર્ય. કેવળ પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવું અથવા જીવવું એમ નહીં, કિન્તુ જીવવાની સાથે જીવાડવાની ભાવના અને ક્રિયા એકમેક પરસ્પર હોય, તે જ સાચું જીવન છે. વૃક્ષ પોતે જીવે છે અને ફળ આપી બધાને ય જીવાડે છે. સાગર-સરિતા પોતાનું અસ્તિત્વ જાળવીને સાથે સાથે ચરાચર સૃષ્ટિને ય અખંડપણે જીવાડવાનું કાર્ય કરે છે. ભૂમિમાતા તો અહર્નિશ અનેકગણું આપ્યા જ કરે છે.

બસ, એક માનવી જ માત્ર લેતા શીખ્યો છે.

લેવું એ જ જાણે જીવનનું ધ્યેય ન હોય! એમ માનીને

માનવી પોતાનું સહજ સૌંદર્ય ગુમાવી રહ્યો છે.

બધાને દેવું એ જ સૌંદર્ય છે.

જીવનમાં આખી રચના જ કુદરતી નીમેલી અનિવાર્ય છે. પ્રકૃતિની એમ દેવ-ગ્રહ-ધર્મથી વાસિત, તન્મય બનેલી માનવતાની રચનામાં સર્વ-સર્વસ્વ આવી જાય છે.

## ઋણમુક્તિ એ જ કર્મમુક્તિ

આજે હું જગતજીવોએ કરેલા ઉપકારોનું સ્મરણ કરીને
તેનો સ્વીકાર કરું છું, તેના માટે હું ઋણી છું.
આજે હું જગતજીવો ઉપર કરેલા મારા અપકારોની કબુલાત
ક્ષમા માંગુ છું તથા ફરી નહિ કરવાની ભાવના રાખું છું.
મારા ઉપર થયેલા ઉપકારોનું ઋણ અને
મેં જગત ઉપર કરેલા અપકારોનું ઋણ
એ જ મારા આઠે પ્રકારનાં કર્મ છે,
તેના ભારથી હું ભારે થયો છું.
તે ભારને ઉતારવા માટે હવે ઉપકાર કરવા પડે
હું મારાથી થયેલા અપકારોનો બદલો વાળવા ઈચ્છું છું.
મારા ઉપર થયેલા ઉપકારોનું ઋણ ઉતારવા માટે પણ
જગત ઉપર થાય તેટલા ઉપકાર કરીને ઉતારવા માંગુ છું.
પ્રભુતાની પ્રાપ્તિથી જ હું ઋણમુક્ત થઈ શકું એમ છું.
ઉપકારો અને અપકારો તો ખાબોચિયાં છે, તેનો બદલો
સાગર સમાન બનીને એક ક્ષણમાં વાળી શકાય તેમ છે,
તેથી હું સાગર સમાન પ્રભુ બનવા ઈચ્છું છું.
તે માટે આજથી જ હું પ્રભુનું શરણ લઉં છું, કારણ કે
શરણથી જ સઘળું ઋણ ઉતરે છે.

સમાધિ અને ધ્યાનનો હેતુ છે...
મનને સંકલ્પ-વિકલ્પરહિત કે સંપૂર્ણ ખાલી કરવાનો.
મનુષ્ય જ્યારે સમાધિ દશામાં પ્રવેશે છે, ત્યારે
મન તદ્દન ખાલી થઈ જાય છે નહીં, આત્મા એટલે કે
સર્વોચ્ચ તત્ત્વ. એ ખાલી મનમાં ઉતરીને એને ભરી દે છે.
એવું થતાં જ અસીમ સુખનો અનુભવ સહજ બને છે.
વળી સમસ્ત સૃષ્ટિ માટે પરમ પ્રેમની લાગણી થાય છે.
એ અવસ્થામાં નાડી બંધ થઈ જાય છે,
એ દશામાં હૃદયના ધબકાર શાંત થાય છે નહીં,
અચળ એવા અંગોમાંથી લોહી પણ નથી વહેતું.
બહારથી જોતાં એમ લાગે કે એમનું મૃત્યુ થયું છે,
પરંતુ વધારે ઉચ્ચ જીવનનો અનુભવ કરાવતી પોતાની
અંદરની દુનિયામાં આ સાધકે પ્રવેશ કર્યો હોય છે.
મન-શરીરે ઊભી કરેલી મર્યાદાઓમાંથી તેઓ મુક્ત
થઈ ચૂક્યાં હોય છે અને એમની અંદર જ સમસ્ત
સંસારના રહસ્યનું તેઓ સતત દર્શન કરતાં હોય છે.
સાધક અંદરથી સંપૂર્ણ સભાન અવસ્થામાં હોય છે.
સાધકની ઇંદ્રિયો જૂની ટેવોથી વિરામ પામી અંતરાત્માને
સહયોગ આપવા દેહાશ્રિત અહંકાર ઓગાળતી જાય છે.

# ઈશ્વરીય શક્તિની મહત્તા

ઈશ્વર આત્મારૂપે સંસારના સમસ્ત જીવોમાં રહેલાં છે.
આપણે મનુષ્યો અને પદાર્થોમાં
એ દિવ્ય ઈશ્વરીય શક્તિનું દર્શન કરીએ અને
બહારનાં રૂપોથી એટલા બધા પ્રભાવિત અને મુગ્ધ ના
બનીએ કે મનુષ્યો અને પદાર્થોને જીવન આપનારા
અંદરના આત્માને જ તદ્દન ભૂલી જઈએ.
જે કાંઈ થાય છે, તે એની ઈચ્છાથી જ થઈ રહ્યું છે.
સ્વતંત્ર ઈચ્છા જેવું જે કાંઈ દેખાય છે,
તે પણ ઈશ્વરની શક્તિથી જ કામ કરે છે.
મુશ્કેલીને સહન કરવાની શક્તિ માટે એનો આધાર
લેવાથી મનુષ્ય શોકસાગરમાં ડૂબવામાંથી બચી જાય છે.
ઈશ્વરની શક્તિથી જ સમજાય છે કે સુખ આશીર્વાદ
અને દુઃખ અંદરના રોગોને મટાડનારી દવા બરાબર છે.
'ધર્મ એક જીવંત બળ છે' એમ ધર્મ કરનારને લાગે છે.
ઈશ્વરની શક્તિ સમજાવે છે કે યાદ કરવાની ઉત્તમ
વસ્તુઓ તો પવિત્ર વિચારો અને સ્વાર્થરહિત ઉત્તમ
કર્મો છે, જેમને કચડી પડતા દુઃખો નહીં. ચારિત્ર્યમાં
વિચારનું ઊંડાણ અને આચારની ઉત્તમતા ભળવા જોઈએ.

## શરણ પદાર્થ પંચપરમેષ્ઠિ

પરમેષ્ઠિનું શરણ તેમના સ્મરણ-આશ્રય-આલંબન-
આધાર તથા ટેકાથી લેવાનું શાસ્ત્રોમાં ફરમાવેલું મળે છે.

પરમેષ્ઠિનું શરણ તે ધર્મનું જ શરણ છે.

ધર્મ પરોપકારસ્વરૂપ અને પરપીડાના પરિહારરૂપ હોવાથી
તત્ત્વથી તો ધર્મનું શરણ સ્વીકારનારે
પરોપકારનું જ શરણ સ્વીકાર્યું ગણાય છે.

પરોપકાર જ આ જગતમાં તરણોપાય, શરણાગમનયોગ્ય
તથા સૌના જીવનમાં પ્રતિષ્ઠા આદરવા લાયક છે.

સાચો ઉપકાર મોક્ષમાર્ગને પામવો અને પમાડવો તે છે.

મોક્ષમાર્ગ રત્નત્રયસ્વરૂપ છે.

રત્નત્રય જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ છે.

જ્ઞાન, દર્શન અને ચારિત્ર આત્માના મૂળગુણરૂપ છે.

સર્વ જીવોને સમાન રૂપે જાણવા, જોવા અને વર્તવાથી
જ્ઞાનગુણ, દર્શનગુણ અને ચારિત્રગુણની
આત્મામાં ચરિતાર્થતા થાય છે.

એ ત્રણ ગુણની આરાધના
જીવને કેવળજ્ઞાન, કેવળદર્શન અને
પૂર્ણ ચારિત્ર તથા અવ્યાબાધ સુખને આપે છે.

## મુક્તિનો સાચો ઉપાય - પરોપકાર

પરોપકારઃ પુણ્યાય પાપાય પરપીડનમ્ | અર્થાત્ઃ પરને ઉપકાર પુણ્ય માટે થાય છે, પરને પીડા પાપ માટે થાય છે. પુણ્યથી સુખ અને પાપથી દુઃખ મળે છે, તેથી સુખાર્થીએ પરોપકાર કરવો અને પરપીડાને પરિહરવા જોઈએ. પરપીડાનો પરિહાર એ જો પાપમુક્ત થવાનો ઉપાય હોય, તો પુણ્યનો ઉપાય તેથી વિરુદ્ધ પરને ઉપકાર કરવો તે જ હોઈ શકે. 'ઉપકાર પણ ન કરવો તથા પીડા પણ ન કરવી' એવી ત્રીજી અવસ્થા સંભવી શકતી નથી, કાં તો પરને પીડા - કાં તો પરનો ઉપકાર, એ બે જ અવસ્થા હોય. આમ સુખનું મૂળ એવો ધર્મ પરોપકારસ્વરૂપ બનશે અને દુઃખનું મૂળ એવો અધર્મ તે પરપીડાસ્વરૂપ થશે. સુકૃત અનુમોદનામાં ધર્મનું અનુમોદન છે. ધર્મ એ સુકૃત છે અને સુકૃત એ પરોપકારનું બીજું નામ છે.

દુષ્કૃતની ગર્હા એ પાપની ગર્હા છે.

પરપીડા એ પાપ છે અને પાપ એ દુઃખનું મૂળ છે, તેથી પરપીડાની ગર્હા અને પરોપકારનું અનુમોદન કરવાપૂર્વક પંચ પરમેષ્ઠિનું શરણું લેવું. તેમના શરણામાં અને ધ્યાનમાં તલ્લીન થવું, તે જ મુક્તિનો ઉપાય છે.

## પ્રભુની આજ્ઞા શું છે?

પ્રભુની આજ્ઞા ફક્ત બે પદમાં સમાઈ જાય:
એક આશ્રવને છોડવા અને બીજું સંવરને આદરવા.
'આશ્રવ ત્યાજ્ય છે, સંવર ઉપાદેય છે.'
આવી પ્રભુની આજ્ઞા
નિશ્ચલ છે, સુપ્રતિષ્ઠિત છે અને જગલોકને હિતકારીણી છે.
પરપીડા એ આશ્રવ છે, પરોપકાર એ સંવર છે. માટે
જ પ્રભુની આજ્ઞા સર્વ જગલોકને સુખ કરનારી છે.
પરોપકાર એ પરપીડાથી થતાં આશ્રવને રોકનાર છે,
તેથી સંવરરૂપ છે. પરપીડા પરોપકારથી વિપરીત છે, માટે
પરપીડા એ સર્વ સાધકો માટે આશ્રવ છે.
સર્વ પ્રયત્નથી આશ્રવ છોડવા યોગ્ય છે
અને સર્વ પ્રયત્નથી સંવર આદરવા યોગ્ય છે.
માટે જ જેણે આશ્રવો ત્યજ્યા છે,
અને જેઓ સર્વ સંવરસ્વરૂપ બન્યા છે,
તેઓનું જ શરણું સ્વીકારવા લાયક છે,
તેઓનું જ ધ્યાન ધરવા લાયક છે,
તેઓનું જ વંદન, પૂજન, અર્ચન, સ્તવન કરવા લાયક છે
અને તેઓની આજ્ઞા જ શિર ઉપર ધરવા લાયક છે.

## સમ્યક્ત્વનું નિકૃષ્ટ લક્ષણ

સંસાર એ હેય છે, કેમકે તે પરપીડાસ્વરૂપ છે.
મોક્ષ એ ઉપાદેય છે, કેમકે તે પરોપકારસ્વરૂપ છે.
સંસાર પરપીડારૂપ છે માટે પાપરૂપ છે અને પાપના જ ફળ-સ્વરૂપ છે. મોક્ષ એ પરોપકારસ્વરૂપ છે માટે પવિત્ર છે તથા પવિત્ર એવા ધર્મ આરાધનના જ પરિણામરૂપ છે.
સંસારમાં મત્સ્યગલાગલ ન્યાય ચાલી રહ્યો છે, તેમાંથી છૂટવાની બુદ્ધિ અને મોક્ષ એ જીવોને રક્ષણના આલંબનરૂપ છે, તેથી તેને મેળવવાની બુદ્ધિ એ જ સમ્યગ્બુદ્ધિ છે, એ જ સાચી સમજણ છે.

આ સમજણથી વિપરીત સમજણ સંસારમાં ભટકાવનારી છે.

'પરોપકારના કારણે મોક્ષ ઉપાદેય છે અને
પરપીડાના કારણે સંસાર એ હેય છે.'

આવી બુદ્ધિ થવી તે સમ્યગ્જ્ઞાન છે, આવી શ્રદ્ધા થવી તે સમ્યગ્દર્શન છે તથા એવું વર્તન થવું તે સમ્યક્ચારિત્ર છે.
મોક્ષે ગયેલા અને મોક્ષે જવા ઉદ્યત થયેલા જીવોનું શરણ સ્વીકારી તેમના ઉપર જ પ્રીતિભક્તિને વિકસાવવા અને તેમની આજ્ઞાનું જ પાલન એક કર્તવ્ય માનવું, એ મોક્ષે જવાના પ્રથમ સોપાનરૂપ સમ્યક્ત્વ છે.

# પૂજા અને પ્રણિધાન

મૂર્તિના દર્શન અને ચતુર્વિધ સંઘની પ્રત્યેક વ્યક્તિ સમસ્ત સંઘ વતી જે દર્શન-વંદનાદિ કરે છે, તેનો લાભ ચતુર્વિધ સંઘને નિરંતર મળે છે, તેનું કારણ 'અમારા વતી દર્શન-પૂજાદિ કરજો' એવા પરસ્પરને કહેવાની સાધુ અને શ્રાવકની સામાચારી કરેલી છે. એ સામાચારીના અદ્ભુત બળથી સાધુ-શ્રાવકના શુદ્ધ આત્માનું પ્રણિધાન દર્શનાદિ વડે નિત્ય થતું રહે છે. તેનાથી ચતુર્વિધ સંઘનું સૌભાગ્ય, ભાવઆરોગ્ય, લક્ષ્મી, ધૃતિ, મતિ, કીર્તિ, બુદ્ધિ, મેધાદિની નિરંતર વૃદ્ધિ તથા પુત્ર, મિત્ર, ગોત્ર, કલત્ર અને સર્વત્ર લોકમાં શાંતિ, તુષ્ટિ તથા પુષ્ટિ થયા કરે છે.

'શાંતિ' એટલે ક્લેશની નિવૃત્તિ.

'તુષ્ટિ' એટલે સંતોષવૃત્તિ.

'પુષ્ટિ' એટલે સંતોષાદિજનિત સુખની વૃદ્ધિ.

પ્રતિષ્ઠિત મૂર્તિની પૂજાનું આ મહત્ત્વ હોવાથી પ્રતિષ્ઠા મહોત્સવાદિની ઉજવણીમાં ઉલ્લાસની વૃદ્ધિ સ્વાભાવિક બને છે. સર્વના સુખની વૃદ્ધિ થાય તેવા અનુષ્ઠાનમાં સર્વની પ્રસન્નતા વધે જ.

## ધર્મનો પાયો - ન્યાયસંપન્નતા

ધાર્મિક ક્રિયાકાંડો, વિધિવિધાનો અને બાહ્ય આડંબરોનું
પ્રધાન ફળ ચિત્તશુદ્ધિ, જીવનશુદ્ધિ અથવા આત્મશુદ્ધિ
સિદ્ધ ન થતાં હોય તો છાર ઉપર લીંપણ સમાન છે.
જીવનમાં પ્રામાણિકતા, સચ્ચાઈ અને ઈમાનદારી લાવવા
શાસ્ત્રકારોએ ન્યાયસંપન્ન વૈભવને જ
પ્રાથમિક જરૂરિયાતવાળી ચીજ તરીકે ગણી છે.
તે ન્યાયસંપન્નતા પહેલા ગુણઠાણાથી છઠ્ઠા અને
છઠ્ઠાથી ચૌદમા ગુણસ્થાનક સુધી અનુસ્યૂત છે.
તે ચૂક્યા પછી થતો ધર્મ સાચા અર્થમાં ધર્મ રહેતો નથી.
ન્યાયસંપન્નતા આત્મૌપમ્યભાવને પોષતો હોય છે તથા
આત્મૌપમ્યભાવ બાહ્ય વ્યવહારથી માંડીને સાધકના
અભ્યંતર વ્યવહારમાં પણ એકસરખી રીતે જરૂરી છે.
અનેકાન્તવાદ અને સ્યાદ્વાદદર્શનના પાયામાં પણ
ન્યાયસંપન્નતા, આત્મૌપમ્યભાવ તથા સમદર્શિતા રહેલ છે.
તેને વિકસાવવાનું પ્રધાન પગલું
અર્થ અને કામ પુરુષાર્થને ન્યાયયુક્ત બનાવવો તે છે.
આહાર - વિહાર - નિહારમાં ન્યાયસંપન્નતા જ
ધર્મનું મૂળ છે, ધર્મનું બળ છે તથા ધર્મનો પાયો છે.

## આત્મલાભના સાધન - મૂર્તિ અને મંત્ર

સઘળાં દુઃખના મૂળરૂપ આત્મઅલાભને ટાળવા અને
સઘળાં સુખના મૂળરૂપ આત્મલાભને આપવા માટે જ
જિનમૂર્તિ અને જિનઆગમનું અસ્તિત્વ છે.
આગમથી આત્મઅલાભ ટળે, મૂર્તિથી આત્મલાભ મળે.
આગમના ઉપદેશક તીર્થંકર - ગણધરો છે,
તેથી તેઓનું અસ્તિત્વ પણ આત્મલાભ માટે જ છે.
સિદ્ધપણાનું અસ્તિત્વ છે, તેથી જ તેઓની ઉત્પત્તિ છે.
સિદ્ધિગતિનો માર્ગ બતાવવા અને સિદ્ધિગતિ પામવા
માટે જ તીર્થંકર - ગણધરોનો પ્રયાસ છે, તેથી
પરંપરાએ સિદ્ધ પરમાત્મા જ સર્વ જીવના ઉપકારક છે.
સિદ્ધ પરમાત્મા અનાદિ - અનંત છે અને
તેમનું અસ્તિત્વ જીવોને નિગોદમાંથી બહાર કાઢવાથી
માંડીને સિદ્ધપદ સુધી પહોંચાડવા સતત ક્રિયાશીલ છે.
અરિહંતપદ ઊંચા છતાં ક્રિયામાત્રનું પ્રયોજક સિદ્ધપદ છે,
એ અત્રે મહત્ત્વની કડી છે.
બધી ક્રિયાના હેતુરૂપ આત્મલાભ થવાના વિવિધ ઉપાયો
અને વિવિધ કારણોનો સંગ્રહ તે જૈનશાસન છે.
શાસ્ત્રપણે આત્મલાભ પ્રાપ્ત કરવાનાં સર્વોત્તમ સાધનોમાં
મૂર્તિ અને મંત્ર મુખ્ય છે.

તે બન્નેમાં આત્મજ્ઞાની મહાપુરુષોનું પૂજન, સ્મરણ, ધ્યાન અને તે દ્વારા આત્મજ્ઞાનની સિદ્ધિ રહેલી છે. આપ્તપુરુષરૂપ આગમ તે બંનેના મહત્ત્વને બતાવીને સંઘમાં ઉપદેશ દ્વારા એકવાક્યતા જાળવી રાખે છે.

પદસ્થધ્યાનનું મૂળ મંત્ર, રૂપસ્થધ્યાનનું મૂળ મૂર્તિ. મંત્ર જીહ્વાથી જપાય છે અને મૂર્તિ ચક્ષુથી જોવાય છે. જીહ્વા દ્વારા થતા મંત્રજાપ વડે અને ચક્ષુ દ્વારા થતાં મૂર્તિના દર્શન વડે યોગના આઠે અંગોનું સેવન થાય છે. યમ - નિયમ - આસન - પ્રત્યાહાર - પ્રાણાયામ તે પાંચ અંગ બહિરંગ સાધન છે તથા ધારણા - ધ્યાન - સમાધિ એ ત્રણ અંગ અંતરંગ સાધન છે.

બહિરંગ સાધનરૂપ બાહ્યસંયમ એ ઇંદ્રિયોનો અને પરંપરાએ પ્રાણ અને દેહનો સંયમ છે.

અંતરંગ સાધનરૂપ અંતરંગ સંયમ એ મન અને પરંપરાએ બુદ્ધિ, ચિત્ત અને અહંકાર ઉપર સંયમ છે.

બાહ્યેન્દ્રિયનો સંયમ જેમ સંયમ છે, તેમ મનઃસંયમ પણ સંયમ વાચ્ય શબ્દ છે.

બાહ્ય - અભ્યંતર ઉભય સંયમની સામગ્રી પૂરી પાડવાનું સામર્થ્ય મૂર્તિ અને મંત્રમાં રહેલું છે.

કોઈ પણ ધર્મ, મત, પંથ અથવા દર્શનનો મૂળ હેતુ
સૌના આત્માનું શ્રેય-નિઃશ્રેયસ સાધવાનો હોય છે.
જે કોઈ સાધન કે પ્રક્રિયા દ્વારા રાગ-દ્વેષ ઓછા થાય,
સમભાવ, શાંતિ, સમાધાન અને સંતોષને અનુભવાય,
તેને અપનાવ કરીને તે ઉદ્દેશ સિદ્ધ કરવાનો હોય છે.

o સૌને જાણવું અર્થાત સૌને ક્ષમા આપવા એટલું જ
નહિ પણ સૌને પ્રેમ આપવો, સૌ પર પ્રેમ રાખવો તે છે.

o નિરાશા અને સંકટોરૂપી જે મકાન ખિડકી વગરનાં
જીવનવાળો ભાગ્યશાળી મનુષ્ય કોઈ જ નહિ.

o કથની કરતાં કરણી વધે, વિચારનું બળ તેથી પણ
અધિક છે. ઉપદેશ કરતાં ઉદાહરણ આપવું શ્રેષ્ઠ છે.

o એક કૂતરી પણ જો ગંદી જગ્યામાં બેસવા તૈયાર
નહિ, તો કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, માયા, અહંકારથી
મલિન થયેલ અંતઃકરણમાં પરમાત્માનું આવવું કેમ બને?
કામ-ક્રોધાદિનો બહિષ્કાર કરીને આપણું
મનમંદિર પરમાત્માને વસવાલાયક બનાવવું જોઈએ.
પ્રભુને મળવાની ઇચ્છા હોય તો કોઈનું દિલ ન દુઃખાવો.

o જ્યાં સુધી એક પાઈનું પણ ઋણ છે,
ત્યાં સુધી તેને ચૂકવવા માટે પાછું જન્મવું પડે છે.

જે વસ્તુ મેળવવા છે, તેની કિંમત તો પૂરેપૂરી ચૂકવવી પડશે, એ નિયમ અટલ છે. વગર પરિશ્રમે તો કાંઈપણ મળતું નથી. સોનું, મોતી, રત્નાદિની પ્રાપ્તિ માટે પણ ખાણ ખોદવાનું, દરિયામાં ઊંડે સુધી ડૂબકીઓ મારવાનું તથા દેશાવર ખેડવાનું વગેરે મૂલ્ય ચૂકવવું જ પડે છે. પુત્રરત્નની પ્રાપ્તિ માટે પણ પહેલાં વેદના સહવી પડે, તો પરમાત્માની પ્રાપ્તિ વિના મૂલ્ય ચૂકવ્યે કેવી રીતે શક્ય છે?

o કમ ખાના, ગમ ખાના, દમ ખાના, કમ સોના.

મનમાં નમ્રતા અને ઇંદ્રિયોની વશતા અવશ્ય જોઈએ.

શિષ્યે સદ્ગુરુના ઉપદેશ અને આદેશાનુસાર ચાલવું.

અધિક ખાનાર પશુ સમાન, અલ્પાહારી દેવતુલ્ય છે.

કામ, ક્રોધ, શોક, મોહ વગેરે વિકારો
વિચારરૂપી વરદાનના અભાવે થાય છે.

યથાર્થ વિચાર થાય તો ચિંતા પણ મટી જાય છે.

<u>પ્રણિધાનના 3 પ્રકાર</u>

(1) 'પોતાનો આત્મા દ્રવ્યથી પરમાત્મા છે' એવું ધ્યાન તે અભેદ પ્રણિધાન.

(2) અંતરાત્મભાવ તે ભેદાભેદ પ્રણિધાન.

(3) બહિરાત્મભાવ તે ભેદ પ્રણિધાન.

## કામ - ક્રોધ - લોભ - મોહને જીતવાના ઉપાય

બ્રહ્મચર્ય અને વસ્તુવિચાર વડે કામ જીતાય.
અહિંસા અને ક્ષમા વડે ક્રોધ જીતાય.
અસ્તેય અને અપરિગ્રહ વડે લોભ જીતાય.
સત્ય અને યથાર્થજ્ઞાન રૂપી વિવેક વડે મોહ જીતાય.

## બે વાત ન ભૂલવી જોઈએ:

શરીરની અનિત્યતા એટલે મૃત્યુ.
આત્માની નિત્યતા એટલે મોક્ષ.

## બે વાત હંમેશ માટે ભૂલી જવી જોઈએ:

મારું કોઈએ ભૂંડું કર્યું છે અને હું કોઈનું ભલું કરું છું.

## પરમાત્મપ્રાપ્તિના 3 ઉપાયો

ગરીબી, બીમારી, અનાદર ઈશ્વરકૃપાના અણમોલ સાધન છે.

## પ્રભુમાં ચિત્ત ચોંટાડવાના 3 અકસીર સાધનો

(૧) કદી કોઈના ઉપર પણ ગુસ્સો ન કરો.
(૨) દુનિયાને ચલાવવાનો ભાર તમારા ઉપર નથી જ.
(૩) ધર્મનિરપેક્ષતાનો સિદ્ધાંત ધર્મના નામે ચાલતાં પાખંડ ન નભે, એ ખાતર લાગુ કરવો જોઈએ પણ ધર્મશૂન્યતા લાવવા માટે નહિ. ધર્મ સદ્ભાવના જ ધર્મનિરપેક્ષતાનું ધ્યેય હોવું જોઈએ, કારણ કે અસદ્ધર્મની નિરપેક્ષતા એ સદ્ધર્મની સાપેક્ષતાને સૂચવે છે.

## આત્માનુભવ - દસમું દ્વાર

બે કાન, બે આંખ, બે નસકોરાં, મુખ, શિશ્ન તથા ગુદા-
ઉપરના ૯ દ્વારોને બંધ કર્યા પછી દશમું દ્વાર ખુલે છે
તથા શાન્ત અને સંતોષપૂર્ણ જીવન જીવી શકાય છે.
સાંસારિક અનુભવોનો સંબંધ બહાર લઈ જનારા આ ૯
દ્વારો સાથે છે, આત્માનો અનુભવ દશમા દ્વારમાં છે.

બુદ્ધિ કરતાં આત્મા ચઢીયાતો છે.

ગૂઢ રહેલો આત્માનુભવ બુદ્ધિથી પ્રાપ્ત થવો અશક્ય છે.

0 ઇચ્છાઓ મનુષ્યને દરિદ્ર બનાવે છે અને
ઇચ્છાઓનો અભાવ મનુષ્યને અમીર બનાવે છે.

મનુષ્યજન્મનો એક શ્વાસ પણ ફોગટ વેડફી દેવો,
તે મોટું રાજ્ય ગુમાવવા કરતાં પણ વધુ બદતર છે.

0 નિન્દક વગર પગારનો ધોબી છે,
જે પાપને ધુએ છે અને પગાર લેતો નથી.

0 વિચારો સાત્વિક અને બોલો થોડું.

0 પરમાત્માની દયા યાચવા અને પામવાનો
સમય તથા શક્તિ નકામા વેડફવા, એ બીજે મોત નથી.

પરમાત્મા દરેક મનુષ્યના અંતરમાં છે.

ભજનમાં ૨ દિવસનું આંતરું ૨ મહિનાની પીછેહઠ કરાવે.

મૃત્યુનો ભય એ જિંદગીની મોટામાં મોટી ફિકર છે.
૧૦૦માં ૯૯ ચિંતાઓ જીવની ઉભી કરેલી અથવા
કાલ્પનિક હોય છે. વિપત્તિ કરતાં તેની ચિંતા વધારે
કષ્ટદાયી છે. વિપત્તિ આવે અથવા ન પણ આવે,
કિન્તુ તેની ચિંતા તો સૌને અવશ્ય કષ્ટ આપે છે.
દુન્યવી ઋદ્ધિ-સિદ્ધિ પુરુષાર્થના માર્ગમાં આવીને તેની
સંપૂર્ણ કમાણીને લૂંટવાની કોશિષ કરે છે, સાવધાન રહો.
સોનાને શુદ્ધ કરવા આગમાં તપાવવું પડે છે, તેમ
આત્માને શુદ્ધ કરવા કસોટીઓમાંથી પસાર થવું પડે છે.
સાધનાનો માર્ગ સાકર-કુસુમનો નહિ પણ શૂળીનો છે.
૦ આર્ય સંસ્કૃતિની ભવ્ય પ્રણાલિકા એટલે લગ્ન.
લગ્ન = પારકાને પોતાના કરવા, પોતે પારકાના થવું
નહીં, સ્વજન માટેના સ્નેહની સીમાને વિસ્તારવી.

First of all I am a soul,
Spirit and a spark of the divine.
Love is the fulfilling of the law.
Love, law and life are synonyms.
The progress of rivers to the ocean is
not so rapid as that of man to error.

## મનની ૩ શક્તિઓ

એકાગ્રતા, વિવેક - વૈરાગ્ય અને અંતર્મુખતા.
મન એકાગ્ર થાય, ત્યારે તેમાં અદ્ભુત શક્તિ પ્રગટે છે.
એકાગ્ર ચિત્તમાં વિવેક અને વૈરાગ્ય ઉદય પામે છે.
માનવજીવનની સફળતા અથવા નિષ્ફળતાનો આધાર તે
દરેક પ્રસંગે શું પસંદ કરે છે અને શું નહીં તે પર છે.
સારા - નરસાની આ પરીક્ષા શક્તિનું નામ 'વિવેક' છે.
કર્તા નહિ પણ પ્રેક્ષકની ભાવનાનું નામ 'વૈરાગ્ય' છે.
આત્મા તેના સનાતન શુદ્ધસ્વરૂપમાં નિત્ય જ્યોતિર્મય છે,
કિંતુ કર્મવશ થઈ સંસારનાટકમાં તે જે કાંઈ ક્રિયા કરે છે,
તેને અજ્ઞાનને લીધે પોતાની માને છે.
પોતે તો કેવળ સાક્ષી છે એ ભાવને ટકાવી રાખવો તે
વૈરાગ્ય છે. એકાગ્રચિત્તમાં વિવેક તથા વૈરાગ્ય ઉદય પામે છે.
સાચું જ્ઞાન એ આંતરિક છે, પણ બાહ્ય નહિ.
બાહ્ય ક્રિયાઓ ઇંદ્રિયો મારફત થતી દેખાય છે પણ
ખરી રીતે તે ક્રિયાઓ મગજની અંદર આવેલા
વિવિધ કેન્દ્રો દ્વારા જ થતી હોય છે.
શરીરબુદ્ધિ માનવને આ બાહ્યજ્ઞાન શરીરરૂપ દેખાય છે.
જ્ઞાન બદલાતું નથી પણ પોતે બદલાય છે,
તેવું જ્ઞાન દેખાય છે. તેથી જ્ઞાન મનોમય છે.

જ્ઞાનને મનોમય માનવાથી બહિર્મુખતા મટી અંતર્મુખતા આવે છે, જે અંતે સાચા સુખનો અનુભવ કરાવે છે.
અકળ ચિત્ત વિવેક-વૈરાગ્યવાળું બની અંતર્મુખ થાય છે,
ત્યાં સાધકને સાચા સુખની અનુભૂતિ થાય છે.

સહાનુભૂતિ સંકટનો ભાગાકાર કરે છે,
આશ્વાસન આપત્તિઓની બાદબાકી કરે છે.

આ સંસારનું વાસ્તવિક સ્વરૂપ ચિન્તવવાથી ગમે તેવા
શોક અને ઉદ્વેગ ટળી જાય છે અને
મન શાંત તથા સ્વસ્થ બની જાય છે.

ક્રિયા સિદ્ધિનો આધાર માત્ર સાધન કે સંયોગ ઉપર નહિ, કિન્તુ સાધકના સત્ત્વ અને પરાક્રમ ઉપર છે.

## ઋણમુક્તિનો મહામંત્ર

નમસ્કાર એ ઋણમુક્તિનો મંત્ર છે.

'પોતાના માથે ઋણ છે' એમ માનનાર વ્યક્તિ આપોઆપ નમ્ર બની નિરહંકાર રહે છે. પ્રત્યેક જનમમાં બીજા ઉપર કરેલા અપકાર અને બીજાના થયેલા ઉપકારને યાદ રાખનારો નમ્ર રહીને અપકારના બદલામાં ઉપકાર કરવા સદા તત્પર અને ઉપકારના બદલામાં પ્રત્યુપકાર કરવાની ભાવનાવાળો રહે છે. અપકારનો બદલો

સમતાભાવથી સર્વ પ્રકારનાં કષ્ટસહનમાં રહેલો છે અને
ઉપકારનો બદલો આત્મલાભથી વાળે છે.
આત્મસત્તાની પુષ્ટિ વિશ્વ ઉપર જે ઉપકાર કરે, તે તો
એટલો મોટો હોય છે કે તેના અજાણ તેના ઉપર
જાણથી થયેલા બધા ઉપકારોનો બદલો વળી જાય છે.
દુઃખ અને કષ્ટ વખતે કર્મના વિપાકનું ચિંતન કરવાથી
જે અખંડ સમતાભાવ રહે છે, તેથી બીજા ઉપર કરેલા
સર્વ અપકારોનું ઋણ ઉતરી જાય છે.

'નમો' મંત્ર અપકાર અને ઉપકાર
એ બંનેનો બદલો એકસાથે વાળી શકે છે.
તેનું કારણ તેની પાછળ કર્મવિપાકનો તથા
આત્મલાભ પામવાનો વિચાર છે.

કર્મવિપાકનો વિચાર સર્વ પાપનો નાશ કરે છે,
આત્મલાભનો વિચાર સર્વ મંગળોનું કારણ બને છે.
ધર્મમાત્ર મંગળ છે. આત્મલાભ એ બધા ધર્મોનું ફળ છે.

અરિહંતાદિના નમસ્કાર વડે થતું આત્મલાભ એ
સર્વ મંગળોમાં પ્રધાન તથા અત્યંત વધતું મંગળ છે.
'જીવ કર્મથી બંધાયેલો છે' એ વિચારની જેમ કર્મથી
મુક્ત થયેલા પુરુષો પ્રત્યે અંતરથી થતું બહુમાન પણ

નમ્રતાને લાવે છે. કર્મનો વિચાર પાપનું પ્રાયશ્ચિત
કરાવે છે અને ધર્મનો વિચાર પુણ્યનું ભાન જગાવે છે.
'નમો' મંત્રમાં કર્મનો અનાદર અને ધર્મનો આદર છે.
'નમો' મંત્રમાં 'કર્મનો બંધ પરાપકારથી થયો છે' તેના
સ્વીકાર સાથે 'ધર્મની પ્રાપ્તિ પરોપકારથી જ થાય છે'
એ હકીકતનો પણ શ્રદ્ધાપૂર્વક સ્વીકાર છે.

પોતાને ધર્મ પમાડનાર જગત છે,
તેથી ઉપકારીને નમસ્કાર એ જેમ ધર્મવૃદ્ધિનો હેતુ છે,
તેમ જગત પ્રત્યે કરવામાં આવતો ઉપકાર પણ
ચતુર્વિધ સંઘમાં અવશ્યપણે ધર્મવૃદ્ધિ કરે જ છે.
ધર્મને પામવા તથા કરવા માટે પરોપકાર આવશ્યક છે.
અધર્મથી છૂટવા અને ફરીથી તે ન કરવા નમો જરૂરી છે.
એક નમસ્કાર અપરાધને ખમાવવા માટે અને
એક નમસ્કાર ઉપકારને સ્વીકારવા માટે છે.
ઉપકારનો સ્વીકાર પણ નમસ્કાર વડે થાય છે અને
અપરાધની ક્ષમાપના પણ નમસ્કાર વડે જ થાય છે.
નમસ્કાર મંત્ર સર્વ પાપનો પ્રણાશક અને સર્વ મંગળોનું
જે મૂળ કહેવાય છે, તેનું કારણ તે પાપના પ્રાયશ્ચિતની
બુદ્ધિ પાપરહિત પુરુષોને નમન ક્રિયારૂપ છે, તે છે.

પરોપકારરહિત અને પરોપકારસહિત પુરુષોને
પરોપકારરહિત અને પરોપકારસહિત થવાની બુદ્ધિથી
જે નમસ્કાર કરવામાં આવે છે તે ભાવનમસ્કાર છે.
તે ભાવનમસ્કાર પણ પાપપ્રણાશક અને મંગલવર્ધક છે.
તેમાં દુષ્કૃતગર્હા અને સુકૃતાનુમોદના રહેલા છે. તે
બંનેપૂર્વક આત્મભાવી પુરુષોની શરણાગતિ પણ રહેલી છે,
જે આત્મભાવને સુલભ બનાવે છે. નમસ્કાર મંત્રમાં
આત્મભાવ અને ધર્મભાવ ઉભય રહેલા હોવાથી
સર્વમંત્ર શિરોમણિતા રહેલી છે. નમસ્કાર મંત્રથી પાપનું
પ્રાયશ્ચિત, ધર્મનું બહુમાન અને આત્મભાવની પ્રાપ્તિ
થતી હોવાથી તે એક જ મંત્રમાં આત્મકલ્યાણની સિદ્ધિ
કરાવી આપનારા સર્વ અનુષ્ઠાનોનો સાર આવી જાય છે.

નમસ્કાર મંત્રનો જાપ અને તેના અર્થભાવના
સર્વ અંતરાયોનું નિવારણ - આત્મભાવનું કારણ થાય છે,
તેથી પાપભીરુ અને આત્માર્થી એવા સર્વ ભવ્યાત્માને
તેનું નિરંતર સ્મરણ એ કર્તવ્ય છે,
જે સાચા આનંદને આપનારું થાય છે ઉપરાંત
તેના જાપક અને અર્થ ભાવકને
હંમેશા માટે નિર્ભય અને નિશ્ચિંત બનાવે છે.

० सर्वे वैरविनिर्मुक्ताः परस्परहितैषिणः ।
स्वस्थाः शान्ताः समृद्धाश्च सर्वे सन्तु कृतोद्यमाः ॥१॥
सुखदुःखे मनःसंबंधनिबन्धने, न तु विषयसंपर्कजनिते ॥

(ભાષાંતર માટે જુઓ પરિશિષ્ટ-૧)

ઈશ્વરની ભક્તિથી પ્રાપ્ત થવાવાળી સમ્યગ્દૃષ્ટિ વિના
સાંસારિક વાસનાઓનો સંપૂર્ણ વિલય અસંભવ છે.
ગુણદૃષ્ટિ એ સમ્યક્ત્વ છે અને સમદૃષ્ટિ એ મોક્ષ છે.
ભક્તિ ત્યારે જ વધે, જ્યારે પુણ્ય-પુણ્ય એક થાય.

મનુષ્યનાં ઘણાં દુઃખો કલ્પિત હોય છે.
જે થઈ ગયું છે તેની અને જે હજુ બન્યું નથી,
મનુષ્ય તેની વધારે પડતી ચિંતા કરે છે.
શારીરિક પીડાથી થતું દુઃખ ચેતવણી માટે જરૂરી છે.

०

Joy is the daughter of calm.
It is not life and its difficulties you have to conquer, only the self in you.
Never hate anyone as a sinner. who knows he may sincerly repent at the last moment and God may accept his repentance & exalt him.

## શાસ્ત્રાભ્યાસથી જાણવા મળે છે કે...

જગત સુંદર છે તે ભોગ માટે નહિ,
પણ ભક્તિ માટે અથવા બોધપાઠ માટે.
સુખ અને આત્માનું સાચું સ્વરૂપ - બંને એક જ છે.
તમારી અંદર જુઓ, તમારી જ જાતને શોધો અને
એની અંદર રહેલા સનાતન સત્યનો સાક્ષાત્કાર કરો.
યોગના અભ્યાસની મદદથી તમારી અંદરની દુનિયામાં
પ્રવેશવાનો પ્રયાસ કરો. મનથી કદી હાર ન સ્વીકારો.
મન કરતાં આત્મા હંમેશા મોટો છે.
'અહં બ્રહ્માસ્મિ' એ નરી કલ્પના નહિ,
પણ સાચું જીવન છે.
પોતાની જાતના અભિમાનનો ત્યાગ, એ જ સાચો ત્યાગ.

## કરુણાના ૩ પ્રકાર

ઈશની કરુણામાંથી ભક્તિનો જન્મ થાય છે.
લોકકરુણામાંથી નીતિનો જન્મ થાય છે.
આત્મકરુણામાંથી અધ્યાત્મનો જન્મ થાય છે.
વિદ્યા સાથે કરુણા જોડાયેલી હોય તો જ તે ગુણકારી થાય.

°

*Turning to Him and resting in His presence make one secured.*

## નમો - નમસ્કાર મહામંત્રનું નઝરાણું

નમસ્કાર મહામંત્ર એ સિદ્ધમંત્ર છે.

એ મંત્રનું સ્મરણ કરવામાત્રથી

જન્મરાશિ ઉપર સંતોષપરિણામ જાગ્રત થાય છે, એ માટે સ્વતંત્ર અનુષ્ઠાન કે પુરશ્ચરણાદિ વિધિની જરૂર પડતી નથી.

નમો પદ વડે જેઓ અરિહંતાદિ પાંચનું સ્મરણ કરે છે, તેઓ આત્મસાક્ષાત્કાર કરીને સ્વરૂપમાં વિશ્રાંત થાય છે અને આત્મરાજરૂપ મહામોક્ષને પામે છે.

સ્તુતિ, સ્મૃતિ, ધ્યાન, દર્શન, સ્પર્શન, અનુભવન - બધા આમ નમો પદનાં જ પર્યાયવાચક પદો બને છે, તેથી નમોપદના ગ્રહણની સાથે જ સ્તવન, સ્મરણ, મનન, દર્શન નિદિધ્યાસન, સ્પર્શન અને આત્માનુભવનું ગ્રહણ થાય છે.

આત્માનુભવન એ જ અંતિમ ઉદ્દેશ પ્રયોજન છે.

जीयात् पुण्यांगजननी पालनी शोधनी च मे ।
हंसविश्रामकमलश्रीः सदेष्टनमस्कृतिः ॥ (પરિશિષ્ટ-૨)

નમો એ નામગ્રહણ અર્થમાં છે. નમો વડે અર્થભાવન થાય.

નમો આત્માને વિષે એકતાનતા ઉત્પન્ન કરે છે.

નમો સ્વસ્વરૂપનો સાક્ષાત્કાર કરાવે છે.

નમો એ આત્મામાં વિશ્રાન્તિ કરાવનાર થાય છે.

નમો આત્મા-પરમાત્મા સાથે અભેદભાવને ઉત્પન્ન કરે છે.

નમો એ સ્તુતિપરક, સ્મૃતિપરક તથા ધ્યાનપરક છે.
તે દર્શન - સ્પર્શન - એકાત્મતાનો લાભ કરાવનાર છે.
સ્તુતિ, સ્મૃતિ, ધ્યાન, દર્શન, સ્પર્શન અને અનુભવન
એ નમો પદના ગુહ્ય છે.

સ્તુતિ વડે નામગ્રહણ, સ્મૃતિ વડે અર્થભાવન અને
ધ્યાન વડે એકાગ્ર ચિન્તન થાય છે.
દર્શન વડે સાક્ષાત્કરણ, સ્પર્શન વડે વિશ્રાન્તિકરણ અને
અનુભવન વડે પ્રાપ્તિ થાય છે.

'નમો' એ નમનના અર્થમાં છે.
નમન એ દ્રવ્ય અને ભાવ - એમ બે પ્રકારનું છે.
દ્રવ્યનમન એ નામગ્રહણ વડે થાય છે અને
ભાવનમન અર્થભાવન, એકાગ્રચિન્તન, સાક્ષાત્કરણ,
વિશ્રાન્તિ અને પ્રાપ્તિ વડે થાય છે.

નવકારમંત્રના જાપથી જીવરાશિ ઉપર
સ્નેહનો પરિણામ પદે પદે વિકાસ પામે છે.
સ્નેહપરિણામનો સમગ્ર જીવરાશિ ઉપર વિકાસ એ
નમસ્કારમંત્રનું એકનું એક ફળ છે.
નમસ્કારમંત્રમાં રહેલા પાંચે પરમેષ્ઠિઓ
સમસ્ત સત્ત્વસમૂહ ઉપર સ્નેહના પરિણામથી ભરેલા છે.

પંચપરમેષ્ઠિનું સ્મરણ, સ્તવન અને નમન
સ્નેહપરિણામને ઉત્તરોત્તર વિકસાવે છે,
જીવરાશિ ઉપર સ્નેહનો પરિણામ એ
માર્ગાનુસારિપણાના પ્રથમ ગુણસ્થાનકથી માંડી
સમ્યક્ત્વ, દેશવિરતિ, સર્વવિરતિ આદિ
ઉપર ઉપરના ગુણસ્થાનકોએ વિકાસ પામતો જ જાય છે
અને તેનું અંતિમ પરિણામ સર્વ સંવરરૂપ
અયોગિકેવલિ નામના ચતુર્દશ ગુણસ્થાનકમાં આવે છે.
સ્નેહપરિણામ એ જ
ધર્મ છે, ધર્મનું ફળ છે અને ધર્મનું મૂળ છે.
અહિંસાદિ સર્વ ધર્મો તેનું જ પરિણામ છે.
વર્ણરૂપથી મંત્રમાં પરમાત્માનું અધિષ્ઠાન રહેલ છે.
વર્ણનો મનથી, મનનો વ્યક્તિગત પ્રાણથી અને
વ્યક્તિગત પ્રાણનો સમષ્ટિપ્રાણથી ઉત્તરોત્તર સંબંધ છે.
મનથી ઇચ્છા થાય છે, બુદ્ધિથી જ્ઞાન થાય છે તથા
પ્રાણથી ક્રિયા થાય છે.
એ જ શક્તિ ત્રણ રૂપે કાર્ય કરે છે.

Politeness is the art of choosing
among one's real thoughts.

## નમો + અરિહં + તાણં ના વિસ્તૃત અર્થ

| | | | | | |
|---|---|---|---|---|---|
| o | નમો | = | અપ્રતીત | = | શબ્દ |
| | અરિહં | = | અનિરાકૃત | = | અર્થ |
| | તાણં | = | અભીપ્સિત | = | લક્ષ્ય. |
| o | નમો | = | (મૂળદ્વાર) | = | મૂળદ્વાર |
| | અરિહં | = | પીઠ | = | નિધાન |
| | તાણં | = | આધાર | = | પાત્ર. |
| o | નમો | = | નાસ્તિકતાનો નાશ | = | નમ્રતા |
| | અરિહં | = | નિરાશાનો ત્યાગ | = | નિર્ભયતા |
| | તાણં | = | નિરુત્સાહતાનો અભાવ | = | નિશ્ચિંતતા. |
| o | નમો | = | મંગળ, પાપધ્વંસ | = | જ્ઞાન |
| | અરિહં | = | લોકોત્તમ, સુકૃતાનુમોદના | = | દર્શન |
| | તાણં | = | શરણ, આજ્ઞાપાલન | = | ચારિત્ર. |
| o | નમો | = | સ્તુતિ | = | નામગ્રહણ |
| | અરિહં | = | સ્મૃતિ | = | અર્થભાવન |
| | તાણં | = | ધ્યાન | = | અર્હદ્ભાવચિન્તન. |
| o | નમો | = | દર્શન | = | આંશિકસાક્ષાત્કાર |
| | અરિહં | = | સ્પર્શન | = | વિશ્રાંતિગમન |
| | તાણં | = | અનુભવન | = | પ્રાપ્તિ. |

o નમો = શબ્દ o નમો = ધ્યાતા
અરિહં = અર્થ  અરિહં = ધ્યેય
તાણં = જ્ઞાન.  તાણં = ધ્યાન.

o નમો = તત્ત્વરુચિ
અરિહં = તત્ત્વબોધ
તાણં = તત્ત્વપરિણતિ.

o નમો = નાદ = ત્રિમાત્રા
અરિહં = બિંદુ = અર્ધમાત્રા
તાણં = કલા = અમાત્રા.

o નમો = સામ = સૂક્ષ્મ
અરિહં = સમ = સૂક્ષ્મતર
તાણં = સમમ = સૂક્ષ્મતમ.

મંગલ - ઉત્તમ - શરણ

o નમો = મંગલ = જ્ઞાન
અરિહં = લોકોત્તમ = દર્શન
તાણં = શરણ = ચારિત્ર.

o નમો = જ્ઞાન, મંગલ અને દુરિતાપહાર
અરિહં = દર્શન, લોકોત્તમ, સુકૃતાનુમોદન
તાણં = ચારિત્ર, શરણ, આજ્ઞાપાલન.

0 નમો = મનોયોગ, જ્ઞાનગુણ, રાગાપહાર
અરિહં = વચોયોગ, દર્શનગુણ, દ્વેષાપહાર
તાણં = કાયયોગ, ચારિત્રગુણ, મોહાપહાર.

0 નમો = પંચમંગલ મહાશ્રુતસ્કંધ, જ્ઞાન
અરિહં = પરમેષ્ઠિ સ્તવ, પરમેષ્ઠિ દર્શન
તાણં = નમનક્રિયા, દ્રવ્ય - ભાવ સંકોચ, ચારિત્ર.

0 નમો = શુભપરિણામ, શુદ્ધાભિસંધિ, સદાશય ચિત્ત
સંકલ્પ, શુભમાનસ, શુભવૃત્તિ, શુભચિત્ત
અરિહં = ક્ષાંતિ-દયા, મૃદુતા-સત્યતા, ઋજુતા-અચોરતા
બ્રહ્મરતિ - મુક્તતા, માનસાવિધ્યા - નિરીહતા
તાણં = નિષ્પ્રકંપતા, શાંતિ, વરેણ્યતા, સમ્યગ્દર્શન
ચારુતા, વર્યતા, શુદ્ધતા અને પાપભીરુતા.

| | | | |
|---|---|---|---|
| 0 | જ્ઞાન | = | દુષ્કૃતગર્હા |
| | દર્શન | = | સુકૃતાનુમોદના |
| | ચારિત્ર | = | શરણાગમન. |
| 0 | દુષ્કૃતગર્હા | = | રાગદોષનું નિવારણ |
| | સુકૃતાનુમોદના | = | દ્વેષદોષનું નિવારણ |
| | શરણાગમન | = | મોહદોષનું નિવારણ. |

ह्रीँ ॐ नँ अर्हं नँ नँ अर्हं नँ ॐ ह्रीँ

○ 'નમો અરિહંતાણં' મંત્ર વડે
પંચમંગળમહાશ્રુતસ્કંધરૂપ શ્રુતનું આરાધન થાય.
પરમેષ્ઠિસ્તવ વડે દર્શનગુણનું આરાધન થાય.
નમનક્રિયા વડે ચારિત્રગુણનું આરાધન થાય.

○ દુષ્કૃતગર્હા = રાગ-દ્વેષનું નિવારણ થાય.
સુકૃતાનુમોદના = દ્વેષદોષનું નિવારણ થાય.
શરણાગમન = મોહદોષનું નિવારણ થાય.
રાગદોષ જન્ય વાતદોષનું શમન થાય.
દ્વેષદોષ જન્ય પિત્તદોષનું શમન થાય.
મોહદોષ જન્ય કફદોષનું શમન થાય.
વાત-પિત્ત-કફશમન વડે દ્રવ્યસ્વાસ્થ્ય પ્રાપ્ત થાય.
રાગ-દ્વેષ-મોહશમન વડે ભાવસ્વાસ્થ્ય પ્રાપ્ત થાય.

○ અરિહંતાદિ ચાર જ્ઞાનસ્વરૂપ છે.
અરિહંતાદિ ચાર દર્શનસ્વરૂપ છે.
અરિહંતાદિ ચાર ચારિત્રસ્વરૂપ છે.

○ ચાર મંગળ - જ્ઞાન.
ચાર લોકોત્તમ - દર્શન.
ચાર શરણ - ચારિત્ર.

ह्रीँ ॐ हँ अर्हँ हँ हँ अर्हँ हँ ॐ ह्रीँ

## ધર્મમંગળ

જ્ઞાનથી ધર્મમંગળ સમજાય, દર્શનથી ધર્મમંગળ સદ્દહાય છે
તથા ચારિત્રથી ધર્મમંગળ જીવાય છે.

જ્ઞાન પાપ - પુણ્યને સમજાવે છે.
દર્શન એ પાપની ગર્હા - પુણ્યની અનુમોદના કરાવે છે.
ચારિત્ર એ પાપનો પરિહાર તથા પુણ્યનું સેવન કરાવે છે.

## સનાતન ધર્મ અને મોક્ષ

મોક્ષ એ આધ્યાત્મિક સ્વતંત્રતા છે.
ધર્મનું પાલન એ આધિભૌતિક સ્વતંત્રતા છે.
અંતર્યામી આપણી સર્વ ક્રિયાઓનો સાક્ષી હોય છે અને
આપણામાં જેટલી વધારે ચિત્તશુદ્ધિ હોય તેટલા પ્રમાણમાં
આપણે અંતર્યામીની આજ્ઞાઓ સમજી શકીએ છીએ.
તે સમજ્યા પછી જીવન નિષ્કંટક બને છે,
સંદેહો ટળી જાય છે તથા દિવ્યદર્શનનો અનુભવ થાય છે.
૦ પ્રેમ એ પૂર્ણ પદાર્થ છે. પ્રેમ એ સંસારની અમરવેલ છે.
પ્રેમધર્મ સમાજને ધારણ કરી ઉન્નતિના માર્ગે લઈ જાય છે.
પ્રેમધર્મના ચાર પાયા = તપ, શૌચ, દયા અને સત્ય.
આ ચાર પાયાની આવશ્યકતા હંમેશા રહેતી હોવાથી
એ ધર્મને સનાતન ધર્મ કહ્યો છે.
ઋત, સત્ય અને સનાતનનો અર્થ એક જ છે.

ઋત એટલે સત્ય.

જે વસ્તુમાં કોઈ પણ પ્રકારનો ફેરફાર ન થાય,
તે સત્ય છે, તે ઋત છે, તે સનાતન છે.
સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર, તારા, ઋતુ, સંવત્સર આદિ
નિયમિત રીતે પોતપોતાનું કાર્ય કર્યા કરે છે.
તેમાં નિયમભંગ થતો નથી, તેથી તેને 'ઋત' કહેવાય છે.
મનુષ્યના હૃદયમાં પરમાત્મા રહેલો છે અને તે અંદર
રહીને તેનું નિયમન કરે છે, તેથી 'અંતર્યામી' કહેવાય.
અંતર્યામી આપણી સર્વ ક્રિયાઓનો સાક્ષી હોય છે.
જેની જેટલી વધારે ચિત્તશુદ્ધિ હોય,
તે તેટલા અંતર્યામીની આજ્ઞાઓ સમજી શકે છે અને
તેથી તેનું જીવન નિશ્ચિંત બને છે.
જીવનમાં જે મુશ્કેલીઓ આવે છે, તે જીવનમાર્ગને
રૂંધવા માટે નહિ પણ જીવનમાર્ગને ઘડવા માટે હોય છે.
આંખથી ખોટું જુઓ નહીં, કાનથી ખોટું સાંભળો નહીં
અને મુખથી ખોટું બોલો નહીં;
કેમકે આંખ, કાન તથા જીભ કુદરતની પરમ બક્ષિસો છે.
તેનો સદા ય સદુપયોગ કરવો એ ધર્મ છે.
તેનો દુરુપયોગ કરવો એ અધર્મ છે.

ધર્મ એવ હતો હન્તિ ધર્મો રક્ષતિ રક્ષિતઃ ।

વિશ્વને ધારણ કરનાર નિયમને 'ધર્મ' શબ્દથી સંબોધાય છે.
ધર્મના નિયમોનું પાલન કરવાથી માનવની બધી રીતે
રક્ષા થાય અને તેનું ઉલ્લંઘન કે અવહેલના કરવાથી
માનવ પોતાનો સર્વનાશ નોંતરે છે.

વ્યક્તિ અને સમાજ બંનેને આ નિયમ લાગુ પડે છે.

પૂજા - પાઠ - વ્રત - જપ - તપ એ સર્વ
સ્વયં ધર્મસ્વરૂપ નથી પણ ચિત્તશુદ્ધિનાં સાધનો છે.
મનને શુદ્ધ કરે, ત્યાં સુધી એનો સંબંધ ધર્મ સાથે છે.
રાગ અને પ્રેમની અવસ્થાને પ્રાપ્ત કરવામાં સહાય
કરવાનો તેનો હેતુ જળવાઈ રહે ત્યાં સુધી ધર્મ છે.
તેમાં ક્રોધ, દંભ કે દુરાગ્રહ પ્રવેશ કરે,
તો તે ધર્મ નથી પણ ધર્મની દુકાનદારી છે.
મત, પંથ કે સંપ્રદાય પણ સાધનરૂપ અથવા વિકાસમાં
સહાયરૂપ હોય ત્યાં સુધી ધર્મ છે, અન્યથા રોજગારી છે.

o

Depend not on the fleeting fortune of
the day. The Lord's feet alone are eternal.
Blessed am I, having seen
the Lord with my own eyes.

‘મૂળ કુગતિની આસક્તિ, કુટુંબ શરીર પાળ...
શિવગતિની સાહેલડી, આપે મંગળમાળ.’

ખરી શાણી તે છે કે જે ઈશ્વર સાથે પ્રેમ કરે છે.
જગત સાથે પ્રેમ કરવાથી આ જીવ દુઃખી થાય છે.

અણીના સમયે સંસારના જીવો દગો દે છે,

જ્યારે અણીના સમયે પરમાત્મા અવશ્ય સહાય કરે છે.
પરમાત્મા સાથે પ્રેમ કરવાથી એક દિવસ તે જરૂર સહાય કરશે, કારણકે બુદ્ધિબળ - શરીરબળ અને ધનબળની જ્યાં હાર થાય છે, ત્યાં પ્રેમબળની જીત થાય છે.
કેટલાક લોકો ધનથી પ્રભુસેવા કરે છે પણ મનથી નહિ.
પ્રભુની ભક્તિ તન, મન, ધન ત્રણેથી કરવી જોઈએ.

જન્મ એ ગુન્હો છે, મૃત્યુ તેની સજા છે.

ઈશ્વરપ્રણિધાનથી ઈશ્વરનો અનુગ્રહ પ્રાપ્ત થાય છે.

‘આ સાધકને સમાધિલાભ થાઓ’

એ પ્રકારના પ્રભુના સિદ્ધસંકલ્પરૂપ અનુગ્રહથી ઉપાયોના અધિમાત્ર પ્રયત્નાદિના અનુષ્ઠાન વિના પણ સમાધિ-લાભ થાય છે અને તેથી અચિરાત્ મોક્ષ પ્રાપ્ત થાય છે.

तमेवैकं जानथ आत्मानमन्या वाचो विमुंचथ ।

અર્થાત્: તે જ પરમ કારુણિક પ્રભુને તું જાણ,
તથા અન્ય સર્વ વાતને છોડી દે.

## ભગવાન કહે છે કે...

ધર્મોપલક્ષિત મોક્ષનાં સર્વ સાધનોને ત્યજીને
તન, મન વગેરેથી તું મને શરણ થા.
હું તને સર્વ પાપોપલક્ષિત ક્લેશોથી નિઃસંશય મુક્ત કરીશ
અહિં જીવન્મુક્તિ અને દેહમુક્તિ આપીશ.
સાધના સહજ અને સ્વયં નિયત હોવી જોઈએ.
સાધક જ્યારે પ્રભુમાં સર્વનું અને સર્વમાં પ્રભુનું
સાક્ષાત દર્શન કરે છે, ત્યારે તે મુક્ત થાય છે.
ધ્યેય સર્વના કલ્યાણનું હોવું જોઈએ કેમકે પ્રભુ સર્વમાં
રહેલા છે. સૂક્ષ્મ આધ્યાત્મિક યમ અને નિયમ દ્વારા
શિવ અને શક્તિનો યોગ આત્મામાં અનુભવવો જોઈએ.
સૂકી રેતીને સલિલ ગણવાથી તૃષા છીપતી નથી.
કાષ્ઠની પુતળીને મા કહેવાથી સ્તનપાન મળતું નથી.
રાફડાને ફટકારવાથી અંદર રહેલા સર્પને પીડા થતી નથી.
શબ્દમાં મસાલા ભરવાથી જીવ આવતો નથી.
આંધળાને ચશ્મા પહેરાવવાથી કે ઠુંઠાને હથિયાર આપવાથી
કાર્ય થતું નથી. નૈપુણ્યથી પુણ્ય વધતું નથી. છંદ અને
અલંકારથી શોભતું પણ મૂળમાં રસ વિનાનું કાવ્ય પ્રશંસા
પામતું નથી. કડછી રસોઈમાં ફરવાથી સ્વયં રસ પામતી નથી.

## સુખ - દુઃખ - પુણ્ય - પાપ

સાધકે પોતાના સુખ પ્રત્યે નિરપેક્ષ રહેવું પણ કર્તવ્ય કર્મ પ્રત્યે નહિ. કર્તવ્ય કર્મ કરતી વખતે સ્વસુખનો પરિત્યાગ કરવો પડે તો તે ખુશીથી કરવો. પારલૌકિક સુખનાં કારણભૂત પુણ્ય પ્રત્યે પણ નિરપેક્ષ રહેવું, કેમકે ક્ષીણે પુણ્યે मर्त्यलोकं विशन्ति। પુણ્યનો લોભ ઈશ્વરભક્તિ પ્રત્યે બેદરકારી બનાવે છે, તેથી ભક્તિમાં અંતરાયભૂત લોભ ત્યાજ્ય છે. પુણ્યની જેમ પાપ પ્રત્યે પણ નિરપેક્ષ રહેવું જોઈએ.

## બ્રહ્મનું સ્વરૂપ

તદ્વન = પ્રાણીમાત્ર માટે ઉપાસ્ય

તજ્જલાન્ = તત્ = બ્રહ્મ. જ = જન્મ, ઉત્પત્તિ.
લ = લય, વિનાશ. અન્ = સ્થિતિ.

વામની = કર્મફળોને પહોંચાડનાર.

ભામની = સર્વત્ર પ્રકાશ ફેલાવનાર.

વર્તની = વહ્નિમાર્ગને પવિત્ર કરનાર.

સ્વરાજ્ય = પોતાનું પોતાની ઉપર ચાલતું રાજ્ય.

પોતાનું નિયંત્રણ કરવાની શક્તિ પોતામાં આવે તેનું નામ સ્વરાજ્ય. राज्यान्ते नरकम्। स्वराज्ये स्वर्गम्। न त्वहं कामये राज्यं किन्तु स्वराज्यं ॥ (પરિશિષ્ટ-૩)

કોઈ એક પરમતત્ત્વની ચોક્કસ સ્થિતિ સ્વીકાર્યા વિના કેવળ દલીલો કે તર્કથી ક્યાંય પણ પહોંચી શકાતું નથી.

બધામાં રહીને બધાને નિયમમાં રાખે તે
અંતર્યામી અમૃત આત્મા છે.

ઓંકાર ઇદં સર્વમ્ ।

ઓંકાર = અ + ઉ + મ. તેમાં અ કાર વૈશ્વાનરરૂપ છે, ઉ કાર તૈજસરૂપ છે અને મ કાર એ પ્રાજ્ઞરૂપ છે. ચોથો પાદ આત્મારૂપ, આનંદમય અને અદ્વિતીય છે.

મનને જો ભગવાનના સ્વરૂપથી બળ મળતું હોય તથા નિર્ભયતા અને નિશ્ચિંતતા પ્રાપ્ત થતી હોય તો મને કૃતજ્ઞતાપૂર્વક ભગવાનને શરણે જવું જોઈએ અને રહેવાને માટે ત્યાં વિશ્રાંતિ લેવા પ્રયત્ન કરવો જોઈએ.

આંખ જે શક્તિથી જુએ છે,
તે શક્તિ જો આંખની નહિ પણ ભગવાનની હોય, તો આંખોએ કૃતજ્ઞતાપૂર્વક ભગવાનને જોતાં શીખવું જોઈએ.

હૃદયગુફામાં ધ્યાન કર્યા વિના ઈશનાં દર્શન દુર્લભ છે.

જે પદાર્થ અધિક સૂક્ષ્મ હોય, તે જ વ્યાપ્ત થઈ શકે.
પરમેશ્વર પરમસૂક્ષ્મ છે, તેથી તે બધે વ્યાપ્ત છે.
પરમેશ્વર નિરાકાર છે. નિરાકારને આકાર ન હોઈ શકે.

આકારને માનનાર નિરાકારને કેવી રીતે જાણી શકે?
દયાનંદની આ શંકા હતી તે નિર્મૂળ છે.
નિરાકારને જાણવાનું સાધન જોઈએ અને તે આકાર છે,
કેમકે મનનો તેવો જ ધર્મ છે કે
તે આકારથી જ નિરાકારને જાણી શકે.
રામ નિરાકાર છે પણ આકૃતિવાળા અક્ષરોથી જ તે
જાણી અને જણાવી શકાય છે.
સ્થૂળથી સૂક્ષ્મનું, આકારથી નિરાકારનું, મૂર્તથી અમૂર્તનું
અને રૂપથી અરૂપનું ભાન કરી શકાય છે.
અમૃતં તુ વિદ્યા । Knowledge is Nectar.

o

He who gives his assent or he who is ready to receive, receives the benefit of his grace. Sincerity is the first and essential condition. વીતરાગતા is a condition precedent, but Tirthankar is not only Vitaraga, He is much more than that Omniscient, Omnipotent, Omnipesent. પ્રકાશચૈતન્યઘનસ્થ। which is always prepared to give all good to all receipients.

મંગલં = વિઘ્નુપશમઃ | કલ્યાણં = સંપદુત્કર્ષઃ |
સર્વ મંગલ માંગલ્યં, સર્વ કલ્યાણ કારણમ્ |સ્ફુરિતઃ
સર્વ વિપત્તિઓનો ઉપશમ, સર્વ સંપત્તિઓનો ઉત્કર્ષ.
'હું સહુ કોઈને માટે છું' એ અહિંસા અને સમર્પણની
વૃત્તિનો માર્ગ છે. 'બધું મારા માટે છે' એ અહંભાવનો
પોષકમાર્ગ ઉપરાંત તે આપમતલબના માર્ગને બઢાવે છે.
રાગ ભસ્યા વિના ફૂંકી-ચાટીને બટકું ભરે છે, દ્વેષ
ભસીને બટકું ભરે છે તથા મોહ અંધારામાં રહીને
કરડ્યાં પછી પણ કરડનાર તરીકે ઓળખાતો નથી.
રાગ-દ્વેષમાં 'આ કૂતરો છે' એમ ખબર પડે, જ્યારે
મોહમાં તો 'આ કૂતરો છે' એમ માલુમ જ ન પડે.

મોહ કૂતરાને બકરું દેખાડે અથવા
સાપને દોરડું બનાવી તેને હાથમાં પકડાવે.
મોહ એટલે અજ્ઞાન, મિથ્યાજ્ઞાન, વિપર્યાસ,
મૂઢતા, મિથ્યામતિ, મિથ્યાત્વ, દુરાગ્રહ,
અસત્આગ્રહ, વ્યુદ્ગ્રાહ, વિપરીતગ્રહ.

અહિતને હિત તથા હિતને અહિત સમજાવે તે મોહ છે.
તેનો સ્વભાવ મદિરા જેવો છે.

પુષ્ટહેતુર્જિનેન્દ્રોઽયં મોક્ષસદ્ભાવસાધને |સ્ફુરિતઃ 'મોક્ષ છે'
એ વાત સિદ્ધ કરવા આ જિનેશ્વરભગવંત પુષ્ટ કારણ છે.

'હંસ' એટલે સાક્ષી તે વિશોક, અજર અને પુરાણ છે.
ઇન્દ્ર, હંસ, આત્મા - એ શબ્દો એકાર્થક છે. જીવ
અહંકારને કારણે પોતાનું જુદું અસ્તિત્વ સ્વીકારે છે.

સાચું કર્તુત્વ નિષ્કામ કર્મમાં છે.

સાચું ભોક્તૃત્વ પ્રશાંત મનમાં છે.

સાચું ત્યાગીપણું અધ્યાસના ત્યાગમાં છે.

જ્ઞાનચેતનામાં રાગ-દ્વેષનું કર્તૃત્વ નહિ, સુખદુઃખનું
ભોક્તૃત્વ નહિ અને અહં-મમનો અધ્યાસ પણ નહિ,
તેથી જ્ઞાનચેતનામાં સ્થિર થવું તે જ
મહાકર્તુત્વ, મહાભોક્તૃત્વ અને મહાત્યાગિત્વ છે.

વીતરાગતામાં કર્તુત્વ, ભોક્તૃત્વ અને પરપદાર્થોનું
સ્વામિત્વ રહેતું નહિ. કેવળ અનુગ્રહ-નિગ્રહ-કારકત્વ
અને સર્વજ્ઞત્વ-સર્વદર્શિત્વ અવશેષ રહેતું હોય છે.
ભક્તને અનુગ્રહ, અભક્તને નિગ્રહ અને
સર્વને ઉપયોગના વિષયત્વરૂપે પ્રવર્તાવે છે,
તેથી તે વિશ્વના પ્રભુ છે.

આત્મભાવયુક્ત પરસ્પર સહકારને 'ધર્મ' કહેવાય છે.

'ગાય' એટલે ઇંદ્રિય અને તેનું 'દૂધ' એટલે જ્ઞાન.

'ઋત' એટલે સત્ય અને તેના નિયમો.

# ૨૪ તીર્થંકરોની નિર્વાણભૂમિઓ

આદિનાથપ્રભુના ઉપદેશથી તથા વાર્ધકીરત્નની મદદથી ભરતચક્રવર્તીએ ભાવિ ૨૦ તીર્થંકરોના ૨૦ જિનમંદિરો સમ્મેતશિખરજી તીર્થ ઉપર બંધાવ્યાનો અધિકાર છે. શ્રી અજિતનાથ ભગવંતથી શ્રેયાંસનાથ પ્રભુ સુધી અને ૧૩મા શ્રી વિમલનાથ ભગવંતથી ૨૧મા શ્રી નમિનાથપ્રભુ સુધી તથા ૨૩મા શ્રી પાર્શ્વનાથપ્રભુ - આમ કુલ ૨૦ તીર્થંકરો સમ્મેતશિખરજી તીર્થ ઉપરથી મોક્ષે ગયા છે તથા શેષ ચાર તીર્થંકરો નીચેના તીર્થોમાં મોક્ષે ગયા છે:

| આદિનાથ | વાસુપૂજ્ય | નેમનાથ | મહાવીરસ્વામી |
|---|---|---|---|
| ૧ - | ૧૨ - | ૨૨ - | ૨૪ |
| અષ્ટાપદ | ચંપાપુરી | ઉજ્જયંત | પાવાપુરીજી. |

સર્વ તીર્થંકરો કહે છે કે...

અભિગ્રહથી ધર્મ સતતપણે જીવનમાં ટકે છે. તથાભવ્યત્વનો પરિપાક થવાથી બાહ્ય કારણો અનુકૂળ બની આવે છે તથાભવ્યત્વનો પરિપાક ચતુઃશરણગમનાદિ વડે થાય.

ભવરૂચિ એ મિથ્યાત્વનો જ એક પ્રકાર છે.

सरणं गउ चउओ रोगो किरिया विसंमि मंतो अ।
एए वि असुह(पाव)कम्मविक्कमभेया उ तत्तेणं ॥

(પરિશિષ્ટ-૪)

## જડદ્રવ્ય પ્રધાનતત્ત્વ કેમ?

ધર્માસ્તિકાયાદિ દ્રવ્યો પ્રેરક કારણો નહિ પણ
ઉદાસીન અને તટસ્થ કારણો છે.
પ્રેરક કારણ જડદ્રવ્ય છે, તેથી
તે બધા દ્રવ્યોમાં અને તત્ત્વોમાં પ્રધાન છે.
જડદ્રવ્ય ભલે ચક્રવર્તી જ નહિ પણ ત્રિલોકનાથ છે.
જીવો જ પોતાના વિભ્રમ અને વિકારોને
નષ્ટ કરી દઈને ત્રિલોકપૂજ્ય બને છે.
'आत्मा' संस्कृत, 'अप्पा' प्राकृत, 'आप' हिंदी शब्द है.
આત્માની વાત તે આપણી જ વાત છે.
પાંચ સમવાય એટલે પાંચે કારણોનો અનુકૂળ સંયોગ.
ભવ્યત્વ = યોગ્યત્વ. તથાભવ્યત્વ = વ્યક્તિગત યોગ્યતા.
તથાભવ્યત્વ એ બીજ છે.
બીજના સ્વભાવની વિચિત્રતા મુજબ વૃક્ષ ઉગે છે.
વિષય - કષાય - હિંસાના પ્રતિપક્ષી સાધનો ક્યા?
વૈરાગ્ય, ઉપશમ, અહિંસા, સત્યાદિ.
અનુબંધ એટલે કર્મના ઉદય વખતે નવા કર્મબંધની
પરંપરા ચલાવવાની શક્તિ. અનુમોદન વિવેકયુક્ત અને
જ્ઞાનપૂર્વક હોય તો આત્મામાં અખંડ શુભ અધ્યવસાયને
સાધી આપે છે. સતિ विवेके अखंड भावसिद्धेः ।

ઔષધિસેવનમાં ઔચિત્ય, સાતત્ય, સત્કાર, વિધિ અપેક્ષિત છે.
કર્મરોગને ટાળવા માટે તપક્રિયા છે.
મોહવિષનો નાશ કરવા માટે સ્વાધ્યાય-જાપ છે.
ભવભ્રમને નિવારવા માટે ગુરુનું શરણ પરમ ઉપાય છે.
નવકારમંત્રમાં પાંચ ગુરુઓનું પરમ શરણ છે.
અજ્ઞાન-મદ-માન વિષને નિવારવા માટે
પંચમંગલસૂત્રનો સ્વાધ્યાય છે અને અષ્ટકર્મ રોગનું
નિવારણ કરવા બાહ્ય-અભ્યંતર તપક્રિયાનું સેવન છે.
તેથી તે ક્રિયાયોગ છે.
સુખોપભોગથી ક્યારેય વાસનાની તૃપ્તિ થતી નથી,
કિંતુ ભોગ ભોગવવાથી તો વાસનાની વૃદ્ધિ થતી રહે છે.

## પ્રાર્થનાની પવિત્રતા

સ્તુતિ જ્ઞાનમૂલક છે, પ્રાર્થના કર્મમૂલક છે.
પ્રાર્થના એ માનવમનની ભાવનાનું જ બીજું રૂપ છે.
જે રીતે જ્ઞાનના પરા-અપરા એમ બે પ્રકાર છે,
તેમ ભાવનાના સકામ-નિષ્કામ એમ બે ભેદ છે.
જ્ઞાન ઈષ્ટાનિષ્ટ વિષયક છે, પ્રાર્થના વિધિનિષેધ વિષયક છે.
નિષ્કામ પ્રાર્થનામાં સદ્બુદ્ધિની યાચના છે, જે વડે વિશ્વ-
નિયમો સમજી શકાય, ઈશ્વરતત્ત્વને સમર્પણ કરી શકાય.

## બૌદ્ધ દર્શન પ્રમાણે ૪ આર્ય સત્યો

(૧) દુઃખ (૨) દુઃખ સમુદય (તૃષ્ણા) (૩) નિરોધ (નિર્વાણ)
(૪) પ્રતિપદા (આર્ય અષ્ટાંગ મધ્યમમાર્ગ).

આ ૪ સત્યોની જેમ પ્રાયશ્ચિત પણ શ્રેષ્ઠ સત્ય છે. અભિમાનપૂર્વક કરેલી હજારો તપશ્ચર્યાઓ કરતાં ય પાપની શુદ્ધિ માટે ઊંડી લાગણીપૂર્વક કરેલું એક પ્રાયશ્ચિત-પશ્ચાતાપ પણ શ્રેષ્ઠ છે. પશ્ચાતાપથી ચિત્તશુદ્ધિ થાય છે.
આમ પ્રાયશ્ચિત તે પારસમણિ છે.

o હું દુનિયાને અવેજમાં ઓછું એટલું આપી શકું કે જેટલું મેં એની પાસેથી લીધું છે, તો જ મને સંતોષ થશે.
- આઈન્સ્ટાઈન

o હે પ્રભો! મારા આત્માને હાનિકારક થાય એવું હું માગું તો પણ મને આપતો નહિ અને મારા આત્માને હિતકર થાય એવું હું ન માગું તો ય તું મને આપજે.
- સોક્રેટીસ

o પ્રજ્ઞા, શીલ અને સમાધિ એ અષ્ટાંગ યોગમાર્ગનું એક રહસ્ય છે તથા વિનયગુણ એ ત્રણેયનું મૂળ છે.

o

He enjoys riches most,
who needs them the least.

## શરણ - રક્ષા - શાંતિ

ન હ્યતશ્ચતુષ્ટયાદન્યચ્છરણમસ્તિ, ગુણાધિકસ્ય શરણત્વાત્ ગુણાધિકત્વેનૈવ તતો રક્ષોપપત્તેઃ, રક્ષા ચેહ તત્તત્સ્વભાવતયા એવાભિધાનતઃ ક્લિષ્ટકર્મ-વિગમેન શાન્તિરિતિ । તથા ચાઽર્ષમ્ -

વત્થુસહાવો એસો અઉવ્વચિંતામણિ મહાભાગો ।
થોઊણં તિત્થયરે પાવિજ્જઇ બોહિલાભુત્તિ ॥૧॥ (પરિશિષ્ટ-૫)

વસ્તુસ્વભાવના નિયમથી ધ્યાતા એવા અંતરાત્માને ધ્યેય રૂપ પરમાત્માના સમાપત્તિરૂપ ધ્યાનથી ક્લિષ્ટ કર્મનો વિગમ થવાથી જે શાંતિ મળે છે, તેનું જ નામ 'રક્ષા' છે.

ગુણબહુમાનનો પરિણામ અચિન્ત્ય શક્તિયુક્ત કહ્યો છે, તેમાં બે નય કાર્ય કરે છે: નિશ્ચયથી ગુણબહુમાનનો પરિણામ અને વ્યવહારથી બહુમાનનો વિષય - બન્ને મળીને કાર્યની સિદ્ધિ થાય છે એમ સિદ્ધાંત પક્ષ કહે છે. નયપક્ષ પોતપોતાના મતને મુખ્ય ગણે છે, તે જો સાપેક્ષ હોય તો સત્ય છે. નિરપેક્ષ નયો દુર્નય-નયાભાસ એકાંતવાદી છે. સર્વજ્ઞ અનેકાંતવાદ વિજયવંત છે.

૦ ન હ્યસંન્યસ્તસંકલ્પો યોગી ભવતિ કશ્ચન ।
શ્રદ્ધા - ભક્તિ - ધ્યાન - યોગાદવેહિ ।

श्रद्धावान् लभते ज्ञानं तत्परः संयतेन्द्रियः । श्रुति:
इंद्रियोना संयमपूर्वक श्रद्धा वडे ज्ञाननी प्राप्ति थाय छे.

नैषा तर्केण मतिरापनीया । श्रुति:

आ बुद्धि तर्क वडे प्राप्त करी शकाती नथी.

मनोनिरोधना ४ उपायो छे : प्राणायाम, नादानुसंधान, भ्रूमध्यदृष्टि अने सिद्धासनादिनो अभ्यास.

यथाभिमतध्यानाद्वा ।

संकल्पोना त्याग सिवाय कोईपण योगी थई शकातुं नथी.

योगी ते छे के...

जेनुं मन अडोल रहे छे, जेनी सर्व ग्रन्थिओ भेदाई गई छे, जेनुं मन स्वच्छ, अनुकूल, सहज समतानी अवस्थामां रहे छे, जेना संकल्प-विकल्प शान्त होय तथा वासनाओ क्षीण थई होय अने जेनुं मन तरल वायुवत् चिदाकाशे विलीन थई शकतुं होय. ते योगीनी बहारनी दुनिया गरीब छे, आंतरदुनिया सदाय समृद्ध छे.

यथा संकल्पयेद् योगी योगयुक्तो जितेन्द्रियः ।
तथा तत्तदवाप्नोति भाव एवात्र कारणम् ॥
योग शिखो० ५-५५

अर्थात्: योगयुक्त-जितेंद्रिय योगी जे जे संकल्प करे, ते ते

પ્રાપ્ત કરે છે, તેમાં ભાવ સહિત ધ્યાન એ જ કારણ છે.

अणिमादिकमैश्वर्यमचिरादेव जायते ।
मननात् प्राणनाच्चैव मद्रूपस्यावबोधनात् ॥
मन्त्रमित्युच्यते ब्रह्मन् मदधिष्ठानतोऽपि वा ॥

યોગ - શિ૦૨ - ૭/૮ (પરિશિષ્ટ-૬)

દેહાત્મબુદ્ધિ એ મોહ છે, સ્વરૂપસ્થિતિથી ચ્યુત થવું તે પ્રમાદ છે, સ્વરૂપસ્થિતિમાં રહેવું તે લાભ છે.

સંયમથી દેહાત્મસ્થિતિ ઘટે છે.

'મોહો મૃત્યુઃ સંમતો યઃ કવીનાં ।
પ્રમાદં વૈ મૃત્યુમહં બ્રવીમિ ।' (પરિશિષ્ટ-૭)

અસંયમ મરણ છે, સંયમ એ અમરણનો ઉપાય છે. વ્યાયામથી શરીરબળની જેમ સંયમથી આત્મબળ વધે છે.

°

Whatever comes in the way and
needs attention must be
considered as a duty.

Habits are automatic mental machines installed by man to exercise economy in the initial use of willpower & effort required to perform specific actions.

પોતાની જાતના રૂપાંતર માટે જો ઇચ્છા કે રૂચિ ન જાગે,
તેનું આત્મા પરિપક્વ થયું નથી.

०

सुकृतस्य सति विवेके निरंतरमाविर्भाविनोऽखंड
भावसिद्धेः परकृतानुमोदनरूपस्य । ललित:

પરના સુકૃતની અનુમોદના રૂપ સુકૃત અખંડિત શુભ ભાવનું કારણ હોવાથી જો વિવેક હોય તો અખંડિતપણે થઈ શકે છે, કારણકે વિશ્વમાં સુકૃત હંમેશા હોય છે. જ્યારે સ્વકીય સુકૃતનું કરણ કે કરાવણ અખંડિતપણે હોઈ શકતું નથી, માટે સ્વકીય કરણ તથા કરાવણ અખંડિત શુભ ભાવનું કારણ ન બની શકે. પરકૃત અનુમોદનરૂપ સુકૃત વિવેકવાળી દશામાં અખંડિત હોઈ શકે છે અને તે અખંડ શુભભાવનું કારણ પણ નિશ્ચિતપણે થઈ શકે છે.

०

One must assent for his own transformation, because freedom is the first law of creation. Seldom are men blessed with good fortune and good sense at the same time.

## श्रावकप्रज्ञप्ति प्रकरणम्

तित्थंकरभत्तीए सुसाहुजणपज्जुवासणाए य ।
उत्तरगुणसद्धाए अपमाओ होइ कायव्वो ॥१०५॥

પરમગુરુઓનો વિનય, ભાવસાધુની સેવા, ઉત્તરોત્તર અધિક-અધિક ગુણસ્થાનકની અભિલાષા એ બધાં શુદ્ધ ભાવ વર્ધની વૃદ્ધિના ઉપાયો છે, તેથી તેમાં અપ્રમાદ કરવો જોઈએ.

## Time, space & objectivity

અભિવ્યક્તિના પૂર્વાપર ક્રમને કાળ,
પ્રસારને દેશ યા અવકાશ તથા વિકસ્વરના
પરિણામ ક્રમને 'કાર્ય - કારણ શૃંખલા' કહે છે.

## માયાના અંગભૂત ૭ કંચુકનાં નામ

(૧) કાળ (૨) કળા (૩) નિયતિ (૪) અવિદ્યા (૫) રાગ
(૬) માયા (૭) પુરુષ

કળા = નામ - રૂપાત્મક વાચ્યવૈભવ માત્ર.
નિયતિ = પ્રાકૃતિક નિયમ. અવિદ્યા = પ્રપંચનું જ્ઞાન.
ઉપરના ૭ માયાકંચુકને 'પરા પ્રકૃતિ' પણ કહેવાય છે.

Concentration is the secret of strength in politics, in war, in trade, in short in all managment of human affairs.

ભૂતકાળનો અનુભવ નમ્રતાનું કારણ છે.
વર્તમાનકાળનો સંયમ નિર્ભયતાનું કારણ છે.
ભવિષ્યકાળની નિશ્ચિંતતા નિર્ભરતાજન્ય હોય છે.

પરમતત્ત્વ પ્રત્યે સમર્પણભાવ

એકલાનુ નમ્રતા અને ભજનભાનુ નિર્ભયતા લાવે છે
અને એ બેના પરિણામે નિશ્ચિંતતા અનુભવાય છે.

० દૃષ્ટિપૂતં ન્યસેત્ પાદં વસ્ત્રપૂતં જલં પિબેત્ ।
અર્થાત્: દૃષ્ટિથી પવિત્ર થયેલ સ્થાને પગલાંનું સ્થાપન
કરો અને વસ્ત્રથી પવિત્ર થયેલ પાણીને પીઓ.

०

The joy of a man is his kindness.
Sympathy is an act of reproducing
in our mind the feelings of another
to put us into another's shoes or
to get under his skin.
અર્થાત્ સહાનુભૂતિ એટલે અન્ય વ્યક્તિની
ભાવનાઓની પોતાના મનમાં પુનરુત્પત્તિની ક્રિયા.

Matter misplaced is dirt.
Faith, Hope and Love are the
3 jewels of modern times.

પ્રેમ અને વૈરાગ્ય તથા કોમળતા અને કઠોરતા
પરસ્પર વિરુદ્ધ હોવા છતાં
એક સ્થાને રહેલાં હોય છે, તો શોભે છે.
તેથી પરસ્પર વિરોધ નહિ પણ એક જ સિક્કાની
બે બાજુઓ છે. પ્રેમમાં જો વૈરાગ્યની માત્રા ન હોય,
તો તે મોહ યા આસક્તિરૂપ બની જાય છે.
વૈરાગ્ય પણ પ્રેમથી અનુરંજિત ન હોય તો
શુષ્ક બને છે, હૃદયને વેરાન - બનાવી દે છે.
વૈરાગ્ય એ તો આત્મનો હિતાય જગતઃ સુખાય ચ।
હોવો જોઈએ. સર્વભૂત હૃદયમ્ વૈરાગ્યની નિશાની છે.
ઉપવાસ = મનથી પ્રભુના ચરણની નિકટ વાસ કરવો.
એકાદશ = ૫ જ્ઞાનેન્દ્રિય, ૫ કર્મેન્દ્રિય અને ૧૧મું મન-
એ સર્વને પવિત્ર કરવાનો દિવસ.
એક આંખથી જે જગતને દેખે છે, તે સમતાને અનુભવે છે.
જે બે આંખથી જગતને જુએ છે, તે વિષમતા અનુભવે.
એક આંખથી જોવું એટલે
જે આંખે પોતાની જાતને જુએ, તે આંખે જગતને જોવું.
તે સમતા પામવાનો એક નો એક માર્ગ છે.

o

To see with single eye only.

## શ્રાવકપ્રજ્ઞપ્તિ પ્રકરણ ગાથા ૩૬૬ - ૩૭૫

### ધર્મક્રિયામાં સંઘનું પ્રણિધાન:

ચતુર્વિધ સંઘનું પ્રણિધાન તે વિનય તથા કૃતજ્ઞતા આદિ ગુણોનું સૂચક છે. વ્યક્તિની આરાધના કરતાં સંઘની આરાધનાનું મહત્ત્વ વધારે છે તથા સંઘમાં પડતો વિક્ષેપ એ ઘણા આત્માઓને વિરાધકભાવ રૂપ બને છે.

પાક્ષિકાદિ પ્રતિક્રમણમાં ચાર ખામણા પૈકી ત્રીજા ખામણામાં સંઘ પ્રણિધાનની સામાચારી ગુંથાયેલી છે.

વિહારમાં આવતાં નવાં નવાં ચૈત્યો વગેરેની યાત્રામાં પ્રથમ સંઘ વતી યાત્રા કરવી અર્થાત્ સંઘનું પ્રણિધાન કરી યાત્રા કરાવવી અને પછી પોતાની વતી વંદન કરવું.

સમયના અભાવે સંઘના પ્રણિધાનપૂર્વક પોતે વંદન કરવું અને જ્યારે જ્યારે સંઘનું મિલન થાય, ત્યારે ત્યારે એ વંદન કર્યાનું જણાવવું.

સામા પક્ષે પણ એ સાંભળી અનુમોદના કરવી અને બહુમાનપૂર્વક તેને અનુમોદન આપવું.

ઉભય પક્ષવાળા સ્વકર્તવ્ય ચૂકે તો વિરાધકભાવ પામે.

પોતાના ભાગમાં આવેલ કુશળ કર્મમાં પ્રમાદ અથવા બેદરકારી બતાવ્યાનું પ્રાયશ્ચિત આવે.

એક જ મધુરાઈથી માનવહૃદયમાં કૃષ્ણ અને
કંસ કે રામ અને કામ - એક સાથે રહી શકે નહિ.
વિષયાનંદ હોય, ત્યાં બ્રહ્માનંદ આવે નહિ અને
જ્યાં બ્રહ્માનંદ હોય, ત્યાં વિષયાનંદ સંભવે નહિ.

તુલસીદાસજીએ કહ્યું છે કે:

જહાં કામ તહાં રામ નહિં, જહાં રામ તહાં નહિં કામ,
તુલસી દોનું નવ રહે, રવિ - રજની એક ઠામ.

°

Instinctively in our inborn ingnorance we act motivated by our ego and ego-centric desires.

Naturally the way out from this non-stop vicious cirle of ego-motivaed actions, which create vasanas, is the path of right action. God dedicated selfless action performed in a spirit of devotion and self surrender exchaust the excisting vasanas and does not create any more tragic impressions which in their turn would order fresh fields of activities.

વિરહ એ વિશિષ્ટ યોગ કઈ રીતે ?

વિરહ વગર તન્મયતા થતી નથી.

વિરહ વગર ધ્યાનમાં એકાગ્રતા આવતી નથી અને ધ્યાન વગર પ્રભુનો સાક્ષાત્કાર શક્ય બનતો નથી. વિરહમાં જ સાધકનો પ્રેમ વધુ પુષ્ટ બનતો હોવાથી વિરહની અવસ્થા એ વિશિષ્ટ યોગ છે.

ભોગવૃત્તિનું ભક્તિકરણ કરવું એ ઉદાત્તીકરણ છે. એથી મન, બુદ્ધિ, પાંચે ઇંદ્રિયો અને અહંકાર-મુક્તિ તરફ વળે છે.

અંશને ભૂલવાથી મુક્તિની પ્રાપ્તિ થાય છે.

મુક્તિની પ્રાપ્તિનો ઉપાય તપશ્ચર્યા અને ભક્તિ છે.

ભૂખ લાગવી અને ભિક્ષા કરવું તે દેહનો સ્વભાવ છે.

ભૂખ્યાને ભિક્ષા કરાવીને પછી જમવું તે આત્મધર્મ છે.

પરમાત્માનો સ્વભાવ આપવાનો જ છે.

જે આપવાનું શીખે છે, તે મુક્ત બને છે.

માગવાનું શીખે છે, તે અમુક્ત અને અશુદ્ધ જ રહે છે.

જે પોતાની જાતને મુક્ત બૂઝે છે, તે બધાને પોતા સમાન બનવા માટે હંમેશા પ્રેરણા આપ્યા જ કરે છે.

o

world peace through personal purification.

They say that Lift your living level.
A hand that gives never finds want.
your world reads you like a book & it always responds to any permanent change in your self-picture.
Always believe that...
I am a life-giving principle or Spirit and I joyously stimulate my mind, heart and relationships to higher and more loving levels of giving.
you cannot succeed by willpower alone. your need is not great will but willingness - the willingness to let God's will of wholeness be done in and through you. you can be healed, you can overcome, the Spirit is willing. And... when it manifests, it is an act of God.

## નવમું લોભ અને અઢારમું મિથ્યાત્વશલ્ય પાપ

નવકારથી નવમું પાપસ્થાન લોભ
અને અઢારમું મિથ્યાત્વશલ્ય નાશ પામે છે,
નવકાર એ દુન્યવી લોભનો શત્રુ છે તથા
મુક્તિસુખનો લોભ પેદા કરે છે.

નવકાર એ પાપમાં પાપબુદ્ધિ અને પુણ્યમાં ધર્મબુદ્ધિ પેદા કરનાર હોવાથી મિથ્યાત્વશલ્યનો નાશક છે. મિથ્યાત્વશલ્યરૂપી જડતાનો ઉચ્છેદ કરનાર નવકાર શુદ્ધ દેવ - ગુરુ - ધર્મ ઉપર સાચો પ્રેમ જગાડે છે. એ પ્રેમમાં જડતાનો છેદ - ચૈતન્યસુખની ઉત્પત્તિ થાય. શુદ્ધ આત્મસ્વરૂપ એ અનંત આનંદ, વીર્ય અને અનંત જ્ઞાન તથા દર્શનથી ભરપૂર છે.

પંચપરમેષ્ઠિઓએ પાંચ વિષયો ત્યજ્યા છે અને ચાર કષાયોને જીત્યા છે. પાંચ આશ્રવો અને પંચમહાવ્રતોમય જીવન બનાવ્યું છે. આઠ પ્રવચન માતા અને અઢાર હજાર શીલાંગ રથ પર આરૂઢ થયા છે.

ઉદારદિલવાળાની બુદ્ધિ ઉપેક્ષાબુદ્ધિનો નાશ કરે છે.
દોષનું અદર્શન અને ગુણદર્શનની પ્રક્રિયા એ
અહિંસાનું જ સ્વરૂપ છે.

## જૈનધર્મના મૂળ અને મુખ્ય સિદ્ધાંતો

(૧) સમતા - ઉપશમ (૨) સંયમ (૩) તપ (૪) કર્મવાદ
(૫) પુરૂષાર્થવાદ અકૃત્રિમ જગત અકર્તૃત્વવાદ
(૬) સ્યાદ્વાદ - નિષ્પક્ષપાતતા - સાપેક્ષવાદ - સમન્વયવાદ
(૭) અહિંસા - સત્ય - અસ્તેય - બ્રહ્મચર્ય - અપરિગ્રહ

ઉપરોક્ત ૭ સિદ્ધાંતોના પાયા ઉપર જ જૈનદર્શની સ્થાપના થઈ છે. આ દરેક સિદ્ધાંતો મહત્ત્વના છે.

અહિંસાનો સિદ્ધાંત સમરસતાને જન્મ આપે છે.
અપરિગ્રહનો સિદ્ધાંત સરસતાને જન્મ આપે છે.
અનેકાન્તનો સિદ્ધાંત મધુરતાને જન્મ આપે છે.

o

Attention should be kept not on happiness but on performing our duties without attachments.

Truth means inclination of the mind towards God.

God opens all ways where human sense there seems to be no way.

All things confirm to the right thing.

The greatest revelation is stillness.

## અર્હદ્‌ભક્તિ - નમસ્કૃતિ

ભાવમંગલનું સાચું ધ્યેય અર્હદ્‌ભક્તિ છે.
એ અર્હદ્‌ભક્તિનું મુખ્ય સાધન નમસ્કૃતિ છે.
નમસ્કાર એ વિવેકજ્ઞાનનું ફળ છે.
વિવેકજ્ઞાન એ સમાહિત ચિત્તનું પરિણામ છે.
વિવેકી મન મુક્તિપરાયણ બને, તેથી વિવેક વધે છે.
વિવેકમાં વૃદ્ધિ થવી તે સમાહિત ચિત્તનું ફળ છે.
સમાહિત ચિત્ત એ ઈશ્વરપ્રણિધાનનું ફળ છે.
ઈશ્વરપ્રણિધાન નામગ્રહણ વડે થાય છે, તેથી
નામગ્રહણ એ સકલ કલ્યાણની પરંપરાનું કારણ છે.
ઈશ્વરનો સંકલ્પ એ ભક્ત તથા લોકોનું કલ્યાણ કરે છે.
ઈશ્વરનો સંકલ્પ છે કે 'વિશ્વમાત્રનું કલ્યાણ થાઓ'
તેથી પ્રભુનું નામગ્રહણ ચિત્તને સમાધિવાળું કરે છે.
સમાહિત ચિત્તમાં વિવેક સ્ફુરે છે.
વિવેકી ચિત્તમાં અર્હદ્‌ભક્તિની ભાવના પ્રગટે છે.
અર્હદ્‌ભક્તિની ભાવનામાંથી નમસ્કૃતિ અને
નમસ્કૃતિ વડે સાક્ષાત્ પૂર્ણ અર્હદ્‌ભક્તિ થાય છે.
अ + र + ह + म् = अर्हं. 'अ'નું સ્થાન કંઠમાં છે,
'र'નું સ્થાન બ્રહ્મરન્ધ્રમાં છે, 'ह'નું સ્થાન હૃદયમાં છે
અને 'બિન્દુ'નું સ્થાન નાસાગ્ર સ્થાનમાં રહેલું છે.

चरणकरणप्पहाणा ससमयपरसमयमुक्कवावारा ।
चरणकरणस्स सारं णिच्छयसुद्धं ण जाणंति ॥
- सम्मति तर्क, ३ - ६७

સૂક્તિ: ચારિત્રની પ્રવૃત્તિ જ્ઞાન વિના અસંભવ છે.
જ્ઞાનપ્રધાનની પ્રવૃત્તિ ચારિત્રના અભાવમાં નહિ,
પરન્તુ બંનેની સમષ્ટિમાં જ પ્રવૃત્તિ છે.

જેને સમ્યગ્જ્ઞાન થયું છે, તે કદી મિથ્યાચરણ ન કરે તથા પૂર્ણ જ્ઞાન વિના ચારિત્રગુણ આવી શકતો નહિ.

તત્ત્વતઃ કોઈને હીન અને કોઈને અધિક સમજવો તે માનસિક હિંસાનો જ એક પ્રકાર છે.

આદેશ અને ઉપદેશ મનને તેટલા પ્રભાવિત કરી શકતા નહિ, જેટલો નિર્દેશ કરી શકે. કોઈ ચીજનો નિષેધ કરવાથી તેના પ્રત્યે વિરક્તિ પેદા કરી શકાતી નહિ. કોઈ અસદ્વસ્તુનો નિષેધ કરવો હોય તો કોઈ સદ્વસ્તુ પર મનને ટકાવવાથી અસતથી મન આપોઆપ હટી જાય છે.

કુદરત તમારી ઇચ્છાને આધીન નહિ થાય,
તમારે જ તેના નિયમો સ્વીકારવા પડશે.

દુઃખને સુખ સમજતાં શીખવું જોઇએ.
સુખને સુખ સમજવા શીખવા જેવું શું છે?

એક દુઃખ બીજા પ્રકારના દુઃખને
ઉત્પન્ન કરીને જ નષ્ટ કરી શકાય છે.

દુઃખ દુઃખનું મારણ છે, સુખ - દુઃખનું કારણ છે.
દુઃખ આશીર્વાદ છે, સુખ શાપરૂપ છે. એ તત્ત્વ છે.

વિચાર એ સ્થિરતા અને શાંતિ આપે છે.
લાગણી એ આઘાત અને અશાંતિ જન્માવે છે.
પરમાત્મા એ પરમ કારણ તથા અંતિમ અસ્તિત્વ છે.

## ત્રણેમાં શું ફેર ?

(१) સંખ્યામાં કરી શકાય, તે <u>સંખ્યાત</u>.
(२) સંખ્યાથી નહિ પણ ઉપમાથી કરી શકાય તે <u>અસંખ્યાત</u>.
(3) સંખ્યા તથા ઉપમા બંનેથી ન કરી શકાય તે <u>અનંત</u>.

## વસ્તુના છ સ્વભાવ

(1) અસ્તિત્વ : આવિર્ભાવ - તિરોભાવ.
(2) વસ્તુત્વ : અર્થક્રિયત્વ.
(3) દ્રવ્યત્વ : ગુણપર્યાયાધારત્વ.
(4) પ્રમેયત્વ : પ્રમાણ વિષયત્વ.
(5) સત્વ : ઉત્પાદ - વ્યય - ધ્રૌવ્યયુક્તત્વ.
(6) અગુરુલઘુત્વ : વૃદ્ધિ - હાનિ થવા છતાં અવિચ્યુતિત્વ.

વસ્તુના છ સ્વભાવ આ રીતે શાસ્ત્રોમાં સમજાવ્યા છે.

## આગમોએ કોને ગુરુ માન્યા છે?

परोपकारनिरतो जपपूजादितत्परः ।
योगमार्गार्थसद्ध्यायी देवताहृदयंगमः ॥
इत्यादि गुणसंपन्नो गुरुरागमसंमतः ॥

જે પરોપકારમાં રક્ત હોય, પૂજાદિકમાં તત્પર હોય,
યોગમાર્ગની સિદ્ધિ માટે સદ્ધ્યાન કરનાર હોય,
જેના હૃદયમાં ઉપાસ્યદેવ રમી રહેલ હોય, આવા
ગુણોથી સંપન્ન હોય, તેને આગમોએ 'ગુરુ' માન્યા છે.

शान्तो विनीतः शुद्धात्मा श्रद्धावान् धारणाक्षमः ।
समर्थश्च कुलीनश्च प्राज्ञः सच्चरितो यतः ॥ (પરિશિષ્ટ-૮)

ગુરુ-શિષ્ય સમભાવાપન્ન તથા સમહૃદયી રહે,
ત્યારે જ તે વિદ્યા આત્મવિદ્યા બને.
બેઉનો ક્રમ થાય ત્યારે મોક્ષ થાય છે.

माता रात्रिः समाख्याता पिता दिवस एव च ।
क्रमयोरेकतां मत्वा सिद्धो भवति नाऽन्यथा ॥

પ્રકૃતિઃ દિવસરૂપી પિતા પાસેથી તાપ અને જ્યોતિ તથા
રાત્રિરૂપી માતા પાસેથી પ્રેમ અને શાંતિ લેવાની છે.
બંને અંકુરણને પોષક અને પૂરક છે,
એ પ્રકારનું ક્રમિક સિદ્ધિનું કારણ બને છે.

पवित्रं सकलं मद्ये वासना चेदकुत्सिता ।

અનુદિત: જો વાસના શુદ્ધ હોય તો બધું જ શુદ્ધ જણાવું.
શુભેચ્છા અને કલ્યાણભાવના સ્પર્શમણિની માફક
કુત્સિત વસ્તુને પણ શુદ્ધ, સુંદર અને નિર્મળ કરે છે.

શરીરના ભોગમાં વૈરાગ્ય અને
પ્રભુની સેવામાં અનુરાગ એ શુદ્ધ વાસના છે.
જે મન જાણે છે કે પોતે કશું જાણતું નથી તથા
જે પોતાના અભાવ વિષે સંપૂર્ણ સભાન છે,
માત્ર આવું મન જ ખરી શાંતિ અનુભવી શકે છે.
એને જ બૌદ્ધો mindfulness કહે છે અને
ચિંતક કૃષ્ણમૂર્તિ awareness કહે છે.

ગુણ - અવગુણથી ઊંચ - નીચપણું

નીચન સે ઊંચ હોત હૈ, હોત ઊંચ સે નીચ,
દીપક પર કાજલ પડે, કમલ હોઈ હૈ કીચ.

કાદવમાંથી કમળ અને દીપકમાંથી કાજળ એટલે
ઊંચ અને નીચપણું પોતાના ગુણ - અવગુણથી થાય છે.
કાદવમાંથી કમળ અને દીપકમાંથી જ કાજળ થઈ શકે છે.

मन्त्राक्षराणि चित्तवत्तौ प्रोतानि परिभावयेत् ।

અનુદિત: મંત્રાક્ષરોને ચિત્તશક્તિમાં પરોવાયેલા ભાળવા.

૦ મંત્ર વિના મન સુધરતું નથી. મનને સુધારવાનો
ઉપાય સતત મંત્રજાપ છે. જેમ યંત્રથી પાણી ઉપર ચડે છે,
તેમ મંત્રથી મન ઉપર ચડે છે.

ભક્તિમાર્ગ પ્રેમનું સ્વરૂપ છે.

ભક્તિમાર્ગમાં સમર્પણ જ મુખ્ય છે.

નિઃસ્વાર્થ ભાવે પ્રેમ કરવો તેનું નામ સમર્પણ છે.

ભક્તિની જાહેરાત નિષ્ફળ જાય છે,
શુદ્ધ અને સાચી ભક્તિ એકાંતમાં થાય છે.

<u>સાપેક્ષં સત્યં । નિરપેક્ષમસત્યં ।</u>

સર્વં क्षणिकं क्षणिकं સર્વં દુઃખં દુઃખમ્
સર્વં સ્વલક્ષણમ્ સ્વલક્ષણમ્ । સર્વં अनात्तं अनात्तं ।

(૧) સઘળું ક્ષણિક અને દુઃખરૂપ છે.
(૨) ક્ષણિક પદાર્થની તૃષ્ણા જ દુઃખોનું કારણ છે.
(3) તૃષ્ણાનો નાશ થતાં દુઃખનો નાશ થાય છે.
(૪) અષ્ટાંગ અને રાગ-દ્વેષની સર્વથા નિવૃત્તિ થતાં
નિર્વાણ પ્રાપ્ત થાય છે. અનેકાંત, અહિંસા અને
સ્યાદ્વાદ મોક્ષમાર્ગ છે. એક જ વસ્તુ, સ્થળ, કાળ અને
અવસ્થાભેદે વિરુદ્ધ અથવા સમાન ગુણવાળી હોય છે.
નિરપેક્ષ નિરૂપણ અસત્ય છે.

## સેવા સ્વામીની કે સેવકની?

'આશા દાસી કે જે જાયા, તે જન જગ કે દાસા,
આશા દાસી કરે જે નાયક, લાયક અનુભવ પ્યાસા.'

આત્મા એ સ્વામી, મન એ તેનો સેવક છે.
ઇંદ્રિયો એ મનની દાસી છે. મોહ - મદિરામત્ત જીવો
પોતાના સેવકની સેવિકાના પણ સેવક બનેલા રહ્યા છે.
તેવાની સેવાથી 'પોતાની આશા પુરી થશે' એમ માનનાર
ભ્રાન્ત છે. તેથી સેવા સેવકની નહિ પણ સ્વામીની જ
કરવી. સ્વામીની સેવા જ સેવકના કાર્યની સિદ્ધિ કરે.
સ્વામી તો એક નિત્ય-સનાતન શુદ્ધ આત્મા જ છે.

તેને છોડીને બાકી બધી વસ્તુની સેવા
સ્વામી બનાવનારી નહિ પણ સેવક બનાવનારી છે.

જો સેવક જ સ્વામીની સેવાની અપેક્ષા રાખે,
તો તેવા પરાશ્રિત સેવકની સેવા કરીને પોતાના ઇચ્છિત
અર્થની પ્રાપ્તિની આશા કરનારો સ્વામી કેવી રીતે થાય?

સેવકે સ્વામીની સેવા કરવી જોઇએ,
નહિ કે સેવકની કે સેવકના પણ સેવકની
કે સેવકના સેવકના પણ સેવકની.

જગતની સેવા દાસની સેવા એથી દાસ બનાવનારી છે.

આત્માની સેવા એ સાચા સ્વામીની સેવા હોવાથી નાયક બનાવનારી છે. નાયક થવાને લાયક બનાવનાર સનાતન આત્મસ્વામીની સેવા તજીને જગની સેવા કરવી, તે નાલાયક બનાવનારી છે.

<u>મિત્રના લક્ષણ</u>

સમાન ધ્યેય તથા સમાન રુચિવાળા, આપણામાં પોતાને જોતા અને આપણને પોતામાં જોવાની પ્રેરણા આપતા સખા સર્વદા દુર્લભ છે.

pioneer = અગ્રણી, પ્રવર્તક, મિત્ર.

ઉતી = ઉત્કંઠા, આપત્તિનો ખટકો.

શચિષ્ઠા = પ્રશ્ન, મુશ્કેલી અને તેના ઉપાયનું જ્ઞાન.

વૃત = વર્તન, તે ઉપાયનો અમલ.

જ્યાંસુધી પ્રશ્ન ન જન્મે એવા જ્ઞાનના અને જે વર્તનમાં ન પરિણમે એવા પ્રશ્ન શા કામના?

આ દુનિયામાં શૂર, પંડિત, ધનાઢ્ય તથા દાતાર ઘણા હોય, પરંતુ દુઃખીઓનું દુઃખ જોઈને જેનું મન કરુણા વડે દ્રવિત થાય તેવા સત્પુરુષો વિરલ હોય છે. - <u>હેમચંદ્રસૂરિજી</u>

o

If you wish to fear nothing, then consider that everything is to be feared.

## શરણાગતિ મોક્ષનું અનન્ય કારણ

મંગળ જ્ઞાનમય છે. લોકોત્તમતાની શ્રદ્ધા સમ્યગ્દર્શન સ્વરૂપ છે. શરણપણું સમ્યક્ચારિત્ર ગુણને ઉત્તેજક છે. શરણાગમન વડે દુષ્કૃતગર્હાનો પરિણામ જાગે. આંતરિક દુષ્કૃતગર્હા જ સુકૃતની સાચી અનુમોદના કરાવે છે. અરિહંતાદિ ૪ મંગળરૂપ, લોકોત્તમસ્વરૂપ, શરણદાયક છે.

શરણદાયક છે માટે લોકોત્તમ છે.
લોકોત્તમ છે માટે મંગળરૂપ છે.
મંગળરૂપ છે માટે લોકોત્તમ છે.
લોકોત્તમ છે માટે શરણ્ય છે.
શરણ આપવામાં તત્પર છે માટે લોકોત્તમ છે.
લોકોત્તમ છે માટે મંગળ છે.
મંગળ છે એમ જાણવું તે જ્ઞાન છે.
લોકોત્તમ છે એમ જાણવું તે શ્રદ્ધારૂપ છે.
શરણ્ય છે એમ જાણવું તે ચારિત્ર છે.

ચારિત્ર આજ્ઞાપાલનરૂપ છે. આજ્ઞાપાલન શરણરૂપ છે. શરણ શ્રદ્ધા માંગે છે અને શ્રદ્ધા જ્ઞાન માંગે છે. જ્ઞાનથી શ્રદ્ધા અને શ્રદ્ધાથી શરણની પ્રાપ્તિ થાય છે.

શરણાગતિ મોક્ષનું અનન્ય કારણ છે.

Ajapagapa is the development of everyone's inner awareness.

અજપાજપ = ચક્રાનુસંધાન. ચિદાકાશ ધારણા = contemplation on the inner space.

યોગનિદ્રા = psychic sleep. પંચતત્વ ધારણા = concentration on psychic elements.

ક્રિયાયોગ = કુંડલિની યોગ psychic awareness.

નાદયોગ = The Yoga of psychic sound Om, inner voice. લયયોગ = Rhythm Yoga.

ત્રાટકયોગ = The Yoga of physic vision.

લિખિત જપ = Writting of occult syllables or drawing symbols.

અંતર્મૌન = Inner silence, self-enquiry, self-investigation.

∘

Namo = Turning towards the Divine, receptiveness to Divinity, gratefulness, acceptance of the blessings in tune with the infinite.

## નમ્રતા - નિર્ભયતા - નિખિન્નતા

નમ્ર જીવ નિર્ભય બને છે, ભક્ત જીવ નિર્વેર બને છે
અને વાત્સલ્યવાન જીવ ખેદરહિત બને છે.
નમો = નિર્ભયતા, અરિહં = નિર્વેરતા, તાણં = અખેદિતા.

નિર્ભયતાદિ ગુણોના કારણે જીવ બીજા વડે
પીડા પામે તો પણ તેનું જીવન કૃતાર્થ થાય છે.
ધૂપ જેમ બળીને પણ બીજાને સુવાસ આપે છે, તેમ
નિર્ભયતાદિ ગુણવાળા જીવો બીજાથી પીડા પામે,
તો પણ ગુણોની સુવાસને ફેલાવનારા થાય છે.

જ્યાં ભય છે, ત્યાં અવિશ્વાસ તથા ઉદ્વેગ સતત હોય છે.
જ્યાં ભય નથી, ત્યાં બીજા પ્રત્યે અવિશ્વાસ કે દ્વેષ
હોતો નથી અને જ્યાં એ બે હોતા નથી, ત્યાં
ઉદ્વેગ કે કંટાળાની લાગણી પણ હોતી નથી.

0 પોતા માટેની કરુણા તે દીનતા છે.
બીજા માટેની કરુણા તે ઉદારતા છે.
પ્રભુવિમુખ જીવન એ અધઃપતિત જીવન છે.
ભગવાન શરીરમાં જીવતા બેઠા છે,
છતાં અજ્ઞાની જીવ અજ્ઞાનના કારણે
દીનતા, લાચારી અને નબળાઈનો મિથ્યા અનુભવ કરે છે.

## આગમવૃત્તિ વધારીએ (અને) માયાથી મુક્તિ

દયા જ્યારે શક્તિશાળી બને, ત્યારે 'કરુણા' કહેવાય.
ઈશ્વર સરળ સાથે સરળ - કુટિલ સાથે કૃતાંત છે.
ભક્તને માટે તે કામધેનુ તથા અભક્તને કાળકૂટ સમ છે.
વિશ્વ પાછળ જે બુદ્ધિ જાય, તે વક્રગમન છે અને
જે બુદ્ધિ ઈશ્વર તરફ વળે, તે સરળ છે.

૭ વારમાંથી ૨ વાર અને ૧૫ તિથિઓમાંથી
કોઈ ૨ તિથિ દરેકના મૃત્યુને માટે નક્કી થયેલા છે,
તે આપણે દરેકે કદી પણ ભૂલવું ન જોઈએ.
કુટિલતાનું લક્ષણ 'ગૂંચવણું', અસત્યતાનું લક્ષણ 'મારવણું'
અને માયાનું લક્ષણ એટલે 'હું જ કરું છું'.
આ માયા, અસત્યતા અને કુટિલતા જાય,
ત્યારે જ સાધકનું જીવન ઊર્ધ્વગામી બને છે.
કર્તૃત્વ અને ભોક્તૃત્વ બંને માયારૂપ છે.
જેનો જશ હોય, તેને તે આપી દેવાથી જ યશસ્વી બનાય.
શ્વાસોચ્છ્વાસ ચાલે છે, તેનો યશ પોતે લેવો તે માયા
અને જે જેનો હોય, તેને આપવો તે માયામુક્તિ છે.
સુતી વખતે અદ્વૈત હોય છે, કિન્તુ
જાગતાંની સાથે જ જીવ અદ્વૈતથી અળગો થઈ જાય છે,
તેના જ પીડા અને અશાંતિ અનુભવે છે.

o સાધકમાં માતાને શરમાવે તેવા સેવા અને
સૂર્યને શરમાવે તેવું તેજ હોવું જોઈએ.

શારીરિક સુધારો કે બગાડો બીજા દેખી શકે છે
અને બીજાને દેખાડી પણ શકાય છે, પરન્તુ
વૈચારિક કે વૈકારિક સુધારણા બીજાને દેખાડી શકાતી નથી.
જોવા હોય તો માત્ર પોતે જ જોઈ શકે છે.

આપણું જીવન પ્રભુપ્રેરિત અને પ્રભુ સંચાલિત છે,
માટે પ્રભુપ્રીત્યર્થ જીવવું જોઈએ.

'મન-બુદ્ધિ માનવીના નહિ પણ પ્રભુના આપેલા છે'
એવી સમજણ જગાડે તે સત્સંગ, બાકી બધા કુસંગ.
પ્રભુના આપેલા મન-બુદ્ધિને સંભાળપૂર્વક વાપરવા જોઈએ.
જો એમાં રાગ-દ્વેષ લાગે તો
તેની મરામત કરવા પણ પ્રભુને જ સોંપવા જોઈએ.

ગધેડા ઉપર પ્રભુની મૂર્તિ જતી હોય, તો બધા તેને
પગે લાગે છે, તે વખતે ગધેડો એમ સમજે કે બધા
મને પગે લાગે છે. તો તે જેમ મૂર્ખ છે, તેમ કોઈ
નમસ્કાર કરે, તો તે આપણામાં રહેલા જ્ઞાન-ભક્તિ
તથા તેને ધારણ કરનાર આત્મતત્ત્વ કે પરમાત્મતત્ત્વને
છે, એમ ન માને અને પોતાના નામ-રૂપના માને,
તો તે મૂર્ખ ગધેડા જેવો જ છે એમ માનવું જોઈએ.

o માનસી સેવામાં મનની ધારા અતૂટ રાખવા,
કેમકે માનસી સેવામાં દિવ્યતા રહેલી છે.

o કરેલા પાપનું પ્રાયશ્ચિત કરવું અને
ભવિષ્યમાં તે પાપ ન થાય એવો દૃઢ નિશ્ચય કરવો
એ જ પ્રાયશ્ચિતનો મુખ્ય હેતુ છે.

o મનુષ્યમાં રહેલી કામવૃત્તિ મટે, તો બધું જ મંગળ
અને એ ન મટે, તો બધું જ અમંગળ છે.

o સંસારી જીવ અશુભભાવ કરીને નરકમાં જાય છે,
તેના કરતાં શુભભાવ કરીને સ્વર્ગમાં અનંતવાર અધિક
ગયો છે, તો પણ તેના ભવભ્રમણનો અંત નહિ આવ્યો તેનું
કારણ શુભભાવની પાછળ રહેલો અશુભ આશય છે.
આશયની અશુદ્ધિ શુભ ભાવનાં ફળને ટાળી નાંખે છે.
આશયની શુદ્ધિ અશુભ ભાવનાં ફળને ટાળી નાંખે છે.

આશયશુદ્ધિના બે હેતુ છે:
એક ભવવૈરાગ્ય અને બીજો ભગવદ્બહુમાન.

o કર્મજનિત ભવસુખની વિરસતાનો વિચાર અને
કર્મક્ષયજનિત સહજ આત્મસુખની અનુભૂતિના આનંદનું
રોજેરોજ મનન કરવું, તે દરેક સાધકનું કર્તવ્ય છે.
ધર્મની સામે ચરમ લક્ષ્ય છે ભવક્ષયના બહુમાનનું.

o ધર્મનું પ્રત્યક્ષ સત્ય વિશ્વપ્રેમ, વિશ્વમૈત્રી અને વિશ્વકરુણાની પુષ્ટિ માટે છે.

બુદ્ધિના મૂળમાં શંકા છે, ધર્મના મૂળમાં પ્રેમ છે.

o પરમેશ્વર ઉપર વિશ્વાસ રાખવો અને શ્રદ્ધાપૂર્વક એની ઉપાસના કરવી.

o જિતેન્દ્રિય રહેવું.

o મનમાં જેવો ભાવ હોય અને જેવું જ્ઞાન મેળવ્યું હોય, તેવું બોલવું અને વર્તન પણ તે મુજબ રાખવું.

o કોઈનો અધિકાર કે વસ્તુ છીનવી ન લેવી.

o નિર્બળ તથા દીન મનુષ્યો ઉપર દયા-અનુકંપા રાખવી.

## છ આવશ્યકો અને અષ્ટાંગ યોગ

સામાયિક = સમાધિ, ચતુર્વિંશતિસ્તવ = ધ્યાન,
ગુરુવંદન = ધારણા,
કાયોત્સર્ગ = આસન - પ્રાણાયામ,
પ્રતિક્રમણ = પ્રત્યાહાર, પ્રત્યાખ્યાન = યમ - નિયમ.

## અષ્ટાંગયોગ વડે ષટ્ચક્રભેદન

યમ - નિયમ વડે મૂલાધાર, આસન - પ્રાણાયામ વડે સ્વાધિષ્ઠાન, પ્રત્યાહાર વડે મણિપુર, ધારણા વડે અનાહત, ધ્યાન વડે વિશુદ્ધિ, સમાધિ વડે આજ્ઞાચક્ર.

## છ આવશ્યકો વડે ષટ્ચક્રભેદન

પ્રત્યાખ્યાન વડે મૂલાધારથી સ્વાધિષ્ઠાન,
કાયોત્સર્ગ વડે સ્વાધિષ્ઠાનથી મણિપુર,
પ્રતિક્રમણ વડે મણિપુરથી અનાહત,
ગુરુવંદન વડે અનાહતથી વિશુદ્ધિ,
ચઉવિસત્થા વડે વિશુદ્ધિથી આજ્ઞા
અને સામાયિક વડે આજ્ઞાથી સહસ્રારચક્ર.

## જિનપ્રતિમા પૂજન

જિનપ્રતિમાના પૂજનમાં હિંસા - અહિંસા જોવાની નથી, કારણ કે તેમનું પ્રણિધાન તેમાં જાણતાં અજાણતાં મુખ્ય હોય છે, જે પંચાચાર કે રત્નત્રયીનું સાધન છે અને રત્નત્રયીની આરાધનામાં યતના, વિધિ અને ભક્તિનો પરિણામ હોય, તો તે હિંસા કે અહિંસા, અહિંસા જ છે તથા સત્ય કે અસત્ય હોય પણ તે સત્ય જ છે. પ્રતિમા દ્વારા વીતરાગની પૂજામાં જે પ્રયોજન છે: એક તો તેમની ગેરહાજરીમાં કથંચિત હાજરીનો આધ્યાત્મિક લાભ ઉઠાવવાનો હોય છે તથા બીજું તેમના પ્રત્યક્ષ કે પરોક્ષ અનેક ઉપકારો વારસામાં મળ્યા છે, તેની કૃતજ્ઞતા બતાવવાની હોય છે. - પ્ર. જો. પારેખ

## પ્રાર્થના

હે દેવ! મને ભક્તિ આપ. મારી સર્વ શંકા નિર્મૂળ કર.
હું તને ક્યારેય ન ભૂલું. મારા પાપોમાંથી મને વિશુદ્ધ કર!

૦ અધ્યાત્મ વિચારનો સાર એક શબ્દમાં કહેવો હોય,
તો તે 'ગુણગ્રાહ્યતા' છે.

રાગી દોષાન્ ન પશ્યતિ, દ્વેષી ગુણાન્ ન પશ્યતિ,
મોહી વિપરીતં પશ્યતિ, વર્તતે ચ । (પરિશિષ્ટ-૯)

રાગદ્વેષનો પ્રતિકાર જ્ઞાનગુણ છે.

જ્ઞાની પુરુષ પોતામાં રહેલા દુષ્કૃત્યોને જોઈ શકે છે,
તેથી નિરંતર તેની ગર્હા કરે છે અને
તે ગર્હા દ્વારા દુષ્કૃતથી પોતાના આત્માને ઉગારી લે છે.

દ્વેષદોષનો પ્રતિકાર દર્શનગુણ છે.

સમ્યગ્દર્શન ગુણધારક પુણ્યાત્મા અરિહંતાદિના ગુણોને,
સત્કર્મો અને વિશ્વવ્યાપી ઉપકાર આદિને જોઈ શકે,
તેથી તેને વિષે પ્રમોદને ધારણ કરે છે તથા તેમના
ગુણો અને સત્કર્મોની અનુમોદના તથા પ્રશંસા કરીને
પોતાના આત્માને સન્માર્ગે વાળી શકે છે. મોહદોષનો
પ્રતિકાર જ્ઞાન અને દર્શનપૂર્વકનો ચારિત્રગુણ છે.
દયા - ભક્તિ વડે દ્વેષ - રાગ - મોહ એ ત્રણે દોષોનો
એકસામટો નિગ્રહ થાય છે.

૦ પાપમાં નિષ્પાપતાની બુદ્ધિ અને ધર્મમાં
પાપપણાની કે અકર્તવ્યતાની બુદ્ધિ દૂર થવાથી
પાપમાં પ્રવર્તન અને ધર્મ કરવામાં પ્રમાદ દૂર થાય.
અપ્રમાદપણે ધર્મનું સેવન કરવાથી અને
પાપનું પરિવર્જન કરવાથી મોહદોષનો ક્ષય થાય છે.
ચારિત્રધર્મ રૂપી મહારાજાના રાજ્યમાં
વફાદાર સેવક બની મોહમહારાજાના સુભટને પાડે છે.

૦ સર્વ આત્મતત્ત્વદર્શી પુરુષોનું કથન છે કે:
આત્મદર્શન વડે સર્વ પ્રકારના અશુભની સમાપ્તિ થાય છે.

૦ કુદરતે જે આપ્યું છે તેમાં સંતોષ માને તે શ્રીમંત
અને તેમાં અધૂરું માને તે દરિદ્ર. પોતાનાથી અધિક
દુઃખી જોઈને તેનું દુઃખ દૂર કરવાની બુદ્ધિરૂપી દયાથી
પોતાનું દુઃખ ટળી, તેનાથી આવેલી દીનતા નષ્ટ થાય છે.
પોતાથી અધિક સુખીનું સુખ જોઈને તેમાં પ્રમોદભાવ-
હર્ષ ધારણ કરવાથી પોતાના સુખનો ગર્વ ગળી જાય છે.
એ રીતે નિગોદના દુઃખનો વિચાર દીનતા અને સિદ્ધનાં
સુખનો વિચાર દર્પને નિવારણ કરવાનો સચોટ ઉપાય છે.

૦ બધાં દુઃખી આત્માનાં દુઃખ કરતાં
નરકના નારકીનું દુઃખ વધી જાય છે.
નારકીના દુઃખથી પણ અધિક દુઃખ નિગોદમાં છે.

એક નિગોદનો જીવ જે દુઃખ ભોગવે છે, તે દુઃખની આગળ નિગોદ સિવાયનાં સર્વ જીવોનું દુઃખ એક થાય તો પણ તે કાંઈ જ વિસાતમાં નથી.

એક સિદ્ધના જીવનું સુખ હોય અને મનુષ્યના ત્રણે કાળનાં સુખનો અનંત અનંતવાર ગુણાકાર કરવામાં આવે, તો પણ તેની સરખામણીમાં ઘણું વધારે છે. એ રીતે દયા અને ભક્તિ વડે રાગ, દ્વેષ અને મોહ એ ત્રણે દોષોનો એક સામટો નિગ્રહ થાય છે.

સંસારના સર્વ જીવોના સુખોનો સરવાળો, ગુણાકાર તથા અનંતવર્ગ કરવામાં આવે, તો પણ એક સિદ્ધના જીવનું સુખ વધી જાય છે, એ રીતે નિગોદ સિવાયના જીવોનું સઘળું દુઃખ એકત્ર કરી તેનો અનંતવર્ગ કરવામાં આવે, તો પણ નિગોદના એક જીવનું દુઃખ વધી જાય છે.

નિગોદના જીવોનાં દુઃખોનું ચિંતન નિર્વેદભાવને જગાડે છે. મોક્ષના જીવોના સુખનું ચિંતન સંવેગભાવને ઉત્પન્ન કરે છે.

<u>સંવેગ</u> = મોક્ષાભિલાષ, મુક્તિસુખના વર્ણનને સાંભળીને ચિત્તમાં થતો પ્રમોદ. <u>નિર્વેદ</u> = ભવોદ્વેગ, નરક - નિગોદ આદિ દુઃખોનું વર્ણન સાંભળીને થતો ચિત્તમાં ઉદ્વેગ.

કરુણા - દીનાનુગ્રહ આદિ સાત્ત્વિક ભાવો ચિત્તથી કામ લેવાની અપેક્ષાએ તેને ભૂમધ્યાદિ સ્વભાવવિશેષ મધ્યે

ગ્રહણ કરી રાખવાથી carbonic acid ગેસથી
વપરાય, તેથી ક્ષુધા-તૃષ્ણાનું કષ્ટ ઓછું અનુભવાય છે.
O ઓક્સિજન ઘણું જાવે છે, આધિક્ય અલ્પ જાવે છે.
શિરા = અશુદ્ધ રક્તને હૃદયમાં લાવનારી નાડીઓ.
ધમની = શુદ્ધ રક્તને શરીરમાં લઈ જનારી નાડીઓ.
ઓક્સિજનનું પ્રમાણ અધિક હોવાથી શુદ્ધ રક્ત લાલ છે.
અશુદ્ધ રક્તમાં ઝેરી ગંદો carbonic acid વાયુ
વધુ પ્રમાણમાં હોવાથી તે કાળું ભૂરું હોય છે.
Lungs = 14000 Sq. ft. 72 Heart-Beats
in 1 minute, 252 મણ in 24 hours.
ફેફસાની સાથે સંબંધ રાખનારાં રોગોના નામ:
કફ-દમ-શ્વાસ-ખાંસી-ન્યૂમોનિયા-ત્રિદોષજ્વરાદિ.
આ રોગો શરીરમાં ઉપર, નીચે અને મધ્યમાં
પૂરો ઓક્સિજન ન પહોંચવાથી થાય છે.
અશુદ્ધ લોહી જવાથી ખાજ-ફોડાદિ ચામડીના રોગ થાય છે.
બાળકનું ઉષ્ણતામાન 102 ડિગ્રી, વૃદ્ધનું 99 ડિગ્રી,
પક્ષીનું ઉષ્ણતામાન 106 to 109 ડિગ્રી,
ભૂખ્યું પણ 3 દિવસથી વધુ જીવી શકતું નથી, કિન્તુ
સર્પ વગર ભોજને 3 માસથી અધિક જીવી શકે છે,
કેમકે તેનું ઉષ્ણતામાન ઘણું ઓછું હોય છે.

ॐ हंसः सोऽहं । सूर्य-चन्द्र-अग्नि (ध्रुव)
सर्व द्वाराणि संयम्य मनोहृदिनिरुध्य च ।
मूर्ध्न्याधायात्मनः प्राणमास्थितो योगधारणाम् ॥८।१२॥
(परिशिष्ट-१०)

નાડીગુચ્છ એટલે nervous system.

યોગના અંગો દ્વારા કોષશુદ્ધિ

(૧) આસન તથા પ્રાણાયામ વડે સ્મૃતિનિરોધ થાય છે.
સ્મૃતિનિરોધ વડે અન્નમય કોષની શુદ્ધિ થાય છે.
(૨) પ્રત્યાહાર તથા ધારણા વડે નિદ્રાનો નિરોધ થાય છે.
નિદ્રાવૃત્તિ નિરોધ વડે પ્રાણમય કોષની શુદ્ધિ થાય છે.
(3) ધ્યાન વડે વિકલ્પવૃત્તિનો નિરોધ થાય છે.
વિકલ્પવૃત્તિનિરોધ વડે મનોમય કોષનો ત્યાગ થાય છે.
(૪) સમાધિ વડે વિપર્યયવૃત્તિનો નિરોધ થાય છે.
વિપર્યયવૃત્તિનિરોધ વડે વિજ્ઞાનમય કોષનો ત્યાગ થાય છે.
(૫) છ ચક્રના નિરોધ વડે પ્રમાણવૃત્તિનિરોધ થાય છે.
એ ચાર કોષના બાધથી કેવળ આનંદમય કોષ રહે છે.
પ્રાણાયામથી જાગૃતાવસ્થા, પ્રત્યાહારથી સ્વપ્નાવસ્થા,
ધારણાથી સુષુપ્તાવસ્થા, ધ્યાનથી મૂર્છાવસ્થાનો વિલય થાય.
સમાધિ વડે તત્ત્વ ઉપર વિજય થવાથી
સ્વસ્વરૂપમાં પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય છે.

## આપણે અને જગત

અન્યો તરફથી પ્રેમ, દયા, સત્ય, પ્રામાણિકતા ઇચ્છનારે પોતાના તરફથી પણ તે આપવા તૈયાર રહેવું જોઇએ.

દયા, સત્ય કે પ્રામાણિકતાનું ઉલ્લંઘન કરતાં પોતે આંચકી ન અનુભવે, તે જગત પાસેથી પોતા પ્રત્યે તેવા વર્તનને ઇચ્છવાનો અધિકારી જ કેવી રીતે બને? જગત પાસેથી દયા, સત્ય અને પ્રામાણિકતા માંગનારે સ્વયં દયાળુ, સત્યવાદી અને પ્રામાણિક બનવું જ જોઇએ. જે સદ્ગુણોના પાલનને જગત પાસેથી આપણે ઇચ્છીએ, તેને સ્વયં પાલન કરીએ, તો એક દિવસ એવો આવે કે પાપ કરનાર કોઈ રહે નહિ, સર્વ સદ્ગુણી બની જાય. જો કે આળસ - મોહ - પ્રમાદ જેવા દોષોને કારણે પોતે જે ઇચ્છે છે, તેવા વર્તન માટે પ્રત્યેક જણ તૈયાર નથી.

## શાસ્ત્રકારોનો સતત ઉપદેશ

શાસ્ત્રકારો તે દોષોને મૂળથી જ દૂર કરવા માટે સતત ઉપદેશ આપતા રહે છે કે આપણું શરીર અસમર્થ છે, કિન્તુ સર્વ સમર્થ આત્મા શુભ માટે સર્વદા તત્પર છે.

શરીરને ભૂલી આત્મા તરફ જુઓ અને તેને પોતાના સામર્થ્યથી પોતાનું કાર્ય કરવા દો.

## અભેદસાધનાનો મંત્ર

'હું તે છું' અર્થાત્ નિગોદપર્યન્તના સંસારી જીવોમાં જે 'હું' રહેલો છે, તે હું અને મારું સ્વરૂપ એક જ છે.

તે હું છું = મોક્ષપર્યંતના ઉત્તમ જીવોનું
જે સ્વરૂપ છે, તે જ મારું સ્વરૂપ છે.

આ જ સર્વ જીવો સાથે કથંચિત્ અભેદસાધના મંત્ર છે.

સંસ્કૃતિ કે સમાજમાં કોઈપણ જાતનો સુધારો ઈંટ કે ચૂનો-માટી, લોખંડ કે યંત્રો વડે નથી થતો, કિંતુ તે બને છે સ્ત્રી અને પુરુષો દ્વારા, બુદ્ધિની શુદ્ધતા, હૃદયની ઉદારતા તથા સત્કારની ભાવના વડે. - રાધાકૃષ્ણન્

આધુનિક સ્ત્રી-પુરુષ કાંઈ ઓછા ધાર્મિક નથી કે જીવન-મૃત્યુના રહસ્યને જાણવાને ઓછા ઈંતેજાર નથી. આજે અનેક ધાર્મિક સંસ્થાઓ પણ માનવ આત્માની આધ્યાત્મિકભૂખ સંતોષવા સતત પ્રયત્ન કરી રહેલ હોય છે. 'વિશ્વબંધુત્વની ભાવના સાથે શાંતિભર્યું જીવન જીવવા એકબીજાને ઓળખી - સમજીને રહેવું જોઈએ' એવી ભાવના - પ્રયાસો જોર પકડે, એવો પ્રયત્ન જરૂરી છે. આંતરિક રીતે હતાશા પામેલો અને બહાવરો બનેલો માનવ પોતાની જાતને આ પરિસ્થિતિમાંથી બહાર નીકળવા ફાંફાં મારીને મદદ શોધી રહ્યો છે.

ફાંફાં મારીને મદદ શોધી રહ્યો છે.
જગત આખામાં માનવમાત્ર ઈશ્વર પાસેની પ્રાર્થના
તરફ પોતાની આંતરિક ચિત્તશાંતિ માટે વળી રહ્યો છે.
વિધિયુક્ત ઈશ્વરપ્રાર્થના મનુષ્યની આ ભૂખને સંતોષે છે.
મનુષ્ય માત્રને ખોટા આક્ષેપો, ખોટી નિંદા અને ગેરસમજ
માટે સદા તૈયાર રહેવાનું હોય છે અને તેમ કરીને
જૂનાં કર્મો પતાવવાનાં હોય છે. માટે આવું કાંઈ બને તો
ચિંતા કર્યા વગર આનંદથી જ સહન કરી લેવામાં મનુષ્યનું
હિત હોય છે, કેમકે તેથી જ પાછળનું દેવું પતાય છે.
પરંતુ પછી તમારું શું થશે તેની ચિન્તા કરશો નહિ,
કેમકે શાસ્ત્રોમાં કહ્યું છે કે:
સારાં કાર્ય કરનારની કદી ખરાબ ગતિ થતી નથી.
માટે સારાં કાર્યો સદા આચરજો.
તમારામાં શક્તિ છે તે પ્રભુએ આપી છે એમ માનજો.
તમે કોઈ કાર્યમાં ફતેહ મેળવો, તો પણ
તે જિનેશ્વરની જ કૃપા છે, એમ માનજો અને
નિરાશાનો પ્રસંગ આવે તો
પુનઃ શક્તિ એકત્ર કરીને તેની જ કૃપા યાચજો.
તમે કોઈ નિરાશ થઈને બેસી ન રહેતાં, કિન્તુ

ઉત્સાહથી હંમેશા સત્કર્મોમાં મંડ્યા જ રહેજો.

જ્યાં સુધી કોઈ તમારા મનને કલુષિત ન કરે,
ત્યાં સુધી કોઈથી પણ તમારું બુરું થઈ શકે નહિ.

પોતાના મનને બગાડવા દેવું એ પોતાના હાથની વાત છે
અને બીજાના કાબુની બહારની જ વાત છે.

કોઈના ઉપર દ્વેષ ન કરવો પણ સૌ ઉપર પ્રેમ કરવો.

બ્રહ્મચર્યથી મન ઉપર પ્રભુત્વ આવે છે.
અહિંસાના પાલનથી વિશ્વ ઉપર પ્રેમ આવે છે.
અસ્તેયવ્રતના પાલનથી આત્મનિષ્ઠા આવે છે.
સત્ય ઉપરના પ્રેમથી યથાર્થ ભાષિત્વ આવે છે.
અપરિગ્રહના ગુણથી શાશ્વતકાળ ઉપર દૃષ્ટિ જાય છે.

દાનથી જે મેળવાય છે, તે પ્રેમથી લુંટાવી દેવાય છે.
ફુલ જ્યારે સુગંધથી ભરાઈ જાય છે
ત્યારે એ સુગંધ હવાને લુંટાવી દેવી પડે છે.
જ્યારે કોઈ દીવો પ્રકટે, ત્યારે પ્રકાશ એમાંથી પથરાય છે.

<u>કયા અંગ વડે શું કરવું ?</u>

(૧) હાથ વડે નામજપયજ્ઞ, પ્રભુપૂજા, દાન તથા સેવા.
(૨) વાણી વડે પ્રભુસ્મરણ, કીર્તન, સત્ય-મધુરવચન.
(3) બુદ્ધિ વડે બીજાનું હિત, કલ્યાણ, ભલાઈ.

# મન અને બુદ્ધિ

મનથી માનવું અને બુદ્ધિથી જાણવું થાય છે.
મન અને બુદ્ધિ બંને પ્રભુને સુપ્રત કરવા જોઈએ.
શ્રદ્ધાનું સ્થાન મન છે, વિશ્વાસનું સ્થાન બુદ્ધિ છે.
વિશ્વાસ બુદ્ધિમાં અને શ્રદ્ધા મનમાં રાખવા જોઈએ.
સંગનો પ્રભાવ મન ઉપર પડે છે,
દોષ અપરાધિયા છે અને ગુણ પરાધિયા છે.
દ્વેષ - ક્રોધ - વેર - નિંદા - અનિષ્ટ ચિંતનાદિ તમોગુણ છે.
અહંકાર - લોભાદિ રજોગુણ છે.
કામ - ક્રોધ ઘાતક છે, લોભ - મોહ બાધક છે અને
અહંકાર એ પાતક છે.
વાદશ્રવણ વિશ્વાસ વધારે છે, સંશયરહિત કરે છે.
કુવૃત્તિઓનો નાશ અને વિષયોથી ઘૃણા સહિતની
આંતરદશા આત્મિક વિકાસ કરનાર થાય છે.
શરીરબળ રાક્ષસનું, મનોબળ સિંહનું અને
બુદ્ધિબળ મનુષ્યનું ચઢીયાતું છે.
સ્વાર્થીને મંદબુદ્ધિ, કામીને કુબુદ્ધિ, લોભીને દુર્બુદ્ધિ, ક્રોધીને
સંશયાબુદ્ધિ, માનીને મિથ્યાબુદ્ધિ તથા કૃપણ જનને
સંકુચિતબુદ્ધિ રહે છે. પાપકર્મોનું મૂળ નીચબુદ્ધિ છે.

યોગાભ્યાસ કરનાર કર્મયોગીને મેધા - તીક્ષ્ણબુદ્ધિ,
પ્રભુભક્તિ કરનાર ભક્તયોગીને વિશાળ - પવિત્રબુદ્ધિ,
જિતેન્દ્રિય, સદાચારી, શ્રદ્ધાળુ, ભક્તિમાન તથા શાસ્ત્રાભ્યાસ
કરનાર જ્ઞાનયોગીપુરુષને સૂક્ષ્મબુદ્ધિ પ્રાપ્ત થાય છે.
જે એક સાથે યોગી - ધર્માત્મા અને શાસ્ત્રજ્ઞ હોય,
તેને પરમાત્મદર્શન પ્રાપ્ત થાય છે.

ભગવાન દયા દ્વારા પ્રેમ બતાવે છે તથા
જીવ ભક્તિ દ્વારા પ્રેમ પ્રકટ કરે છે.
જેના હૃદયમાં ભક્તિ નથી, તે પશુ - કાદવ - પત્થર છે.

માનવજન્મ જેટલો દુર્લભ છે,
તેથી દુર્લભ અને પવિત્ર તીક્ષ્ણબુદ્ધિ છે.

જેમ આંખનો દેવતા સૂર્ય, કાનનો આકાશ, નાકનો
પૃથ્વી, જીભનો જળ અને દેહનો દેવતા વાયુ છે,
તેમ બુદ્ધિ અને મનનો દેવતા આત્મા છે.

ગુરુ આપે ત્રણ પ્રકારે દીક્ષા

મંત્રદીક્ષા શબ્દથી, સાન્નિધ્યદીક્ષા આંખથી અને
દેહદીક્ષા સ્પર્શથી પ્રાપ્ત થાય છે.
ગુરુનો શબ્દ અર્થને, ગુરુની આંખ ભાવને પ્રકટ કરે છે
અને ગુરુનો સ્પર્શ શક્તિનો સંચાર કરે છે.

માતા સન્મતિ આપે, પિતા આચારનું પાલન કરાવે છે.
દેખવું આંખને સુગમ છે, માનવું મુશ્કેલ મનને છે.
દુનિયાને મરતાં દેખવા છતાં પોતે પણ મરવાનું છે,
તે માનવું ઘણું કઠિન છે.

૦ સાંભળવું કાનને સુગમ, અંતઃકરણને સમજવું કઠણ.
'કરશે તે ભરશે' એમ વારંવાર સાંભળવા છતાં તેને બુદ્ધિને
સમજવું ઘણું કઠણ છે. કહેવું સહેલ-કરવું કઠણ છે.
'ચોરી-હિંસા ન કરો' કહેનાર પણ તે બંને કરતો હોય છે.
ખાવું સહેલું છે કેમકે તે જીભનું કામ છે, પરન્તુ
ખવડાવવું કઠણ છે કેમકે તે મનનું કામ છે.
કામ-ક્રોધ-લોભ-મોહ-મદનો નાશ થયે મનુષ્ય શાંત-
જિતેન્દ્રિય-સંતુષ્ટ-નિર્મોહી-નિર્ભય-નિરહંકારી બને.
જીવનસભામાં માન એ મુખ્યમંત્રી, મોહ એ ગૃહમંત્રી,
લોભ એ અર્થમંત્રી, ક્રોધ એ વિદેશમંત્રી તથા
કામ એ પ્રાંતીયમંત્રી છે.
નવકારના પ્રથમ પદથી મિથ્યાત્વ-મુખ્યમંત્રી,
બીજા પદથી લોભ-અર્થમંત્રી,
ત્રીજા પદથી માયા-ગૃહમંત્રી,
ચોથા પદથી માન-વિદેશમંત્રી અને
પાંચમા પદથી ક્રોધ-પ્રાંતીયમંત્રી વશમાં આવે છે.

નિર્ભયતાનો મૂળમંત્ર નિર્વેરતા છે.
નિર્વેરતાનો મૂળમંત્ર નિષ્કામતા છે.
નિષ્કામતાનો મૂળમંત્ર આપ્તકામતા છે.
અભયનું મૂળ અદ્વેષ, અદ્વેષનું મૂળ અખેદ અને
અખેદનું મૂળ ભક્તિ છે.

ભક્તિનું સાધન નથી, ભગવાન ભક્તની ઉપાસના માંગે છે.
ભક્તિના રૂપથી જ્યારે ભક્તની ઉપાસના કરાય,
ત્યારે ખેદ - વેર - ભય આદિનો સામટો નાશ થાય છે.
ભક્તિનો સ્વભાવ દયા, ભક્તિનું કર્મ ન્યાય અને
ભક્તિનો ગુણ સત્ય છે.

દયાથી દ્વેષ, ન્યાયથી ભય અને
સત્યથી ખેદ, દુઃખ, કંટાળો, અરુચિ, ઉદ્વેગ નાશ પામે છે.
જપમાં શબ્દ એ શરીર, અર્થ એ પ્રાણ
અને ભાવ એ આત્મા છે.

નમસ્કાર માનવની પોતાની સંપત્તિ છે.
બીજી સંપત્તિ તેને અન્ય તરફથી મળે છે.
નમવું એ જ મન અને બુદ્ધિનું સત્ય ફળ છે.
નમઃ એ દૈવગુણ અને આધ્યાત્મિક સંપત્તિ છે.
નમસ્કારથી સત્કારનો ગુણ ઉત્પન્ન થાય છે.

o શરીર એ ગાડી છે અને મન એ ઘોડો છે.
મનરૂપી ઘોડાને શરીરરૂપી ગાડીની આગળ જોડવો જોઈએ.
શરીરને મન કરતાં વધુ મહત્ત્વ ન મળવું જોઈએ.
તત્ત્વની પ્રાપ્તિ સત્ય, ધર્મ, શાંતિ, પ્રેમ વડે થઈ શકે.
પ્રેમ વિનાના જીવનનો કંઈ અર્થ નથી.
શાશ્વત સુખ - સાચી શાંતિ અંતરમાંથી મેળવવાની છે.
પાપની ઘૃણા કરવાનું આત્મિક બળ વધે છે તેથી,
તેનામાં નમ્રતા અને દીનતા આવે છે.
પાપીની ઘૃણા કરવાનું આત્મિક બળ ઘટે છે તેથી,
તેનામાં અહંકાર અને કઠોરતા આવે છે. વૈરાગ્યથી
એકાગ્રતા અને એકાગ્રતાથી અનુભવ તથા પ્રકાશ મળે છે.
પ્રભુની દયાના ભાનથી પ્રભુમાં પ્રીતિ અને
પ્રભુના ન્યાયના ભાનથી પાપનો ભય ઉત્પન્ન થાય છે.
o મધ્યમાવાણી સ્વાધ્યાયથી, પશ્યન્તી તપથી અને
પરાવાણી ઈશ્વરપ્રણિધાનથી પ્રાપ્ત થાય છે.
પરાવાણી ગુણાતીત છે. પશ્યંતી સાત્ત્વિક છે.
મધ્યમા રાજસિક છે. વૈખરી તામસિક છે.
મૌન તથા એકતાના ભાનથી પરાવાણી થાય છે.
નિદિધ્યાસનથી પશ્યંતીવાણી થાય છે.
મનનથી મધ્યમાવાણી તથા શ્રવણથી વૈખરીવાણી થાય છે.

# સત્ય, ન્યાય, દયા

સત્યની ખોજ અને તેનું અનુપાન દ્રષ્ટાને બતાવે છે.

ન્યાય પુરુષને અને દયા દેવને બતાવે છે.

ન્યાયનું સ્થાન શિર, પ્રતિપક્ષ લોભ છે.

સત્યનું સ્થાન કંઠ, પ્રતિપક્ષ કામ છે.

દયાનું સ્થાન હૃદય, પ્રતિપક્ષ ક્રોધ છે.

માનવ પોતા માટે દયા - બીજા માટે ન્યાય માંગે, તેના સ્થાને પોતા માટે ન્યાય અને બીજા માટે દયા માંગવા તે મનુષ્યત્વ છે અને ઉચ્ચ દેવત્વને આપે છે.

० ભસ્માન્તં શરીરમ્ | શરીર રાખ થનારું છે.

મૃત્યુ અને મોક્ષનું સ્મરણ રાખ

બીજાના અપકાર અને પોતાના ઉપકારનું વિસ્મરણ, એ બન્ને સાચા પ્રશસ્તભાવનું કારણ છે.

એક પાપવૃત્તિને રોકે છે, બીજું પુણ્યવૃત્તિને પોષે છે.

બીજાના ઉપકારનું સ્મરણ અને પોતાના અપકારનું સ્મરણ પુણ્યને પોષે છે અને પાપને શોષે છે.

(૧) ચિત્તમાં સ્મૃતિ - વિસ્મૃતિ ઉત્પન્ન થાય.

(૨) અહંકારમાં ત્યાગ - ગ્રહણ ઉત્પન્ન થાય.

(3) બુદ્ધિમાં સંશય - નિર્ણય ઉત્પન્ન થાય.

(૪) મનમાં સંકલ્પ - વિકલ્પ ઉત્પન્ન થાય.

## પવિત્ર બુદ્ધિ - સદ્બુદ્ધિ સર્વશ્રેષ્ઠ

સ્વાર્થનો ત્યાગ થયા પછી જ ધર્મ આવે છે.
જેની અંદર સ્વાર્થ છે, તે ધર્મપરાયણ થઈ શકતો નથી.
એક બુંદ પાણી સમુદ્રમાં પડે તો સમુદ્ર અને
તવામાં પડે તો તવો બની જાય છે.
મનુષ્યજન્મને શ્રેષ્ઠ બનાવનારી કોઈ ચીજ
હોય તો તે પવિત્ર બુદ્ધિ - સદ્બુદ્ધિ છે.
પશુઓમાં મન - બુદ્ધિ છે પણ તેનો વિકાસ થઈ શકતો નથી.
જીવ, દેહ, પ્રભુ તો બધામાં છે પણ
વિકસિત મન - બુદ્ધિ માત્ર મનુષ્યમાં છે.
દે તે દેવતા - જ્ઞાનદાતા. જ્ઞાન વિના પાપનો નાશ
થતો નથી અને પાપનાશ વિના શાંતિ મળતી નથી.
બધું હોય પણ સદ્બુદ્ધિ ન હોય તો બધાનો દુરુપયોગ થશે.
બીજું કાંઈ ન હોય પણ સદ્બુદ્ધિ હોય તો બધું મેળવી લેશે.
અહંકાર અને આસક્તિ એ બે મોટા દોષ છે.
બીજાના ગુણ અને પોતાના દોષ જોવાથી અહંકાર જાય છે.
પોતાના દોષ દૂર કરતાં જાઓ, બીજાના ગુણ લેતા જાઓ.
સંકલ્પપૂર્વકની ક્રિયા ફળે છે. ખોટું રોનાર બાળકની
પાસે મા જતી નથી. સાચું રોનાર તરફ દોડી આવે છે.

ભક્તિ સ્ત્રી છે, જ્ઞાન પુરુષ છે.

બંનેના યોગથી ત્યાગ-જ્ઞાન-તેજ-બળ ઉત્પન્ન થાય છે.

યમના પાલનથી આત્મારામ દૃઢ થાય છે અને
નિયમના પાલનથી વૈરાગ્ય દૃઢ થાય છે.

નમસ્કારરૂપી વજ્ર અહંકારરૂપી પર્વતનો નાશ કરે છે.

નમસ્કારરૂપી વિદ્યુત હૃદયમાં રહેલા દોષને દગ્ધ કરી દે છે.

નમઃ મનોમય કોષને શુદ્ધ કરે છે.

અહંકારનું સ્થાન મસ્તક છે.

ત્રણ પ્રકારનો તપ

લાભ-હાનિ, માનાપમાન અને સુખ-દુઃખમાં સમવૃત્તિ.

કર્મનું ફળ સુખ, ઉપાસનાનું ફળ શાંતિ
અને જ્ઞાનનું ફળ પ્રભુપ્રાપ્તિ છે.

કર્મ ગોટલી, ઉપાસના રસ અને જ્ઞાન છોતરું છે.

શબ્દ અને અર્થને યથાર્થ જાણવા તે જ્ઞાન,
તે મુજબ આચરણ તે કર્મ અને
મનને એકાગ્ર કરી ધ્યાન કરવું તે ઉપાસના છે.

શબ્દમાત્રમાં ભાવની ગાંઠ રહેલ છે.

બુદ્ધિમાં વિચાર તથા હૃદયમાં પ્રકાશ પ્રકટે છે.

અર્થની અસર મસ્તક ઉપર અને
ભાવની અસર હૃદય ઉપર થાય છે.

## ધ્યાનની સ્થિરતાનો અર્થ

મન, શ્રોત્ર અને અંતઃદૃષ્ટિનું એકીકરણ છે.

શક્તિપાત ત્રણ પ્રકારે થાય છે: દર્શન, સ્પર્શન, સંભાષણ.

### ત્રણ પ્રકારના અધિકારી

(૧) લાભ-હાનિમાં સમ અથવા હાનિમાં લાભબુદ્ધિ રાખે.

(૨) માનાપમાનમાં સમ અથવા અપમાનમાં માનબુદ્ધિ રાખે.

(૩) સુખ-દુઃખમાં સમ અથવા દુઃખમાં સુખબુદ્ધિ રાખે.

આ ત્રણેના સરખા અધિકારી બનવા માટે
ત્રણેનું સરખી માત્રામાં ઉપસ્થિતપણું હોવું જોઈએ.

એકાગ્રતા, સામર્થ્ય અને અધિકારિતા માટે
શ્રદ્ધા, વીર્ય, સ્મૃતિ, સમાધિ અને પ્રજ્ઞા હોવા જોઈએ.

બ્રહ્મરંધ્રના ૨૭ પદાર્થ અને હૃદયના ૬ પદાર્થ-
મન-બુદ્ધિ ૧૦ ઇંદ્રિય, ૫ તન્માત્રા તથા
પ્રાણ-ચિત્ત-અહંકાર-જીવાત્મા-પ્રકૃતિ અને પરમેશ્વર-
શુભકાર્યોમાં સહાયક છે. અશુભનો ત્યાગ પ્રભુપ્રીતિ કરાવે છે.

કર્મફળમાં વિશ્વાસાત્મક બુદ્ધિ તે સદ્બુદ્ધિ છે.
સદ્બુદ્ધિ શાંતિદાયક છે.
તે ત્રણ પ્રકારની છે: પિતૃબુદ્ધિ, માતૃબુદ્ધિ, દેવ બુદ્ધિ.

લય-વિલયનું સ્થાન ત્રિકુટી - ત્રિવેણીસંગમ છે.
શાંતિ-આનંદનું સ્થાન હૃદયગુફા - જે પર્વતની વચ્ચે છે.

## ભક્તિના પાંચ પ્રકાર

તન, ઈંદ્રિયો, બુદ્ધિ, મન અને આત્મા વડે થતી ભક્તિ.
ભક્તિનો પ્રારંભ નમસ્કારથી અને અંત સમર્પણથી થાય છે.

બુદ્ધિ અને મન જ્ઞાનના સાધન છે.

ચિત્ત અને અહંકાર ક્રિયાનાં સાધન છે.

બ્રહ્મરંધ્ર, દશમ દ્વાર, સહસ્ત્ર દલ, મસ્તિષ્ક અધિષ્ઠાન છે.

અહંકાર વિરુદ્ધ નમ્રતા, પ્રમાદ વિરુદ્ધ પુરુષાર્થ અને
કઠોરતા વિરુદ્ધ કોમળતા - સરળતા છે.

o મળ = વાસના. તે નિષ્કામ કર્મથી જાય છે.
વિક્ષેપ = ચંચળતા. તે ભક્તિથી જાય છે.
આવરણ = અહંકાર. તે જ્ઞાનથી જાય છે.

o ચિત્તમાં પાપવાસનાની સ્મૃતિ થવાથી
ચિત્ત દૂષિત થાય છે પછી અહંકાર તેને ગ્રહણ કરે છે.
બુદ્ધિ નિશ્ચય કરે છે, મન સંકલ્પ - ઈચ્છા કરે છે.
ઈંદ્રિયને મન હુકમ કરે છે, બાહ્ય ઈંદ્રિયોનો સહયોગ મળે છે.
સ્થૂળશરીર પાપ કરે છે એમ ક્રમશઃ પાપરૂપી વિષ
સ્થૂળ - સૂક્ષ્મ શરીરમાં સર્વત્ર વ્યાપી જાય છે.
તેથી તેને વ્યાપી જતાં પહેલાં જ અટકાવી દેવું જોઈએ.
ઈર્ષાની ઉત્પત્તિ સ્વાર્થમાંથી છે, ઘૃણાની અહંકારમાંથી છે.

## શ્રદ્ધાની તીવ્રતા, વિચારોની સૂક્ષ્મતા અને એકાગ્રતાની પવિત્રતા વધે છે.

નિઃસ્વાર્થ - નિરહંકાર પછી નિર્દોષ - નિર્મળ હોય છે.

o ભક્ત જ્યારે પોતાનું સમર્પણ કરે છે, ત્યારે ભગવાન પોતે પોતાનું સર્વસ્વ સમર્પણ કરે છે.

o પ્રેમ, ન્યાય, દાન અને સંતોષ (સેવા) - એ ચાર ગુણ નમસ્કારમાં છે. નમઃમાં તે શક્તિ છે કે જે જ્યાં અર્પણ કરાવે છે, ત્યાં પ્રેમ અને આદર વધારી સ્વાર્થ અને કઠોરતાનો ત્યાગ કરાવે છે.

o જેટલો અહંકાર તેટલું સત્યનું પાલન ઓછું, જેટલું સત્યનું પાલન ઓછું, તેટલું જિતેન્દ્રિયપણું ઓછું.

o પરમેશ્વરમાં મન લગાવવું તે કામ સાધકનું છે. બુદ્ધિને પ્રકાશિત કરીને પોતામાં લગાવવા તે કામ પ્રભુનું છે. મનમાંથી અહંકારનો વાયુ નીકળે ત્યારે જ તે સ્થિર થાય છે. સ્તુતિ-પ્રાર્થના અને પ્રભુની શક્તિનું વારંવાર સ્મરણ કરવાથી મનમાંથી અહંકાર નીકળીને મન હેઠું પડે છે.

o ॐ ભિન્નેદક્ષરમ્ - નક્ષરતિ અક્ષરં |

ગુણકર્મ સ્વભાવથી અપરિવર્તિત, અવિનાશી, અવિકારી, વ્યાપક ચૈતન્યવાન.

દિવ્યગુણ કર્મ સ્વભાવયુક્ત તે વિશ્વાસ - શ્રદ્ધા.

0 પ્રેમનું વધવું તેને જ ઘનિષ્ઠા કરવું કહે છે.

0 સંયમયુક્ત આહાર, ન્યાયયુક્ત વ્યવહાર, ઈર્ષા - દ્વેષાદિ મુક્ત વિચાર, કટુ - કઠોર - અસત્ય તથા અશુભ વાણીરહિત આચાર એ સાધના છે.

સાધનાથી શારીરિક - માનસિક બળ વધે છે,

ઉપાસનાથી બૌદ્ધિક - આત્મિક બળ વધે છે.

0 શરીરનું બળ બ્રહ્મચર્ય છે, તેની વાડ તપ છે. મનનું બળ શિવસંકલ્પ છે અને તેની વાડ સત્ય છે. બુદ્ધિનું બળ ધર્મ છે અને તેની વાડ વિવેક છે. આત્માનું બળ પરમાત્મા છે અને તેની વાડ વૈરાગ્ય છે.

વૈરાગ્ય વિના પરમાત્મામાં અનુરાગ અશક્ય છે.

0 બુદ્ધિની શુદ્ધિ અને સદ્બુદ્ધિની પ્રાપ્તિ - એ મંત્રજાપનું ધ્યેય હોવું જોઈએ. ॐ મંત્રનો અર્થ:

अ = નિષ્કામ કર્મ.

उ = નિષ્કામ ઉપાસના.

म = નિષ્કામ જ્ઞાન.

0 વચનોમાં કઠોરતા, મનમાં કપટતા<br>તથા બુદ્ધિમાં કૃતઘ્નતા ન હોવા જોઈએ. } ૐ ખં બ્રહ્મ ।

કુહાવા, દીપાવલિકા પર્વ, તા. ૧ - ૧૧ - ૧૯૯૭

(૧) સકામ નિર્જરા : સકામપણે ૧૨ પ્રકારના તપમાંથી કોઈ એક પ્રકારનું આરાધન. સકામ = કર્મક્ષયની ઈચ્છા ન હોવા તે.

(૨) કર્મસત્તા : Law of cause and effect.
Action and reaction are
equal and opposite.
Law of sequence and consequence.

(૩) ધર્મ મહાસત્તા : Law of mercy and grace.
દુષ્કૃતગર્હા અને સુકૃતાનુમોદના.

(૪) પરમસત્તા : Law of plenty and full.
Law of identyfication and
absorption with divine within.

(૫) પ્રથમ ગુણસ્થાનક : માતૃવત્પરદારેષુ - દમ
પરદ્રવ્યેષુ લોષ્ઠવત્ - દાન
આત્મવત્સર્વ ભૂતેષુ । - દયા

(૬) ચતુર્થ - પંચમ ગુણસ્થાનક :
અપરાધી ઉપર કરુણતા - દયા
પાંચે ઇંદ્રિયોની દમનતા - દમ
સર્વ ઈચ્છાઓની શાંતતા - દાન

(૭) ષષ્ઠ - સપ્તમ ગુણસ્થાનક :

પ્રાણીમાત્રની અહિંસા - દયા

સત્તર પ્રકારનો સંયમ - દમ

બાર પ્રકારનો તપ - દાન

(૮) અષ્ટમથી દ્વાદશ ગુણસ્થાનક : આયા સામાઈએ

આયા સામાઈયસ્સ અટ્ઠે | આત્મા જ અહિંસા - દયા

આત્મા જ સંયમ - દમ

આત્મા જ તપ - દાન

આત્મા જ જ્ઞાન - દર્શન - ચારિત્ર - તપ.

દેવો માટે દમ, દાનવો માટે દયા અને

માનવો માટે દાન ઉપકારક છે. - ઉપનિષદ

(૯) કામરાગ - સ્નેહરાગ - દૃષ્ટિરાગમાં માગણી છે.

ભક્તિરાગમાં લાગણી છે.

રાગમાં સ્વાર્થ છે, ભક્તિમાં પરાર્થ છે.

પોતાને માટે ઇચ્છે ત્યાં રાગ, પરને માટે ઇચ્છે ત્યાં ત્યાગ.

રાગમાં ભાવનો અભાવ છે, ભક્તિમાં ભાવનો સદ્ભાવ છે.

આપવાની લાગણી તે ભાવ છે, લેવાની લાગણી ત્યાં રાગ છે

રાગ ત્યાજ્ય છે, ભાવ આદેય છે.

સ્નેહરાગ હેય છે, સ્નેહભાવ ઉપાદેય છે.

(૯૦) પુણ્ય-પાપના વિપાકના વિચારમાં નીતિ છે, ન્યાય છે.
'અધર્મની શક્તિ કરતાં ધર્મની શક્તિ અધિક છે.'
એ વિચારમાં સમ્યગ્દર્શન છે, ધર્મનો પ્રારંભ છે.
'ધર્મની શક્તિ કરતાં ધર્મીની શક્તિ અધિક છે.'
એ વિચારમાં યોગ છે, અધ્યાત્મ છે.
ધર્મી એટલે દ્રવ્ય, ધર્મ એટલે પર્યાય.
પર્યાયના બળ કરતાં દ્રવ્યનું બળ અધિક - અનંતગણું છે.
વ્યક્તિના વિચાર કરતાં
સમષ્ટિના વિચારનું બળ અનેકગણું વધારે છે.

(૯૧) સર્વના વિચારથી ધર્મનો પ્રારંભ અને એકના ધર્મથી સર્વને લાભ. 'સર્વનું આત્મદ્રવ્ય પૂર્ણ છે' એ વિચાર સમત્વભાવનો પોષક છે. સમત્વભાવની સિદ્ધિથી સર્વને પૂર્ણતાની દૃષ્ટિ પ્રાપ્ત થાય છે. સિદ્ધનું આલંબન સર્વને પૂર્ણતાની સિદ્ધિ તરફ પ્રયાણ કરાવે છે. એકને થયેલ પૂર્ણતાની સિદ્ધિ સર્વ જીવોને પૂર્ણ તરફ આકર્ષે છે.

(૯૨) ઉત્તમ જ્ઞાન: એક જ્ઞાન માહિતી પૂરું પાડનારું છે,
બીજું જ્ઞાન પૃથક્કરણ કરી આપે છે.
પહેલું જ્ઞાન જડ-અજડની માહિતી આપે છે, બીજું જ્ઞાન જડતત્ત્વનો ઉચ્છેદ અને અજડતત્ત્વનો ભેદ બતાવે છે.

પહેલું જ્ઞાન સ્વરૂપદર્શક છે, બીજું જ્ઞાન સંબંધદર્શક છે.
સંબંધદર્શક જ્ઞાનને વિશેષજ્ઞાન પણ કહે છે.
બંને પ્રકારનાં જ્ઞાન પોતપોતાનાં સ્થાને સરખા ઉપયોગી છે.
બીજી રીતે જ્ઞાનનાં બે પ્રકાર : પ્રમાણજ્ઞાન તથા નયજ્ઞાન.
કહ્યું છે કે : પ્રમાણનયૈરધિગમઃ
એક પૂર્ણ perfect છે, બીજું અંશ partial છે.
અંશજ્ઞાન પ્રવૃત્તિવિશોધક છે, પૂર્ણજ્ઞાન વૃત્તિશોધક છે.
પ્રવૃત્તિને શુદ્ધ બનાવનાર અંશજ્ઞાન છે,
વૃત્તિને શુદ્ધ, પક્ષપાતરહિત, તટસ્થ રાખનાર પૂર્ણજ્ઞાન છે.
હૃદયમાં પૂર્ણતાના જ્ઞાનને ધ્યેયરૂપ કરી વ્યવહારમાં જે અંશનો ઉપચાર કરવામાં આવે છે, તે અકલુષિત-શુદ્ધ હોય છે.

(૯૩) 'શ્રી' શબ્દ શ્રેષ્ઠતાનો બોધક છે તેથી મહાપુરુષોના નામની આગળ શ્રી ૧૦૮ અથવા શ્રી ૧૦૦૮ લખાય છે.
દૂધમાં ઘી છે તે જાણી શકાય છે પણ જોઈ શકાતું નથી. જોવા માટે દૂધ ઉપર વિવિધ ક્રિયા કરવી પડે છે, તેમ મંત્ર બીજમાં શક્તિ છે એમ જાણ્યા પછી સાક્ષાત્ જોવાને માટે અનેક પ્રકારની ક્રિયામાંથી પસાર થવું પડે છે, તે ક્રિયામાં કૃપા એ મુખ્ય છે. કૃપા પ્રાપ્ત કરવા માટે જરૂરી સઘળી સાધનવિધિમાંથી પસાર થવું આવશ્યક છે.

કૃપા વડે સાધન અને સિદ્ધિ યોગવંત બને છે,
પુરુષાર્થ અને પ્રાપ્તિ સ્વરૂપ બને છે.
કૃપા એ ભક્તિલભ્ય છે, ભક્તિ એ શ્રદ્ધાલભ્ય છે
અને શ્રદ્ધા એ જ્ઞાનલભ્ય છે.
(૬૪) સર્વના આશીર્વાદ મેળવનારને જ
સર્વેશ્વરની કૃપા પ્રાપ્ત થાય છે.
કર્મ બોજનો પણ નિસાસો ભક્તિમાં બાધક બને છે.
શરીરના ચિન્તનથી કામ જાગે છે,
આત્માના ચિન્તનથી કામ ભસ્મીભૂત થાય છે.
ભક્તિ વડે કામ બળે છે.
ભક્તિનો વિષય ભગવાન છે, કામનો વિષય દેહ છે.
ભક્તિથી ભેદબુદ્ધિનો વિનાશ થાય છે,
કામનાથી ભેદબુદ્ધિનો વિસ્તાર થાય છે.
મોહ એ દેહધર્મ છે, પ્રેમ એ આત્મધર્મ છે.
સંબંધના જ્ઞાનથી સ્નેહ બંધાય છે અને
સ્નેહ બંધાવાથી સમર્પણ કાયમ બને છે.
(૬૫)મોક્ષમાર્ગમાં ઉપયોગની વિશુદ્ધિ અને યોગની
સ્થિરતા ઉભય સમકાળે આવશ્યક છે.
યોગની ચંચળતા કર્મબંધ અશુભ આસ્રવ તત્ત્વ છે.

અશુભ આસ્રવના ત્યાગથી સ્થિરતા આવે છે.
ઉપયોગની અશુદ્ધિ કરનાર એકાંતનું જ્ઞાન છે.
અનેકાન્તનું તત્ત્વજ્ઞાન ઉપયોગને વિશુદ્ધ બનાવે છે.
ઉપયોગની વિશુદ્ધિ એ માનસિક અહિંસા, યોગની વિશુદ્ધિ
અને સ્થિરતા એ વાચિક અને કાયિક અહિંસા છે.
અહિંસાધર્મના પરિપૂર્ણ શુદ્ધ પાલન માટે
અનેકાન્તનું તત્ત્વજ્ઞાન અને હિંસાદિ આસ્રવોની વિરતિ
ઉભય એકસરખા ઉપયોગી વસ્તુ છે.
જેમાંથી એકના પણ અભાવે પૂર્ણ અહિંસા અશક્ય છે.

(૯૬) જેમ શ્રેષ્ઠ પુરુષ બાળકને પોતાથી શ્રેષ્ઠ સમજે છે,
તેથી તે શ્રેષ્ઠ ગણાય છે.
'દેહ ઉપર પોતાનો અધિકાર નથી પણ દેહનો પોતા
ઉપર અધિકાર છે' એમ સમજે છે, તે સાચો ભક્ત છે.
એ જ રીતે 'ગુરુનો, ગુરુબંધુનો, સંઘનો, સાધર્મિકનો અને
સહુ કોઈનો પોતા ઉપર અધિકાર છે પણ પોતાનો કોઈ
ઉપર પણ અધિકાર નથી' એમ માનનાર જ સાચો સેવક
છે અને એવા વ્યક્તિમાં જ સાચો સેવાભાવ વસે છે.
'ભવોભવ તુમ ચરણોની સેવા' એ માગણા જ સાચી
માગણા છે અને એમાં જ સાચી ભાગણા સમાયેલી છે.

'દોષને નમસ્કાર અને દોષનું સન્માન'
એ શાસ્ત્રોક્ત પવિત્ર ક્રિયા છે તથા દોષના ભાવનાર
આવિર્ભૂત જ્ઞાનતત્ત્વ અથવા આત્મતત્ત્વને સમર્પણ છે.
(૭૭)નાવે હિ વિદ્યતે દેવો, ન પાષાણે ન મૃણ્મયે। અર્થાત્ઃ
પાષાણ કે માટીમાં નહિ, પ્રભુ તો ભાવમાં વિદ્યમાન છે.
દેહદૃષ્ટિ તે દોષદૃષ્ટિ છે, આત્મદૃષ્ટિ તે ગુણદૃષ્ટિ છે.
દોષ તે દોષ નથી કિન્તુ દોષદૃષ્ટિ તે દોષ છે.
ગુણ તે ગુણ નથી કિન્તુ ગુણદૃષ્ટિ તે ગુણ છે.
દોષ એ પરવસ્તુના સંબંધથી છે, તેથી વિભાવ છે.
ગુણ એ આત્માની પોતાની વસ્તુ હોવાથી સ્વભાવ છે.
વિભાવ પરના સંબંધને બતાવનાર છે.
દોષરૂપી વિભાવ જીવની સાથે રહેલા
કર્મના સંબંધને બતાવે છે, તેથી તે પર વસ્તુ છે.
પર વસ્તુને પરછાયા અથવા પડછાયો કહે છે.
પડછાયાથી જેમ પુરુષનું ગ્રહણ થાય છે, તેમ
દોષરૂપી પરછાયા - પડછાયાથી એ પડછાયો જેનો છે,
તે પુરુષ અથવા આત્માનું ગ્રહણ થાય છે.
દોષ ઉપરથી કર્મના સંબંધમાં રહેલા જીવનું ગ્રહણ કરવું,
એ દોષને જોવાની સાચી દૃષ્ટિ છે.

(૯૮) જેમ સૂર્ય - ચંદ્રને ઉપકાર કરવા માટે પોતાનું સ્થાન છોડીને પૃથ્વી ઉપર આવવું પડતું નથી, કિન્તુ પોતાના સ્થાનમાં સ્થિર રહીને જગત ઉપર ઉપકાર કરી શકે છે, તેમ જ દેવ અને ગુરૂને પણ ઉપકાર કરવા માટે પોતાની વીતરાગતા અને નિર્ગ્રન્થતાને તજવી પડતી નથી કિન્તુ વીતરાગતા અને નિર્ગ્રન્થતામાં સ્થિર રહીને જગત ઉપર પોતાનો પ્રભાવ પાડી શકે છે અને રાગ-દ્વેષના તાપથી તપતા જીવોને શાંતિ આપી શકે છે તથા અજ્ઞાન અંધકારથી ઘેરાયેલાઓને પ્રકાશના કિરણો પહોંચાડી શકે છે. સ્વરૂપનો બોધ કરાવવા માટે જ્ઞાનીઓની જેમ તેમને ભાષણો કરવાની કે લેખો લખવાની જરૂર પડતી નથી. પોતાના સ્વરૂપમાં સ્થિરતા એ જ તેમનું ભાષણ અને એ જ અમૂલો લેખ બની જાય છે.

(૯૯) 'સ્વપરિણામથી જ ધર્માધર્મ થાય છે, તો પછી બાહ્ય આલંબનોની શી જરૂર છે?' એમ ન કહેવું.

શુભાશુભ પરિણામ એ ચિત્તનો ધર્મ છે, તેથી તે વિજ્ઞાનની પેઠે હંમેશા બાહ્યાલંબનોથી જ પ્રવર્તે છે. જેમ આલંબનરહિત શુભપરિણામ થતો નથી, તેમ વિપરીત આલંબનથી પણ પ્રાયઃ શુભ પરિણામ થતો નથી, અન્યથા નીલાદિકનું શુક્લાદિ રૂપ જ્ઞાન થવું જોઈએ પણ તેમ કદી થતું નથી.

## સં. ૨૦૨૪, કારતક સુદ ૧/૨, તા.૩-૧૧-૧૯૬૭

(૨૦) મુનિલિંગ એ ગુણોનું સ્થાન છે, તેથી તે ગુણોથી રહિત હોય તો પણ ગુણરહિત જાણવામાં ન આવે ત્યાં સુધી જિન પ્રતિમાની પેઠે પૂજ્ય છે.

(૨૧) જીવમાત્ર સાથે મૈત્રી કે વિતરાગીતાનો ભાવ આવ્યા વિના રાગ-દ્વેષાદિ કષાયોનો નિર્મૂળ નાશ અશક્ય છે. ભગવાનનાં દર્શન કરતી વખતે સંઘની વતી સંઘકલ્યાણનો ભાવ, પોતાની વતી પોતાના કલ્યાણનો ભાવ અને સર્વ જીવોની વતી સર્વ જીવો બોધિલાભ પામીને પોતાના આત્માનું કલ્યાણ કરો, એવો ભાવ રહેવો જોઈએ.

(૨૨) જીવમૈત્રી અને જિનભક્તિ પરસ્પર પૂરક છે. જિનેશ્વર દેવ ઉપર ભક્તિભાવ આવે તો જીવમૈત્રીનો ભાવ જાગે અને જો સૌમાં જીવમૈત્રીનો ભાવ જાગે તો જ જિનેશ્વર પરમાત્મા ઉપર આંતરંગ ભક્તિભાવ જાગે.

બંને પરસ્પરની સાથે સંબંધ ધરાવે છે.

એકના વિના બીજાનો અસંભવ છે.

(૨૩)
- વર્તમાનમાં જીવો = Live in the present.
- ચિત્તને વિશ્રામ આપો = Relax the mind.
- જાગરૂક રહો = Be self-aware.

(૨૪) સત્ય કદી શબ્દોથી ઉપલબ્ધ થતું નથી.

સત્યની ભાષા મૌન છે.

સંન્યાસ કેવળ બાહ્યત્યાગમાં નથી, પણ

જીવનને પરિપૂર્ણ રૂપથી પામવામાં છે.

અંધકારને ઉલેચવાનો હોતો નથી,

પ્રકાશને પ્રગટાવવાથી તે આપોઆપ દૂર થઈ જાય છે.

બીમારીને મટાડવા માટે બીમારીને ભૂલી જવી યોગ્ય નથી

પણ તે બીમારીને સમજવી જરૂરી છે,

એ માટે સ્વસ્થ ચિત્ત હોવું જરૂરી છે.

આદર્શ, ઉપદેશ અને આલંબન ત્રણે સહાયક તત્ત્વો છે,

તેનો યથાસ્થાને યોગ્ય ઉપયોગ થવો જોઈએ.

(૨૫) મનુષ્યનાં મનને ત્રણ મજલાં છે:

1) conscious mind = ચેતન.

2) sub-conscious mind = અર્ધચેતન.

3) Un-conscious mind = અચેતન.

છેલ્લા ૫૦૦૦ વર્ષમાં મનુષ્ય જાતિએ ૧૫૦૦૦ યુદ્ધો લડ્યાં છે. લડાઈ બંધ હોય છે, ત્યારે પણ લડાઈની તૈયારી તો ચાલતી જ હોય છે. તે સંઘર્ષ મટે કેવી રીતે?

ઉપરના મનમાં જે પ્રકાશ છે,

તે અર્ધચેતન અને અચેતન મનમાં લઈ જવી જોઈએ.
Awareness અથવા જાગરૂકતાનો દીવો પ્રગટાવીને
ત્રણે મંજિલોમાં પ્રકાશ પહોંચાડવો જોઈએ.

બાહ્યમનને બદલવા માટે આંતરમનને બદલવું જોઈએ,
તે માટેનો ઉપાય છે: ધ્યાન - right meditation.

(૨૬) <u>નમસ્કારનો સ્વામી કોણ ?</u>

નૈગમ-વ્યવહારના મતે નમસ્કારનો સ્વામી નમસ્કાર્ય છે.

(1) <u>ગૃહીતિ</u> : દાન કરાયા પછી વસ્તુ દાતારની નહિ પણ ગ્રહણ કરનારની ગણાય છે. નમસ્કાર એ પણ પૂજ્યોને સન્માનનું દાન છે, તેથી તેના સ્વામી પૂજ્યપંચક છે.

(2) <u>પ્રતીતિ</u> : પૂજ્યની પ્રતીતિ કરાવનાર હોવાથી પૂજ્યનો ધર્મ છે. જે જેની પ્રતીતિ કરાવે, તે તેનો ધર્મ છે. ઘટરૂપ ઘટની પ્રતીતિ કરાવે છે, માટે ઘટનો ધર્મ છે.
નમસ્કાર પણ નમસ્કાર્યની પ્રતીતિ કરાવે છે,
માટે નમસ્કાર્યનો ધર્મ છે.

(3) <u>ઉત્પત્તિ</u> : નમસ્કારનો પરિણામ નમસ્કાર્યનું નિમિત્ત પામીને ઉત્પન્ન થાય છે. ઘટના નિમિત્તે ઉત્પન્ન થતું ઘટજ્ઞાન અને ઘટાભિધાન એમ ઘટનું કહેવાય છે, તેમ નમસ્કાર્યના નિમિત્તે ઉત્પન્ન થતો નમસ્કારનો
પરિણામ પણ નમસ્કાર્યનો જ પર્યાય ગણાય.

(4) <u>સ્થિતિ</u> : નમસ્કાર કરનાર નમસ્કાર્યનું દાસત્વ પામે છે, તેથી તે નમસ્કાર ઉપર નમસ્કાર કરનારનો અધિકાર નથી, પણ નમસ્કાર્યનો અધિકાર ગણાવ્યો છે.

(29) ઋજુસૂત્રના મતે નમસ્કાર નમસ્કાર્યનો નહિ પણ નમસ્કાર કરનારનો છે, કેમકે નમસ્કાર ત્રણ પ્રકારનો છે:

જ્ઞાનરૂપ, શબ્દરૂપ અને ક્રિયારૂપ.

જ્ઞાનરૂપ નમસ્કાર જીવથી અભિન્ન છે, તેથી જીવ સિવાય જડ પ્રતિમાદિનો ન જ હોઈ શકે.

શબ્દરૂપ અને ક્રિયારૂપ નમસ્કાર પણ શબ્દ કરનાર અને ક્રિયા કરનારનો ધર્મ છે, તે ધર્મ અન્ય દ્રવ્યમાં કેવી રીતે જઈ શકે?

<u>નમસ્કાર એ નમસ્કાર કરનારનો છે, કેમકે</u>:

(1) નમસ્કાર એ કરનારને આધીન છે. स्वतंत्रः कर्ता।
એ નિયમ મુજબ દેવદત્તના ધનની જેમ જે જેને આધીન હોય, તે તેનું જ ગણાય.

(2) નમસ્કાર એ કરનારના ગુણરૂપ છે.
જ્ઞાન, ક્રિયા કે શબ્દ એ નમસ્કાર કરનારના ગુણ છે.

(3) નમસ્કાર એ નમસ્કારના કારણરૂપ કર્મનો ક્ષયોપશમ કરનારમાં છે. કાર્યકારણ સિવાય અન્યત્ર હોય નહિ.

(૫) નમસ્કારનો પરિણામ નમસ્કાર કરનારમાં છે અને
તેના ફળનો ભોક્તા નમસ્કાર કરનાર છે.

(૨૮) શબ્દાદિ નયોના મતે ઉપયોગ રૂપ ભાવ એ જ નમસ્કાર છે, કિંતુ શબ્દ અને ક્રિયા એ નમસ્કાર નથી.
આ નયો માત્ર ભાવવાદી હોવાથી
એ જિનેશ્વરાદિ યા તેમની પ્રતિમાદિનો નમસ્કાર છે, એમ વિશેષ કરીને માનતા નથી પણ માત્ર તદુપયોગવાન પૂજકનો જ નમસ્કાર છે, એમ સ્વીકારે છે.

(૨૯) નવકારથી શાશ્વતીનો સ્પર્શ, દેહાતીત દશા, મૃત્યુંજયી જીવન, મોહજીત જીવન, પાપાત્માનો નિકાલ, દરેકનું હિતરક્ષણ અને શ્વાસમાં પ્રભુનામનો વિશ્વાસ થાય છે.

(૩૦) ધર્મ એ જીવનને પરમાત્મામાં જીવવાની વિધિ છે.
સંસારમાં એવી રીતે જીવી શકાય છે કે જેમ
સરોવરના કાદવમાં કમળ જીવે છે. - રજનીશ

ધર્મ જીવનથી ભિન્ન નથી. જે ધર્મ જીવનથી ભિન્ન છે, તે મૃતપ્રાય પથ્થર છે. દીવો બોલતો નથી પણ બળે છે. ધર્મ પણ જ્યારે જીવનમાં પ્રજ્વલે છે, ત્યારે બોલે છે.

(૩૧) સમૃદ્ધિમાં છકે નહિ, આપત્તિમાં ડગે નહિ, પ્રાપ્તિમાં ટટળાય નહિ, હાનિમાં ગભરાય નહિ, એવા માનસિક

ભક્તિ જે ધીર પુરુષ પ્રાપ્ત કરી શકે,
તેને પછી બીજું કશું યે પ્રાપ્ત કરવાનું રહેતું નથી.

સ્વલ્પમપ્યસ્ય ધર્મસ્ય ત્રાયતે મહતો ભયાત્ ।
સદ્ગુરુ: થોડો પણ ધર્મ મોટા ભયથી રક્ષણ કરે છે.

o

Every step ever taken along
the path of samatva
is a permanent progress.

(32) The feeling of gratitude towards Guru for what has been recieved from him, makes the surrender not only easy but natural & happy.
The debt which a disciple owes to his Guru for invaluable grace can only be repaid through devotion and service to him.

સર્વ ધર્માન્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ ।
અહં ત્વાં સર્વ પાપેભ્યો મોક્ષયિષ્યામિ મા શુચઃ ।। સદ્ગુરુ:
સર્વ ધર્મોને છોડીને ફક્ત એક મારું શરણું સ્વીકાર.
હું તને બધા પાપોથી છોડાવીશ. શોક ન કર.

(33) मंत्रार्थं मंत्रचैतन्यं यो नैव वेत्ति तत्त्वतः ।
शत-कोटि-प्रजप्तेन तस्य मंत्रो न सिध्यति ॥१॥

(પરિશિષ્ટ-૧૧)

મંત્રનો અર્થ એટલે મંત્રવાચ્ય દેવતાનું સ્વરૂપ અને
ભાવન એટલે અભેદ ચિન્તન.

અર્થ અનેક પ્રકારનાં છે: શબ્દાર્થ - ભાવાર્થ - સંપ્રદાયાર્થ તથા નિગૂઢાર્થ એટલે કે ગૂઢ અને તાત્વિક અર્થ કે 'મંત્ર અને મંત્રદેવતા એક જ છે' એવી અભેદબુદ્ધિ.

मन्त्रार्थो देवतारूपचिन्तनं परमेश्वरि ।
वाच्यवाचकभावेनाऽभेदो मंत्रदेवतयोः ॥१॥

અર્થાત્: મંત્રદેવતાના સ્વરૂપચિન્તનને મંત્રાર્થ કહેવાય છે.
મંત્રના અક્ષરો એ જ મંત્રદેવતાનું સ્વરૂપ છે.

ભાવાર્થ અને સંપ્રદાયાર્થની પ્રાપ્તિ પછી જ નિગૂઢાર્થની પ્રાપ્તિ થાય છે. મંત્રનો બહિર્લક્ષ દૂર થતાં તે શક્તિરૂપે યા દેવતારૂપે ભાસે છે. ચૈતન્યનો મહાપ્રવાહ અંદર ચાલી રહ્યો છે, તેની સાથે મંત્ર અને મંત્રદેવતા જોડાઈ જાય છે. ચૈતન્યમાં મંત્રનું સમાઈ જવું તેને મંત્રચૈતન્ય કહે છે.

વાચકની સાથે અભેદચિન્તન તે મંત્રાર્થ છે.
વાચ્યની સાથે અભેદ ચિન્તન તે મંત્રચૈતન્ય છે.

મંત્ર, ગુરુ, દેવતા, આત્મા, મન અને પવન - એ બધાનું ઐક્યભાવન તે મંત્રસિદ્ધિ છે.

(૩૪) Attachment and aversion are means to loss of spiritual energy.

અહિત રાગ-દ્વેષ એ આધ્યાત્મિક શક્તિનો વિનાશ છે.

જ્યાં એક પદાર્થને પસંદગી અપાય છે,
ત્યાં તે બાબત સર્વના ભોગે જ હોય છે.

વિશુદ્ધ રાગમાંથી વીતરાગતા પ્રગટે છે.

સર્વ પ્રત્યે સમાનભાવ તે વિશુદ્ધ રાગ છે. વીતરાગતા is a perfect impersonal objectivity.

સામાયિક એટલે...

અશાંત સ્થળ, અશાંત સમય અને અશાંત મનમાંથી શાંત સ્થળ, શાંત સમય અને શાંત મનમાં જવાની પ્રક્રિયા.

In samayik, mind becomes stilled, desires sublimed, body relaxed and senses concentrated. સર્વથી નિરપેક્ષ બનવામાં સર્વ પ્રત્યે દુર્લક્ષ, પોતાનો અહં અને સર્વ સાથેના સંબંધનું અજ્ઞાન એમ ત્રણ દોષ પોષાય છે.

જ્યાં સંબંધનો વિચાર નથી, ત્યાં સ્યાદ્વાદ નથી.

સ્યાદ્વાદદૃષ્ટિના અભાવમાં વસ્તુનો વિચાર અધૂરો છે.
અધૂરામાં પૂરાનો બોધ અને તેનો આગ્રહ રાખવો,
એ જ સર્વ પ્રકારની આપત્તિઓનું મૂળ છે,
એ જ મિથ્યાત્વ અને એ જ એકાંત છે.
universe = a unified whole.

(૩૫) કૃતજ્ઞતા કૃપાવૃષ્ટિ છે - નમસ્કાર.
કર્તવ્યતા કારુણ્ય છે - ક્ષમાપના.
અપરાધીઓની ક્ષમા યાચવી તે કર્તવ્ય છે, પોતાને ઉપજેલા અને થતાં ગુણો પ્રત્યે કૃતજ્ઞ રહેવું તે નમસ્કાર છે.
નમસ્કારથી સુકૃતાનુમોદન થાય છે તથા
ક્ષમાપનાથી દુષ્કૃતગર્હા થાય છે.
one is the law of grace & gratitude
& the other is the law of mercy & love.
પોતાના આત્માથી પોતાના આત્માને ન પિછાન્યો,
તો બીજી વાતોથી ફાયદો શો?

(૩૬) અકામ નિર્જરામાં ઇચ્છા, પ્રયત્ન કે સંકલ્પ નથી,
કિંતુ કર્મવિપાક અનુભવતી વખતે જીવની અંદર સ્વયમેવ
ઉછળતી આત્મિક 'સમભાવ'ની માત્રા કારણભૂત છે,
અહિંસા, સંયમ અને તપના પાલન વખતે તે માત્રા

ઇચ્છા, પ્રયત્ન અને સંકલ્પપૂર્વક હોય છે,
તેથી તેને સકામ નિર્જરા કહેવાય છે.

(37) અખંડ આનંદ અખંડ વસ્તુમાંથી મળી શકે. તેવી વસ્તુ પર્યાય નહિ પણ દ્રવ્ય છે, તેથી દ્રવ્યને ધ્રુવ કહેવાય છે.
પર્યાયમાંથી મળતો આનંદ ખંડિત છે,
તેથી પર્યાયદૃષ્ટિ છોડવી જોઇએ.
વૈરાગ્ય એટલે પર્યાયદૃષ્ટિને ફાંસીની સજા.
તેથી તે કોઈને ગમતો નથી, પરંતુ
તે સિવાય અખંડ આનંદનો અનુભવ પણ થતો નથી.

(38) સુરતાને શબ્દમાં જોડવી તે સુરત શબ્દયોગ છે.
સુરતા એટલે ધ્યાન અને શબ્દ એટલે અનાહત.
ધ્યાનને અનાહતમાં જોડવાની ક્રિયા તે સુરત શબ્દયોગ છે.

(39) બ્રહ્મનું નામ હંસ છે, બ્રહ્મનું રૂપ તેજ છે અને
બ્રહ્મનું સ્થાન 'પરા' છે.

(40) सच्चिदानंदविभवात् सकलात्परमेश्वरात् ।
आसीच्छक्तिस्ततो नादो नादाद्बिन्दुसमुद्भवः ॥१॥
- शारदातिलक तन्त्रे।

પરમેશ્વર સચ્ચિદાનંદરૂપ છે. તેનાથી શક્તિનો આવિર્ભાવ,
શક્તિથી નાદનો અને નાદથી બિંદુનો પ્રાદુર્ભાવ છે.

નાદ એ શક્તિનું સૂક્ષ્મરૂપ છે, તેનાથી મંત્રની ઉત્પત્તિ થાય છે.

નાદના ત્રણ પ્રકાર છે: નાદ, નાદાન્ત અને નિરોધિની.

નાદના આ ત્રણે પ્રકાર રૂપવ્યક્ત છે.

વાચ્યને પ્રગટ થવાનું પ્રથમ સ્ફુરણ તે અર્ધચંદ્ર છે.

અર્ધચંદ્રનો નિવાસ બિંદુમાં છે.

બિંદુ અને અર્ધચંદ્રનો નિવાસ ઈશ્વરતત્ત્વમાં છે.

શબ્દબ્રહ્મની ભિન્ન ભિન્ન ત્રણ શક્તિઓ છે:

ઈચ્છા, ક્રિયા, જ્ઞાન અથવા સત્ત્વ, રજસ્, તમસ્ અથવા

સૂર્ય, ચંદ્ર, અગ્નિ અથવા બ્રહ્મા, વિષ્ણુ, મહેશ.

ઉત્પત્તિમાં પ્રકાશ અને વિમર્શ મળીને કાર્ય કરે છે.

(૪૧) ચિત્તસ્થૈર્યનાં ભિન્ન ભિન્ન ૮ ઉપાયો:

1) એક તત્ત્વાભ્યાસ 2) મૈત્ર્યાદિ ભાવ
3) વિષયવતી પ્રવૃત્તિ 4) જ્યોતિષ્મતી
5) ત્યાગ - વૈરાગ્ય 6) સ્વપ્ન - નિદ્રા
7) એક વીતરાગતત્ત્વનું ધ્યાન 8) યથાભિમત ધ્યાન.

(૪૨) ચિત્તનાં ત્રણ ધર્મો છે: માધુર્ય, ઓજ અને પ્રસાદ.

માધુર્ય - ચિત્તનું પીગળી જવું - અગ્નિ અને માખણ.

ઓજ - ચિત્તનું સળગી ઉઠવું - અગ્નિ અને ઈંધણ.

પ્રસાદ - ચિત્તનું વ્યાપી જવું - અગ્નિ અને ઘાસ.

(૪૩) વ્યુત્થાન = સંસારમાં નિમગ્નતા.
સમાહિત = આત્મામાં નિમગ્નતા.

(૪૪) ओ मित्येतत् अनुस्वाक्षरं । सर्वं खल्विदं ब्रह्म ।
तज्जलान्, इति शान्त उपासीत ।

સકલ જગત બ્રહ્મરૂપ છે.
બ્રહ્મ એ ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યસ્વરૂપ છે,
તેથી તેની શાન્તવૃત્તિથી ઉપાસના કરવી.
ૐ એ અનુકૂળતા પ્રદર્શક અવ્યય છે.
अवति इति ओं । અર્થાત્: ૐ રક્ષણકર્તા છે.
ૐ એ ઉચ્ચારણમાં સરલ, અર્થથી રક્ષણહાર,
ઉપાસનાની દૃષ્ટિએ ઓંકાર અને ફલની દૃષ્ટિએ
સ્થૂલથી સૂક્ષ્મ, સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમમાં લઈ જાય છે,
અનંત એવા બ્રહ્મ સ્વરૂપને પમાડે છે,
ચિત્તને વાસના અને વૃત્તિરહિત બનાવે છે,
વિષયપ્રવાહને અટકાવે છે તથા વિવેકપ્રવાહને વહેવડાવે છે.
બ્રહ્મની ઉપાસના માટે
ૐ રૂપી ઓંકારથી ચઢીઆતો કોઈ મંત્ર નથી.
બિંદુસહિત ૐકારની ઉપાસના યોગીપુરુષો નિત્ય કરે છે.
ઉપાસના અર્થાત્ ધ્યાન.

(૪૫) આત્માના ષડ્રિપુનાં નામ અનુક્રમે

કામ, ક્રોધ, લોભ, માન, મદ અને હર્ષ છે.

એ ષડ્રિપુ છે કેમકે તે આત્માની ષટ્સંપત્તિને હણનારા છે.

આત્માની ષટ્સંપત્તિનાં નામ અનુક્રમે

જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય અને ઉપયોગ છે.

કામથી જ્ઞાન હણાય છે, ક્રોધથી દર્શન હણાય છે,
લોભથી ચારિત્ર હણાય છે, માનથી તપ હણાય છે,
મદથી વીર્ય હણાય છે અને હર્ષથી ઉપયોગ હણાય છે કે
ઇચ્છાથી છ હણાય છે અને
એકેકથી બધુ છ એ હણાય છે.

ષટ્સંપત્તિની રક્ષા માટે ષડ્રિપુઓને હણવા જોઈએ.

જ્ઞાનથી કામ જતાય છે, દર્શનથી ક્રોધ જતાય છે,
ચારિત્રથી લોભ જતાય છે, તપથી માન જતાય છે,
વીર્યથી મદ જતાય છે અને ઉપયોગથી હર્ષ જતાય છે.
આત્મધ્યાનથી છ એ જતાય છે.
અનાત્મભાવથી છ એ પોષાય છે.

દ્રવ્યદૃષ્ટિથી શુદ્ધ આત્મા અથવા પરમાત્માનું ધ્યાન
સર્વ પ્રકારના વિકારોને જતવાનો
અનન્ય અને અમોઘ, અનુપમ અને અદ્વિતીય ઉપાય છે.

(૪૬) <u>ષડ્રિપુને જીતવા ષટ્ સંપત્તિઓ</u>

કામને જીતવા માટે ધર્મગુરુ - જ્ઞાન.

ક્રોધને જીતવા માટે ધર્મગ્રન્થ - દર્શન.

લોભને જીતવા માટે ધર્મસ્થાન - ચારિત્ર.

મોહને જીતવા માટે ધર્મક્રિયા - તપ.

વીર્ય વડે ઉપાસના - ઉપયોગ.

મદને જીતવા માટે મંત્ર, મત્સરને જીતવા માટે મૂર્તિ.

ષટ્ સંપત્તિઓનો નાશ કરનાર ષડ્રિપુઓ ઉપર
વિજય અપાવનાર સાત ક્ષેત્રની ભક્તિ અને
અનુકંપાદાન એ પરમ સાધન છે.

(૪૭) 'એક જ તત્ત્વ સર્વમાં રહેલું છે'
એમ અનુભવવું તેનું નામ સમતા.
તે રાગ-દ્વેષનો સમૂલ ક્ષય કરે છે.

અજ્ઞાની અજ્ઞાન અંધકારમાં ભટકે છે અને
આત્મજ્ઞાનશૂન્ય જ્ઞાની અહંકારરૂપ અંધકારમાં ભટકે છે.
એ દૃષ્ટિએ બંને સરખાં છે.
આત્મજ્ઞાન અહંકારને નિવારે છે.
આત્મજ્ઞાનશૂન્ય વિદ્યા કે અવિદ્યા બંને અપકારક છે.
આત્મજ્ઞાન યુક્ત તે બંને ઉપકારક છે.

ध्मातं सितं येन पुराणकर्म
यो वा गतो निर्वृतिसौधमूर्ध्नि ।
ख्यातोऽनुशास्ता परिनिष्ठितार्थो
यः सोऽस्तु सिद्धः कृतमंगलो मे ॥१॥

(૪૮) સર્વ સિદ્ધ ભગવંતો સર્વોત્કૃષ્ટ સ્થિતિને પામેલા છે,
માટે એમ સર્વોત્કૃષ્ટ સ્થિતિને પમાડનારા છે,
તેવી જ રીતે સર્વોત્કૃષ્ટ સ્થિતિને પમાડનારા છે,
માટે સર્વોત્કૃષ્ટ સ્થિતિને પામેલા છે.
બંને સ્થિતિ સમાંતરે ચાલે છે.
એકની વૃદ્ધિ થતાં બીજાની વૃદ્ધિ થાય છે અને
એકની હાનિ થતાં બીજાની હાનિ થાય છે.
દાન અને ભવન બંને સાથે ચાલે છે, કોઈક
ભવમાત્રનું લક્ષણ ઉભય પ્રકારે છે.
બાહ્યલક્ષણથી બીજાને અનુગ્રહ - ઉપઘાતમાં
નિમિત્ત બનાય છે અને આંતરલક્ષણથી
પોતાના અનુગ્રહ - ઉપઘાતમાં નિમિત્ત બનાય છે, તેથી
ઉપયોગ અને યોગ ઉભયની વિશુદ્ધિમાં ધર્મ રહેલો છે.

उपयोगो लक्षणम्, आन्तरापेक्षम् ।
उपग्रहो लक्षणम्, बाह्यापेक्षम् । (परिशिष्ट-१२)

(૪૯) ઉપયોગની વિશુદ્ધિ મૈત્ર્યાદિ ભાવોમાં રહેલી છે
અને યોગની વિશુદ્ધિ અહિંસાદિના પાલનમાં રહેલી છે.
મૈત્ર્યાદિભાવથી શૂન્ય અહિંસાદિનું પાલન એકેન્દ્રિય
અવસ્થામાં પણ છે અને અહિંસાદિના પાલનથી શૂન્ય
મૈત્ર્યાદિ ભાવોનું અસ્તિત્વ અનુત્તરના દેવોમાં પણ છે.
એટલો તફાવત અવશ્ય છે કે ભાવની વિશુદ્ધિ પાલનને
ઊંચી લાવે છે, તેવી રીતે કેવળ યોગની વિશુદ્ધિમાં ભાવને
ઊંચી લાવવાની સમર્થ શક્તિ નથી. માટે જ કહ્યું છે કે:

क्रियाशून्यं च यज्ज्ञानं, ज्ञानशून्या च या क्रिया ।
अनयोरन्तरं ज्ञेयं, भानुखद्योतयोरिव ॥१॥ અર્થાત્:

ક્રિયાશૂન્ય જ્ઞાન સૂર્યની પેઠે મહાપ્રકાશવાળું છે અને
જ્ઞાનશૂન્ય ક્રિયા ખજુઆની પેઠે અલ્પ પ્રકાશવાળી છે.

તે માટે યોગની સિદ્ધિ જરૂરી છે અને
તે માટે જ્ઞાનનયને વિષે દૃષ્ટિ દેવી જરૂરી છે.

જ્ઞાનદગ્ધ કર્મ ફરી અંકુરિત થતું નથી.
જ્ઞાન સહિતની ક્રિયાથી ટળેલો બંધ ફરી થતો નથી.
એ અપેક્ષાએ ક્રિયા કરતાં જ્ઞાનનું ગૌરવ અધિક છે.

જ્ઞાન સહિત કરેલી ક્રિયા
આ ભવમાં જ મુક્તિસુખનો અનુભવ કરાવે છે.

'नमो अरिहंताणं ।' પદનો
એક અર્થ એ પણ છે કે સ્વપ્રકૃતિની ભાવનારૂપી
અરિને હણનારાઓને નમસ્કાર થાઓ.
પ્રકૃતિની ભાવના એ જિનની ગરજ સારે છે.

(૫૦) अरिहंत, अरहंत, अरुहंत ।
अरिहननात्, रजोहननात्, रहस्याभावात् ।
अरहन्ति, अरहान्त, अन्तेजन्मुद्रः, अगच्छद्रुद्रः ।
મનોજ્ઞ આત્માઓ વિષયાદિના સંપર્કમાં આવીને પણ
વીતરાગતાદિને છોડતા નથી તથા સરાગતાદિને પામતા નથી.

अरि - આઠ કર્મ, દ્રવ્ય કર્મ, ભાવ કર્મ, નોકર્મ
રાગ-દ્વેષ, કષાય, ઇંદ્રિય, પરિષહોપસર્ગ
ઇંદ્રિય, વેદના, વિષયકષાય, પરિષહોપસર્ગ.

अरहं - વંદન, પૂજન, સત્કાર, સન્માન, બોધિ
નિરૂપસર્ગ, સિદ્ધિગમન, શાશ્વત સુખ.

अरुहं - કર્મબીજ બળી ગયા પછી ભવ અંકુર નથી.
ભવાટવીમાં માર્ગદર્શક, ભવસમુદ્રમાં નિર્યામક અને
છ કાયના રક્ષક મહાગોપ - મહામાહણ,
નહિ હણનારા અને રક્ષણ કરનારા.
ભય નહિ આપનારા અને અભયને દેનારા.

(૫૧) સવ્વસાહૂણં એટલે... કેવા સાધુ?

સ્થવિરકલ્પી - જિનકલ્પી, છદ્મસ્થ - સર્વજ્ઞ,
ગીતાર્થ - અગીતાર્થ, અદ્યદિનદીક્ષિત - દેશોનપૂર્વકોટિ દીક્ષિતાદિ.
સાર્વ = સર્વનિરોધી વિશિષ્ટ અર્હદ્ધર્મ સ્વીકારનાર, સર્વ શુભ યોગોને સિદ્ધ કરનારા, અરિહંતોને આરાધનારા, શ્રેષ્ઠ અને સર્વ સાધુ ભગવંતો.
લોક = ઊર્ધ્વ, અધો અને તીર્છાલોકમાં રહેલા સાધુ.

(૫૨) એક 'નમો' પદથી જ
દ્રવ્ય-ભાવ ઉભય પ્રકારનો નમસ્કાર ગ્રહણ થાય છે.

(૫૩) કાર્યારંભે ઈશ્વરની સ્તુતિ કરી અને
અંતે પણ ઈશ્વરનું સ્મરણ કરી, તેથી
કાર્યમાં કદી નિષ્ફળતા નહિ મળે.

(૫૪) ક્ષમા માંગો - દયા આપો,
અનુગ્રહ માંગો - કૃતજ્ઞતા આપો,
ભેદભાવ ભાંગો - અભેદભાવ સાધો.

(૫૫) જ્ઞાનનો વિચાર ઉદ્ભવ્યા પછી જ્ઞાનશક્તિ (ધર્મ)ની જિજ્ઞાસા થાય છે. ધર્મ (શક્તિ) જ્ઞાન અને ક્રિયારૂપ છે.
મોક્ષનું કારણ માત્ર એક જ્ઞાન જ છે.
મોક્ષ વસ્તુતઃ સર્વાત્મ સિદ્ધિને કહે છે.

(૫૬) સર્વોત્તમ સિદ્ધિ એટલે...

સમસ્ત જાગતિક પ્રપંચોની સાથે આત્માની અભિન્નતા.

પ્રપંચનું તાત્પર્ય પાંચ વિષયો છે.

પાંચ વિષયોને જાણવાવાળો સામાન્ય વિશિષ્ટ જીવ પણ પ્રપંચથી અભિન્ન જ છે. (યોગ એટલે)

મોક્ષનો ઉપાય અને મોક્ષ બંને જ્ઞાન છે.

અધર્મનું કારણ અજ્ઞાન છે, પરંતુ

આ અજ્ઞાન પણ જ્ઞાનથી ભિન્ન નથી.

અવિદ્યા પણ જ્ઞાન છે - બ્રહ્મની જ શક્તિવિશેષ છે.

બ્રહ્મ અને બ્રહ્મશક્તિમાં કોઈ ભેદ નથી.

આનું જ નામ મુક્તિ છે.

(૫૭) શૈવમાર્ગમાં જીવને પાંચ બંધન છે:

(1) અનાત્મમાં આત્મબુદ્ધિ રાખવી તે.

(2) આત્મામાં અનાત્મબુદ્ધિ રાખવી તે.

(3) જીવોમાં પરસ્પર ભેદનું જ્ઞાન હોવું તે.

(4) ઉપાસ્ય - ઉપાસનામાં ભેદબુદ્ધિ રાખવી તે.

(5) પરબ્રહ્મરૂપ ચૈતન્યથી આત્માને જુદો સમજવાની બુદ્ધિ રાખવી તે. આ પાંચ બંધન પણ જ્ઞાનરૂપ છે.

આ બધો બ્રહ્મશક્તિનો જ વિલાસ છે.

આ બંધનોને કારણે જીવને જન્મ - મરણનું ચક્ર છે.

સંતમાં સર્વજ્ઞતા બુદ્ધિ પ્રાપ્ત કરવાની ટેવ છે.

અંદરથી શાક્ત, બહારથી શૈવ અને લોકમાં વૈષ્ણવ
બનીને રહેવું એ કૌલમાર્ગનો આચાર છે.

આત્મજ્ઞાનથી જ મોક્ષ છે.

(૫૮)મરણ સુધારે છે પ્રભુથી અને મરણ બગાડે છે વાસનાથી. મનનું મોટું ફૂલ પ્રભુ ચરણોમાં અર્પણ કરવાથી જ સાર્થક થાય છે. ભૂલમાંથી બોધપાઠ લેનાર માટે તે ઉંચે ચઢવાનું પગથિયું છે અને ભૂલમાંથી કાંઈ નહિ શીખનાર માટે તે નીચે પડવા માટે ઊંડી ખાઈ છે.

ભગવાન થઈએ એના કરતાં
ભગવાનના થઈએ તે વધુ સારું છે.

આપણે ભગવાનનું કામ કરીએ છીએ કે
ભગવાન આપણું કામ કરે છે?

વિચાર કરીશું તો સમજાશે કે આપણે તો પ્રભુનું કશું ય કામ કરતા નથી અને ભગવાન જ આપણને જીવાડે છે. સવારે ઉઠાડે - સાંજે સુવાડે છે, ખાવાની સામગ્રી ઉગાડે છે અને બધી વસ્તુ તે જ પૂરી પાડે છે. તમારામાં જે શક્તિ રહેલી છે, તે વિષે તો તમે બહુ થોડું જ જાણો છો.

સપાટી ઉપર ભલે અશાન્તતાઓ દેખાતી હોય, પરન્તુ
તેની પાછળ અનંત શાન્તતાઓ રહેલી હોય છે.

મૌન સૌથી ઉત્તમ પ્રાર્થના છે.

શાંતિમાં જ ઈશ્વરનો શબ્દ સાંભળી શકાય છે, પરંતુ
સાચી શાંતિ સહજમાં મળતી નથી.
તે માટે સતત પ્રયત્ન આવશ્યક છે.

એકતા અને ઉન્નતિ - એ બે સગા બહેનો છે.

(૫૯) શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યઘન, કેવળ જ્યોતિ, સુખધામ,
બીજું કહીએ કેટલું, કર વિચાર તો પામ. - આત્મસિદ્ધિ

(૬૦) વાદળાઓ ખાલી થવા માટે અને સરિતાઓ મધુર
શીતળ જળ માટે કોઈને આમંત્રણ આપવા જવું પડતું નથી,
એના ભણી જીવો આપમેળે જ ત્યાં જઈ પહોંચે છે.

ધ્યાનનું કાર્ય અને સ્વરૂપનું કારણ
એવા શ્રી જિનપ્રતિમા પરમ ઉપકારક છે.

(૬૧) જેના વડે જાણવું ભલું થાય,
એવો વિચાર કરનાર જ વિચારવંત ગણાય.
એથી વિપરીત અવિચારી ગણાય.

(૬૨) આપણે પાપી છીએ, તેના પ્રમાણમાં દુઃખ ઓછું છે.
આપણે ધર્મી છીએ, તેના પ્રમાણમાં સુખ અધિક છે.

## ધ્યાનની માર્ગદર્શિકા

(1) આત્મતત્ત્વનું ચિન્તન કરવું.
(2) મનને આત્મધ્યાને સ્થાપવું.
(3) મનને નિર્વિચાર બનાવવું.
(4) મૌન અને માધ્યસ્થ્ય કેળવવું.
(5) મન દ્વારા આત્મરમણતા કરવી.
(6) સિદ્ધાસને બેસીને ૐકારનો જાપ કરવો.
(7) મન, વચન અને કાયાને સ્થિર કરવા.
(8) પ્રાણીમાત્રમાં એક જ આત્મતત્ત્વ છે એમ જોવું.
(9) ક્ષમાપના અને મૈત્રી માટે દુષ્કૃતની ગર્હા કરવી.
કૃતજ્ઞતા અને સ્તુતિ માટે સુકૃતાનુમોદન કરવું.
એકતા - અદ્વૈતતા માટે અરિહંતાદિનું શરણ સ્વીકારવું.
વ્યવહાર - નિશ્ચયની સંગતિની વિચારણા માટે
સપ્તભંગીની સજ્ઝાય વિચારવી.
સ્વરૂપાસ્તિત્વ અને સાદૃશ્યાસ્તિત્વની વિચારણા માટે
સામાયિક ધર્મનું માહાત્મ્ય ભાવવું.
ક્ષમાપના = મૈત્રી, કૃતજ્ઞતા = પ્રશંસા - પ્રમોદભાવના,
શરણાગતિ = અભેદાનુભૂતિ - કરુણા, માધ્યસ્થ્ય.
આરાધનાના ત્રણ માર્ગ છે:
દુષ્કૃતગર્હા, સુકૃતાનુમોદના તથા શરણાગતિ.

## ઈશ્વરસાક્ષાત્કારમાં રસની નિષ્પત્તિ

વસ્તુતઃ રસ એક માનસિક પરિસ્થિતિ છે,
જ્યાં સહૃદય વાચક યા પ્રેક્ષક પોતાનું આત્મભાન
ભૂલી જઈ એક અનેરી સૃષ્ટિમાં વિલીન થઈ જાય છે.
આ અવસ્થા ચિત્તની સંપૂર્ણ એકાગ્રતામાંથી જન્મે છે.
અભિનય, વેશભૂષાદિ આ એકાગ્રતા ઉત્પન્ન કરવામાં
સહાયભૂત બને છે. આ પ્રકારની તલ્લીનતામાંથી એક
વિશિષ્ટ પ્રકારના આનંદની અનુભૂતિ ઉત્પન્ન થાય છે.

બ્રહ્માસ્વાદ એ પરમ તલ્લીનતાની અવસ્થા છે.
યોગ વડે શરીર અને મન ઉપર માની ન શકાય એવો
અદ્ભુત કાબુ મેળવી શકાય, જે બ્રહ્માંડનો કોયડો સમજવા
અને જગતનાં સુખ - દુઃખ તથા બંધનોમાંથી
મોક્ષ મેળવવામાં ખુબ જ ઉપયોગી નિવડે છે.

વિજ્ઞાન શંકાના માર્ગે આગળ વધે છે અને
ધર્મ શ્રદ્ધાના માર્ગે આગળ વધે છે.

ઈશ્વરસાક્ષાત્કારનો ખરો અર્થ બ્રહ્મતત્ત્વને સમજવું તે છે.
બ્રહ્માંડની વિરાટતા, માનવની ક્ષુદ્રતા અને સર્વવ્યાપી સમતા
વગેરે જ્ઞાન અને ભક્તિ વડે સમજાય છે,
તે પછી તેને સાંસારિક સુખ - દુઃખ સ્પર્શતા નથી તથા
જ્ઞાન અને ભક્તિપ્રેરિત આનંદનો અનુભવ થાય છે.

ઊંડા ઉતરતાં મહાત્માને ભાન જાગવા માંડે છે કે
બહાર કોઈ દેહધારી ઈશ્વર વસતો નથી પણ
પોતે જ ઈશ્વર છે, પોતે જ તે છે.
'અહં બ્રહ્માસ્મિ' 'તત્ત્વમસિ' વાક્યોનો મર્મ સમજાય છે.
આત્મભાન ભૂલી જઈને વ્યક્તિ જ્યારે આત્મચિંતનમાં
ખોવાઈ જાય છે, ત્યારે દેહભાનને ભૂલી જવાની તે
અવસ્થા તેને એક પ્રકારનો અનેરો આહ્લાદ અર્પે છે.
મમ્મટ તેને 'વિગલિત વેદ્યાન્તર' કહે છે.
સાધ્ય એક જ છે અને તે રસ છે.

0 ૐ નમઃ સિદ્ધં। સિદ્ધ પરમાત્મ ભગવંતો કેવા છે?

1) આઠ કર્મોના મસ્તક ભાંગી રહેલાં.
2) સર્વને શુદ્ધ સ્વરૂપનો બોધ કરનારા.
3) ચિરબદ્ધ કર્મનો દેહાનંદ ધ્વંસ કરનારા.
4) પરમમંગલ એવા અવિનાશી પદને પમાડનારા.
5) પરમમંગલ એવા આત્મતત્ત્વનો અનુભવ કરનારા.
6) પરમમંગલ એવા અવિનાશીપણાને પ્રાપ્ત થયેલા.
7) પોતાના સર્વ પ્રયોજનોને સિદ્ધ કરનારા કૃતકૃત્ય.
8) ભવ ભવ્ય આત્માઓને ગુણોની સિદ્ધિ કરાવનારા.

સર્વ સિદ્ધ ભગવંતો મંગલરૂપ બનેલા છે,
માટે તેઓ મંગલરૂપ કરનારા છે.

## ધ્યાનાવસ્થાની ઉપયોગીતા

એક વિચાર લઈ તેનાં મૂળ સુધી પહોંચી તે દ્વારા આત્માના ઊંડાણ સુધી પહોંચવાની ધ્યાનની પદ્ધતિ પશ્ચિમના દેશોમાં ઘણી સફળ નીવડી છે. સામાન્ય લોકો પોતાના મગજના ઘણા થોડા અને ઉપરછલ્લા ભાગનો જ ઉપયોગ કરે છે, પરન્તુ જો તે આ ધ્યાનપદ્ધતિનો ઉપયોગ કરી અભ્યાસ વધે તો મગજના ઊંડાણ સુધીનો અને પૂરેપૂરો ઉપયોગ થાય છે. પરિણામે શાંતિની દિશામાં અભ્યાસ વધી શકાય છે.

આ પદ્ધતિનું નામ 'ભાવાતીત ધ્યાનપદ્ધતિ' છે. તે શીખતા અમુક દિવસ લાગે છે પણ શીખી લીધા પછી સાધકે તેનો સાધન સતત ચાલુ રાખવાની હોય છે. માનવજીવનમાં બાહ્યજગતના સંપર્કને લીધે અનેક પ્રકારના વિચારો મનની સપાટી પર જાગૃત મનમાં પ્રવેશે છે અને તે આંતરમનમાં સંગ્રહાય છે. કોઈ પરિસ્થિતિ ઊભી થતાં એ વિચારો વાણી અને વર્તન રૂપે બહાર આવે છે.

આ ક્રિયા સતત ચાલ્યા જ કરે છે.

ખરાબ વિચાર આવે તો દુઃખી થવાને બદલે ધ્યાનાવસ્થામાં બેસી તે વિચારનું પૃથક્કરણ કરીને

તેને વધુને વધુ સૂક્ષ્મ સ્વરૂપ આપી જાગૃત મનમાંથી આંતરમનમાં નીચેને નીચે લઈ જવાથી એ અત્યંત સૂક્ષ્મરૂપ ધારણ કરે છે અને આંતરમનની સપાટી નીચે ચાલ્યો જાય છે. આંતરમનના તળિયાથી નીચે અતિમાનસ શરૂ થાય છે. ધ્યાનમાં ઊંડા ઉતરવાથી આ વિચાર અંતે અદૃશ્ય થઈ જાય છે. એ જ રીતે આંતરમનના તળિયા પરથી સાધક એક રચનાત્મક વિચાર કરે તો તે સપાટી પર આવતાંને એક બળવાન વિચારનું સ્વરૂપ ધારણ કરે છે.

આ રીતે સાધક દૃઢ મનોબળ પ્રગટાવી શકે છે.

પાતંજલ સૂત્રમાં ચિત્તવૃત્તિના નિરોધને યોગ કહ્યો છે, એમાં જો 'આ ચિત્તવૃત્તિ તે આંતરમનના તળિયા પર આવેલો વિચાર' એવો અર્થ લઈએ તો અને નિરોધનો અર્થ એને જો 'અતિમાનસમાં અદૃશ્ય કરવાની ક્રિયા' એવો અર્થ લઈએ તો જરૂર સમન્વય થઈ શકે છે. આ ધ્યાનથી દુર્બળ હૃદયવાળા મનુષ્યોના અવ્યવસ્થિત હૃદયની ગતિ વ્યવસ્થિત થઈ જાય છે અને થોડાક જ દિવસના અભ્યાસથી હૃદય સબળ બની જાય છે. ડાયાબિટીસ રોગમાં આ ધ્યાનસાધનાથી સાકરનું પ્રમાણ ઓછું થઈ જાય છે તથા રક્તાલ્પતા ઓછી થઈને શરીરમાં સ્વસ્થતા આવે છે.

મહેશ યોગી માત્ર આવા લક્ષ્યાતીત અવસ્થા દ્વારા જ
યોગસાધના કરવાનું ઇષ્ટ ગણે છે તે સત્યની એક બાજુ છે
અને બીજી બાજુ યમ-નિયમાદિની છે,
કે જે ધ્યાનયોગને સરળ બનાવે છે.
'યમ-નિયમ પર ભાર દેવાથી સાધનમાર્ગ નિર્બળ થઈ જાય'
એવી તેમની માન્યતા ભ્રમિત છે.
યમ-નિયમાદિની સાધના તથા ધાર્મિક ક્રિયાકાંડો અને
ઉપદેશો સદાચાર અને સદ્વિચારને ટકાવી રાખનારા છે,
તેથી તેની પણ ઉપયોગીતા
તેના સ્થાને માનવી એ પૂરેપૂરી જરૂરી છે.

0 કુતૂહલને માટે શબ્દ એ બે ઘડીની મોજ છે, પણ
જિજ્ઞાસાને માટે તે જીવન-પ્રાણ છે.
ઉંદર મહાશય ખૂબ લખતા-ગણતા પણ એક બિલાડીના
તરાપમાંથી બચી ન શક્યા એવી પોથી પુરાણ પંડિતનું પણ
સમજવું, જેઓ લખી-ગણીને મૃત્યુનો કોળિયો બની ગયા.

0 આત્મસ્વરૂપ દર્શાવે તે વિદ્યા અને
મુક્તિ અપાવે તે ઉપદેશ.

0 બુદ્ધિનો ત્યાગ કરતાં બાકી શું રહે?
જેનાથી બુદ્ધિ પ્રકાશિત થાય છે તે.

o ત્રિકુટીભેદથી આ ત્રણ વસ્તુ મળે:
સ્વતંત્રતા, સ્વાનંદ અને સત્યજ્ઞાન.
બિન્દુથી ઉલ્ટી ગતિ કરી એટલે પ્રકાશની પ્રાપ્તિ થશે.
ત્રિકુટીનો ભેદ એટલે ત્રણ ગુણોનો ભુક્કો.
સ્થૂલ - સૂક્ષ્મ - કારણ, વૈખરી - મધ્યમા - પશ્યંતી,
જાગ્રત - સ્વપ્ન - સુષુપ્તિ, સત્ત્વ - રજ - તમ
આદિ ત્રિપુટિથી પર થવું તે ત્રિકુટીનો ભેદ.
'કાચે ભાંડે રહે ન પાની.'
સંયમ અને સાધનાથી કાયાને શુદ્ધ કરવી જોઈએ.
મન અને પવન પર આધિપત્ય મેળવવું જોઈએ.
યોગની ચાર અવસ્થા: આરંભ, ઘટ, પરિચય તથા નિષ્પત્તિ.
'નિષ્પત્તિ' એટલે સંપૂર્ણ સિદ્ધ દશા.
આહાર અલ્પ કરે અને નિદ્રાને જીતે,
તે શિવશક્તિની એકતાને સ્થાપિત કરે અને
અનહદને હદની સીમારેખામાં બાંધી લે.
જ્યાં કાયા અને મનનો મેલ ધોવાઈ જાય, ત્યાં
આત્મસુવાસ પ્રગટે તથા અલખનો ખેલ પ્રગટ થઈ જાય છે.
ચિત્રગુપ્તનો ચોપડો એટલે દરેક કાર્યની
અંતઃકરણ ઉપર જે છાપ પડે છે, તે ગુપ્ત ચિત્ર.

દરેક કાર્યની સૂક્ષ્મ સંસ્કારરૂપે ફોટો-ફીલ્મ પડી જાય છે,
તે મૃત્યુ પછી પણ માનવની સાથે આવે છે અને
વિપાક કાળે તેનાં ફળ આપે છે.
સંસારરૂઢ મટી યોગારૂઢ થવું જોઈએ.
આત્મસત્તારૂપે પોતાની સહજાવસ્થામાં રહેવું અને માયાનો
નાટારંભ નિર્લિપ્તપણે નિરખવો એ યોગારૂઢનું કામ છે.
કર્મનો નિયમ ગહન છે એટલો જ સરલ છે.
એ બહારથી બદલવામાં આવતો નથી.
આપણે જ કરોળિયાની જેમ
એની જાળ વણીએ છીએ અને ફસાઈએ છીએ.
क्लेशमूलः कर्माशयो दृष्टादृष्टजन्मवेदनीयः। (પરિશિષ્ટ-૧૩)
અવિદ્યાદિ આત્મસ્વરૂપનું અજ્ઞાન,
અસ્મિતાદિ દેહભાવ અને મૃત્યુભય, રાગાદિ આસક્તિ,
દ્વેષાદિ વેર અને અભિનિવેશાદિ ઉગ્રતર થાય છે.
બધાના મૂળમાં અવિદ્યા છે, એનાથી જન્મ-મરણનું
ચક્ર ચાલે છે. જ્ઞાનથી આત્મતત્ત્વમાં સ્થિર થવાય છે.
भ्रामयन् सर्वभूतानि यंत्रारूढानि मायया।
योगारूढस्य तस्यैव शमः कारणमुच्यते॥ (પરિશિષ્ટ-૧૪)
બહારનો પથારો દૂર કરી
પોતાના આત્મામાં જ આત્માનું સ્વયં ચિન્તન કરી.

## પાંચ ચિન્તનો

(૧) કુતરાને હરાવવામાં હાથીને મહેનત કરવી પડતી નથી.
દેહ અને કર્મ એ કુતરું છે,
આત્મા અને પરમાત્મા એ હાથી છે.

(૨) ખરો પુરુષાર્થ પ્રકૃતિ પરનું સ્વામીત્વ મેળવવામાં છે.

(૩) ભગવાનનું સ્વરૂપ શું? એ સાચો સવાલ નથી.
સાચો સવાલ તો ભગવાનનું સ્વરૂપ શું નથી? તે છે.

(૪) ચિત્તવિશુદ્ધિની પ્રક્રિયા પોતાને હાથે જ
જીવતી ચામડી ઉતરડી લેવા જેવી આકરી છે.
અનેક જન્મોથી ચિત્ત ઉપર સંસ્કારના જે થર જામ્યા છે,
તે નિયમ અને અભ્યાસબળથી જ દૂર થઈ શકે છે.

(૫) આત્મસ્વરૂપ જોવું, અનંતનો વિચાર કરવો અને
બંનેમાં રમતા સારતત્ત્વને પ્રાપ્ત કરી લેવું.
એ રીતે નિષ્ઠા અને નિઃસ્પૃહતા દ્વારા
સત્યનો પ્રકાશ પ્રાપ્ત કરી શકાય છે.

o

A bad failure is a good experience.
The eyes are the windows of the soul.
Eye is the sense of the mind and
tongue of the understanding.

## ચાર પ્રકારના તત્ત્વ

(૧) આપ્ત - હિતકર તત્ત્વ.
(૨) પ્રાપ્ત - પ્રયત્નપૂર્વક પ્રાપ્ત તત્ત્વ.
(૩) વ્યાપ્ત - વિશિષ્ટરીત્યા પ્રાપ્ત તત્ત્વ.
(૪) સમાપ્ત - સમરસપણે પ્રાપ્ત તત્ત્વ.

'પરાવર' એટલે...

भिद्यते हृदयग्रन्थिश्छिद्यन्ते सर्व संशयाः ।
क्षीयन्ते चाऽस्य कर्माणि तस्मिन् दृष्टे परावरे ॥

'પરાવર' એટલે ઉત્કૃષ્ટ તેમ જ નિકૃષ્ટમાં વ્યાપ્ત
એવું સર્વગત અને સૂક્ષ્મ પરમાત્મદર્શન સમજવું.

'પર' એટલે ઉચ્ચ.
'અપર' એટલે નીચ.
'પરાવર' એટલે ઉભયમાં સમાન રીતે વ્યાપ્ત.

'अधश्चोर्ध्वं च प्रसृतं ब्रह्मैवेदं ।'
'शब्दब्रह्मणि निष्णातः परंब्रह्माधि गच्छति ।'

જે પરબ્રહ્મ તરફ ગતિ કરે,
તે જ શબ્દબ્રહ્મમાં નિષ્ણાત છે.

'પગ તળે સોનાનો ચરૂ છે'
એમ સાંભળ્યા પછી કોદાળી, પાવડો કોણ ન લે?

અધિગત્યાઽખિલં શબ્દબ્રહ્મ શાસ્ત્રાદેશા મુનિઃ ।
સ્વસંવેદ્યં પરંબ્રહ્માનુભવેનાધિગચ્છતિ ॥ સદ્ધિ:

શાસ્ત્રદૃષ્ટિથી સઘળું શબ્દબ્રહ્મ જાણીને અનુભવ વડે અન્ય નિરપેક્ષ સ્વપ્રકાશ સ્વરૂપ પરબ્રહ્મને મુનિ જાણે છે.

'સત્યં પરં ધીમહિ ।' પરમ સત્યનું ધ્યાન કરીએ છીએ.

પરમ સત્ય નિર્વિકલ્પ, નિસ્તરંગ આત્મતત્ત્વ છે
અને તે જ વીતરાગ છે, તેથી
વીતરાગનું ધ્યાન એ જ પરમ સત્યનું ધ્યાન છે.

o માંગતા હો તેને મુક્ત કરો, ન માંગતા હો તેને આપો.

o દુષ્કૃતગર્હા એ સમ્યગ્જ્ઞાનનું ફળ છે.
સુકૃતાનુમોદના એ સમ્યગ્દર્શનનું ફળ છે.
શરણાગમન એ સમ્યક્ચારિત્રનું ફળ છે.

વિરતિ - વિરામ = To release and relax.

o

The philosopher is primarily concerned with the freedom of the individual.

Eternal must also be impersonal.

Let noble thoughts come to us from every side.

I salute the divinity in you.

## મનુષ્યના માથે ઋણ

આપણને પૃથ્વીના આ ગ્રહ ઉપર જીવન મળ્યું છે, તે આત્માને માટે મળ્યું છે. કેવળ એ લોકો જ નહિ કે જેમના જીવનની સમૃદ્ધિ ઉપર આપણાં પોતાના સુખનો આધાર રહ્યો છે પણ એવા કેટલાય અપરિચિત, અદીઠ આત્માઓ માટે કે જેમના ભાગ્ય સાથે અદૃશ્યપણે સહાનુભૂતિના દોરથી આપણે જોડાયેલાં છીએ. મને પોતાને જ દિવસમાં વારંવાર એ વસ્તુનો ખ્યાલ આવે છે કે મારું પોતાનું જ આંતરિક તેમ જ બાહ્યજીવન, જેઓ જીવંત છે તેમ જ જેઓ અનંતની નિદ્રામાં સૂતેલા છે, તે મારા સહુ માનવબંધુઓના કેવા શ્રમ ઉપર નિર્ભર રહ્યું છે અને

એટલા માટે જ મને જે કાંઈ પ્રાપ્ત થયું છે,
તેનું ઋણ ચૂકવવા મારે ઘણું કામ કરવું જોઈએ.
અન્ય માનવીઓના પરિશ્રમનું કેવું ભારે ઋણ
મારા મસ્તક ઉપર છે, એ યાદ આવતાં
મારી મનઃસ્થિતિ ઘણી વાર ક્ષુબ્ધ થઈ જાય છે.

- Albert Einstein

o મનુષ્ય ઇચ્છે તે કરી શકે છે પણ તેણે શું ઇચ્છવું તે નક્કી કરી શકતો નથી. - Shopen Hauer

એક વખત એક પાદરી દેવળમાં પ્રવચન કરી રહ્યા હતા.
સામે પાટલીઓ ઉપર જે હજારો માણસો બેઠા હતા,
એમાંના ઘણા રોગી, અપંગ અને ગરીબ હતા.
પાદરીએ સહુને સંબોધીને કહ્યું:
ભગવાન ગરીબ અને તવંગર, અપંગ અને સ્વસ્થ,
નિર્બળ અને શક્તિશાળી વચ્ચે ભેદ જોતો નથી.
બાહ્યપરિસ્થિતિ ગમે તેવી હોય,
એની કરુણા સહુના ઉપર સમપણે વહ્યાં જ કરે છે.
એટલામાં પાદરીની નજર જમીન પર પડેલી
એક ભાંગેલી મીણબત્તી ઉપર પડી.
એ તેમણે હાથમાં લઈ દીવાસળી વડે એની જ્યોત પ્રગટાવી.
મીણબત્તી ઝળહળી ઊઠી. એ કચરાઈને તૂટી ગઈ હતી તો
ય એને જ્યોતનો સ્પર્શ થતાં એની જ્યોત જાગી ગઈ.
દીવાસળીએ ભાંગેલી મીણબત્તીની જ્યોત પ્રગટાવવાની
ના ન જ પાડી અને એ ભાંગેલી હોવા છતાં
એનું તેજ આખી મીણબત્તી જેવું જ હતું.
ખરેખર! ઈશ્વર તો પ્રેમ અને કરુણાના સાગર છે.
એના પ્રતિ પોતાના હૈયાંના દ્વાર ખોલનાર સહુ ઉપર
એ કરુણાની ધારા વહાવે જ છે. - સ્વામી રામદાસ

## એક યાત્રિક અને ત્રણ લુટારા

એક યાત્રિક જંગલમાં થઈને પસાર થતો હતો, ત્યાં ત્રણ લુટારાઓએ ભેગા થઈને તેના ઉપર હુમલો કર્યો. અને એને દોરડાથી બાંધ્યો.

બાજાએ છરી લઈને એને મારી નાંખવાની તૈયારી કરી પણ ત્રીજા ચોરે એના બે સાથીદાર ચોરોને વિનંતિ કરીને અટકાવ્યા અને પોતે એ યાત્રિકનાં બંધન છોડી નાંખ્યા. યાત્રિકને પાસેના ગામમાં જ જવાનું હતું એટલે એ ચોર છેક ગામના ગોંદરા લગી એની સાથે આવ્યો. પછી કહ્યું: આમે ગામ દેખાય છે, હું પાછો વળું છું, તમે પહોંચી જશો. યાત્રિકે આમે કહ્યું: તમે મને મદદ કરી છે, મારી સાથે ગામમાં આવો, એમાં શું વાંધો છે? ચોરે ઉત્તરમાં કહ્યું: ના ભાઈ ના, ગામમાં આવું તો પોલીસ મને પકડી જાય. આમ કહીને એ ચોર પાછો જંગલમાં ચાલ્યો ગયો. આ ત્રણ ચોર તે પ્રકૃતિના ત્રણ ગુણ: સત્વ, રજસ્, તમસ્. યાત્રાળુ તે જીવાત્મા અને ગામ તે આત્મસાક્ષાત્કાર. રજસ્ ગુણ માનવને ભૌતિક વાસનાઓ વડે બાંધે છે. તમસ્ ગુણ એને મોહનિદ્રા વડે મારી નાંખવા મથે છે. સત્વનું કામ છે રજસ્ - તમસ્ બંધનોથી મુક્ત કરવાનું.

સત્ત્વગુણ છેક આત્મદર્શનની હદ સુધી સાથે રહી શકે
પણ છેવટે તો એને પણ પાછા વળી જવું પડે.
વિશુદ્ધ આત્મક્ષેત્રમાં સત્ત્વગુણને પણ પ્રવેશ ન મળી શકે.
જેમાં પોતાના સમગ્ર અસ્તિત્વનું વિલોપન થઈ જાય છે,
તે ભૂમિકાનો સાક્ષાત્કાર કરવા માટે ત્રિગુણાતીત થવું પડે.

## ધ્યેય અને વિઘ્નો

વિઘ્નો પ્રત્યેનું દૃષ્ટિબિન્દુ ફેરવી નાંખવું જોઈએ.
વિઘ્નો આપણા સુતેલા શક્તિઓને જગાડવા માટે આવે છે.
વિઘ્ન જેટલું વધુ વિકટ,
તેટલી વધુ મહાન શક્તિ આપણામાં જાગે છે.
વિઘ્નો એ બેરર ચેક છે,
જેને શક્તિરૂપે તુરત વટાવી શકાય છે.
ધ્યેય સ્વીકાર્યું તેને વિઘ્નો આવશે જ.
તે માટે માનસિક તૈયારી રાખવી જ પડશે.
'વિઘ્નો વિના આપણામાં અકલ્પ્ય શક્તિઓનો ખજાનો પડ્યો છે, તેનું ભાન કેમ થાત?' એ દૃષ્ટિ રાખવી જોઈએ.
એથી વાતાવરણ હળવું બને છે.
ધ્યેય ન સધાય તે નિષ્ફળતા નહિ,
ધ્યેયપ્રાપ્તિનો ઉત્સાહ ગુમાવવો તે નિષ્ફળતા છે.

ધ્યેયસાધના જેટલી ગુપ્ત થાય, તેટલી આસાનીથી પાર પડે.
ઢોલત્રાંસા પીટવાથી કેટલાક અંદર લોકો જાગી જાય છે,
જેઓ ઊંઘતા રહે એ જ ઇચ્છનીય છે.
મુખ્ય ધ્યેયની પુષ્ટિ માટે ધ્યેય એક જ હોવું જોઇએ.
ગૌણ ધ્યેય ભલે અનેક હોય.
સફળતા અભિલાષાત વ્યક્તિમાંથી આવે છે.
ધ્યેયસિદ્ધિ માટે માત્ર હેતુ પૂરતો નથી,
યોજના પણ જોઇએ અને ગતિ પણ જોઇએ.
રોજનું લઘુતમ કાર્ય નક્કી થવું જોઇએ.
હૃદયના એકાંતની મૌન ગહ્વરમાં જે
પ્રિય ધ્યેય નક્કી કર્યું હોય છે અને કાર્ય રૂપે જગતને
તેની ભેટ આપવા ઇચ્છયું હોય છે, તે જ મહત્ત્વનું છે,
બાકી કશાનું મહત્ત્વ નથી. ધ્યેય કેટલું બાકી છે, તેના
વિચાર કરતાં કેટલું કપાયું છે તેની સુખદ સ્મૃતિઓ
વાગોળવી જરૂરની છે. તે થાક અને કંટાળો દૂર કરે છે.

°

*Blessed are those who are humble in spirit, for theirs is the Kingdom of heaven.*
*Language as well as the faculty of speech was the immediate gift of God.*

## જૈનદર્શન એ આત્મદર્શન છે.

શમ, દમ, ખમ એ ત્રણેને જીવનમાં અનુભવો.

વીતરાગભાવ, સમતાભાવ, સંતોષભાવ એ જ પારમાર્થિક શરણ છે તથા મૈત્રીભાવ, પ્રમોદભાવ અને કરુણાભાવ એ જ વાસ્તવિક શરણ છે.

સાધુનું શરણ એ મૈત્રીભાવનું શરણ છે, સિદ્ધનું શરણ એ સંતોષભાવ - સમતાભાવ - વીતરાગભાવનું શરણ છે, અરિહંતનું શરણ એ પ્રમોદભાવનું શરણ છે અને ધર્મનું શરણ એ કરુણાભાવનું શરણ છે.

પરહિત એ નિજહિત અને પરદુઃખ એ નિજદુઃખ. એ સમતાભાવ છે. જ્યાં ભેદ ત્યાં ખેદ છે અને જ્યાં અભેદ ત્યાં અખેદ - અદ્વેષ - અભય છે.

0 'નમો અરિહંતાણં'માં રાગ-દ્વેષરહિત સ્વભાવભાવને જ નમસ્કાર કરવામાં આવ્યો છે. એ નાદ ક્રિયા પણ તેવી સ્થિતિમાં જવાનો પુરુષાર્થ સૌની આકુળતાને શમાવી દે છે. ધર્મનું ફળ શાંતિ છે. શાંતિનું મૂળ અનાકુળ જીવસ્વભાવ છે, તેને નમસ્કાર નવકારના પ્રથમ પદમાં કરવામાં આવ્યો છે, વીતરાગસ્વભાવ અને ઉપશમભાવને પરસ્પર સંબંધ છે.

આત્માનો જ્ઞાનસ્વભાવ સમજને તેને જ્યારે અભ્યાસ કરવામાં આવે છે, ત્યારે વીતરાગતાનો અનુભવ થાય છે. જ્ઞાનસ્વભાવમાં સ્થિરતા થવાથી રાગ-દ્વેષની આકુળતા શાંત થાય. અહિંસાનો અર્થ છે સહૃદયતા. દયાર્દ્ર હૃદય જ અહિંસાને સમજી શકે. અહિંસાનું અસ્તિત્વ અનેકાન્તને લીધે છે. તે જ પરસ્પરના સંબંધને સમજાવી શકે છે.

એક જ ચીજમાં અનેક ગુણ - ધર્મ - પર્યાયોને સ્વીકાર કરવાની વિચારસરણી તે અનેકાન્તવાદ છે. સાપેક્ષદૃષ્ટિથી પિતા - પુત્ર, મા - દીકરી, સાસુ - વહુ, શેઠ - નોકર, ગુરુ - શિષ્યાદિ અનેક સંબંધધર્મો એક જ વ્યક્તિમાં રહી શકે છે. એકમાં અનેક સાપેક્ષિક સત્યોને સમજવાનું સ્યાદ્વાદ શીખવે છે. આને મતિકલ્પના ન ગણતાં એક સર્વોચ્ચ બુદ્ધિકળા mind art કહી શકાય.

જીવ જીવને પણ જે સંબંધ છે,

તે એકત્વનો પણ છે અને ભિન્નત્વનો પણ છે. પ્રદેશદૃષ્ટિથી ભિન્નત્વ તથા દ્રવ્યદૃષ્ટિથી અભિન્નત્વ છે અને એમાંથી જ અહિંસા ધર્મ નિષ્પન્ન થાય છે. એક જ વસ્તુમાં અનેક સાપેક્ષિક સત્યો રહેલાં છે, તે બધાં જુદા જુદા દૃષ્ટિબિંદુઓથી સંપૂર્ણ સત્ય છે.

# મંત્રજાપ અને ભાવ

## 'મંત્ર'નો એક અર્થ

વિશિષ્ટ પ્રકારનો ભાવ જાગૃત કરવાવાળી શબ્દરચના છે. મંત્રજાપથી બાળ ભાવો કોમળ થઈ જાય છે અને જે ભાવનો જપ કરવામાં આવે છે, તે ભાવ ઉત્તરોત્તર શક્તિશાળી બનતો જાય છે. શક્તિના આ જાગરણને 'મંત્રચૈતન્ય' કહે છે. મન્ત્રનો જપ જ્યારે નિષ્કામ ભાવે કરાય છે, ત્યારે તે આધ્યાત્મિક ઉત્થાનનું સાધન બની જાય છે. એ દ્વારા આત્મશક્તિ જાગૃત થવા લાગે છે.

મંત્રયોગની સમાધિને 'મહાભાવ' કહેવાય છે.

વિચારનું શક્તિશાળી થવું તે 'ભાવ' છે.

તે જ્યારે પ્રકૃષ્ટ બને છે, ત્યારે તે મહાભાવ ગણાય છે.

ચંચળ વિચાર નિર્બળ છે,

એકાગ્રતાની સાથે તેનું બળ વધતું જાય છે. પૂર્ણ એકાગ્રતા સાકારરૂપ ધારણ કરે, ત્યારે મહાભાવ કહેવાય છે અને મંત્ર દેવતાનું રૂપ લઈને ઈચ્છાનુસાર કાર્ય કરે છે.

શબ્દ નામમય છે અને રૂપ ભાવમય છે.

સાધકના મનને કેન્દ્રિત કરવું અને ભાવનાને દૃઢ બનાવવા તે મંત્ર વિધિનું મુખ્ય લક્ષ્ય છે.

ભાવના જ ઘનીભૂત થઈને શક્તિનું રૂપ લે છે.

મંત્ર, યંત્ર, મૂર્તિ આદિ તેનાં જ સાધન છે.

બંને છેડે શિવ અને શક્તિ છે. મંત્રોચ્ચારણ સમયે
તેથી બંને મળે છે, તેને 'આધ્યાત્મિક મૈથુન' કહેવાય છે.
તેમાંથી પ્રકટ થવાવાળા બિંદુને દેવતાનું ભાન કરે છે
અર્થાત્ દેવતા સાધકનું સંતાન છે.

સાધકની ચેતના જ મંત્ર દ્વારા વાક્રૂપ લે છે.

બાળ - યુવા આદિ અવસ્થાને ધારણ કરે છે.

મંત્રશક્તિ તથા સાધનાશક્તિ મળે છે, ત્યારે કાર્ય થાય છે.

o असर्वभावेन रहेच्छया वा
परानुवृत्त्या विचिकित्सया वा ।
ये त्वां नमस्यन्ति मुनीन्द्र-चन्द्र !
तेऽप्यक्षरीं संपदमाप्नुवन्ति ॥१॥ (परिशिष्ट-१५)

o मनसश्चेन्द्रियाणां निग्रहः परमं तपः ।
तज्ज्यायः सर्वधर्मेभ्यः स धर्मः पर उच्यते ॥

## પ્રતિભા કલ્પના

કવિની પ્રતિભા શબ્દ દ્વારા, ચિત્રકારની પ્રતિભા રંગ દ્વારા,
શિલ્પકારની પ્રતિભા પાષાણ દ્વારા તથા
સંગીતકારની પ્રતિભા નાદ દ્વારા પ્રગટ થાય છે.

અનુભવ - સ્મૃતિ - કલ્પના - ધ્યાન.

## પંચતત્ત્વોની ધારણા

| શક્તિ | તત્ત્વ | વર્ણ | આકાર |
|---|---|---|---|
| સ્તંભિની | પૃથ્વી | પીત | ચતુષ્કોણ |
| દ્રાવિણી | આપ | શ્વેત | અર્ધચંદ્ર |
| વૈશ્વાનરી | તેજ | રક્ત | ત્રિકોણ |
| ભ્રામરી | વાયુ | નીલ | લંબગોળ |
| શોષિણી | આકાશ | શ્યામ | વર્તુલ |

૦ સર્વ ભૂત - પ્રાણીના અંતરતમ પ્રદેશમાં રહેલું કેવળ અનુભવરૂપ નિષ્પ્રપંચ તત્ત્વ, આપણા સ્વરૂપભૂત હોવાથી તેની લક્ષણા કરાવનાર સર્વજ્ઞ પુરુષના વાક્યાનુસાર, અન્ય વૃત્તિઓના નિરોધપૂર્વક, લક્ષ્ય પદાર્થના આકારે વૃત્તિઓનો જે અખંડ પ્રવાહ, તે ધ્યાનરૂપ મનોવ્યાપાર છે.

## ચાર પ્રકારના જ્ઞાન

(૧) અનુભવજન્ય જ્ઞાન = તે વસ્તુતંત્ર છે.

(૨) સ્મૃતિરૂપ જ્ઞાન = તે યથાર્થ છતાં પરોક્ષ છે.

(3) કલ્પના - ભાવનારૂપ જ્ઞાન = ભ્રમજ્ઞાન.

(૪) ધ્યાનરૂપ માનસ ભાવનાથી પ્રાપ્ત થતું સત્યજ્ઞાન.

સ્મૃતિકાળે ઓછા - વધતા અંશનું ભાન થાય, તો તે કલ્પના કે ભાવના બની જાય છે. તેના ત્રણ પ્રકાર છે:

(૧) શેખચલ્લીવત્ મનોરાજ્ય + સ્વપ્નાઓ - હવાઈ કીલ્લાઓ.
(૨) અનુભવેલાને વિદ્યમાન અંશ સાથે અવિદ્યમાન અંશ સાથે મેળવી લેવા અને મિશ્રરૂપ ચિંતવવું તે.
અવિદ્યમાન અંશ પણ સંભવિત - અસંભવિત બે પ્રકારે હોય છે, જેમકે ભિન્ન - શશનાદિ અને આકાશગમનાદિ.
(૩) કોઈના કહેવાથી સત્ય પદાર્થની અથવા આપ્તવચનથી વિસ્મૃત પદાર્થનું સ્મરણ કરી ભાવના કરવી તે.
તે અર્થાનુકૂળ થવાની યોગ્યતાવાળી છે.
તે બાહ્ય - આંતર બેય પ્રકારની હોય છે. આંતર હોય તો ભાવનાના પરિપાક સમયે સ્વતઃ પ્રમારૂપ બને, બાહ્ય હોય તો ઇંદ્રિય - મન સંયોગ થતાં પ્રમારૂપ બને છે.

अनात्मबुद्धिशैथिल्यं फलं ध्यानाद् दिने दिने ।
पश्यन्नपि न चेद् ध्यायेत् कोऽपरोऽस्मात् पशुर्वद ॥१॥
- पंचदशी, ध्यानदीपे (परिशिष्ट-१६)

આત્મિક વિચાર તે સંગતભાવ છે.
તેને વંશપરંપરાનો અનુભવ પણ કહે છે = હેરિડીટી.
તારતમ્ય, વિવેક વગેરે તર્કભાવ છે.
ઉહાપોહ, વાદ - વિવાદ, કાર્ય - કારણ સંબંધ ભાવ, યથાર્થભાવ, સત્ય નિર્ણય એનું સ્વરૂપ છે.

## સમાધિ

Dt. 11-11-67

સંપૂર્ણ સક્રિયતા ના નિરોધ વખતે
મનુષ્યનું મન બુદ્ધિના પેલે પાર જઈ શકે છે.
જે જે વાતો instinct and intellect થી
ન જાણી શકાય, તે બધી વાતો સમાધિ intuition
વડે મનુષ્યના મનની સમક્ષ પ્રગટ થાય છે.
દેહની તમામ શક્તિઓનું અને પ્રાણના જુદા - જુદા
રૂપોનું વહણ બાહ્યવિષયોના સંબંધથી ખેંચી લઈ જ્યારે
આંતરવિષયો તરફ ફેરવવામાં આવે, તો તે શક્તિઓ
મનને બુદ્ધિના અગાધ પ્રદેશોમાં ધકેલે છે તથા જ્યાં
શુદ્ધ જ્ઞાનનો પ્રદેશ છે, ત્યાં જઈ બધાં કાર્યો કરે છે.
તાત્પર્ય કે પ્રાણના કાર્ય રૂપ થતો શ્વાસ - પ્રશ્વાસનો
નિરોધ કરવાથી જ મન અવચેતનાના પ્રદેશોમાં જઈ શકે છે.

### જપ, ધ્યાન અને ચિન્તન

જપ, ધ્યાન અને ચિન્તન જ્યારે વિશદ બને છે, ત્યારે
ભાવ તથા વિચારની સૂક્ષ્મ અનુભૂતિઓ સ્પર્શે છે અને
beyond the border land of thought
સત્તની, excistenceની - To beની ઝાંખી થાય છે,
તે વખતે વિચારોના જે flashes આવે છે, ત્યારે

ભિન્ન ભિન્ન લાગતા આ વિચારો totalityના
એક માત્ર patternમાં એકરસ રૂપે related
સમજાય છે, દેખાય છે અને અનુભવાય છે.
તેના પ્રભાવે આરાધનાનું સ્વરૂપ સૂક્ષ્મપણે પરિવર્તન
પામતું જાય છે, વિશેષપણે Deep થતું જાય છે.
દેવતાના - દિવ્યત્વના - Divinityના ત્રણ રૂપ દેખાય છે,
તેમાં સ્થૂલરૂપનું સ્પષ્ટ દર્શન ધ્યાનના શ્લોકો વડે થાય છે.
'યા કુંદેન્દુતુષારહારધવલા |' એ શ્લોકમાં
દેવી શારદાનું સ્થૂલ રૂપ વર્ણવ્યું છે.
'નિષ્પંકવ્યોમનીલં દ્યુતિમલસદૃશં |' એ શ્લોકમાં
સર્વાનુભૂતિ યક્ષનું સ્થૂલ રૂપ વર્ણવ્યું છે.
સમવસરણમાં બિરાજમાન અષ્ટ મહાપ્રાતિહાર્યોથી યુક્ત
એવું શ્રી જિનેશ્વર ભગવંતનું સ્થૂલ રૂપ છે. દેવતાનું
સૂક્ષ્મ રૂપ તે તે દેવતાના મૂલ મંત્રના અક્ષરોમાં રહેલું છે.
નવકાર મંત્ર શ્રી જિનેશ્વર દેવોનું સૂક્ષ્મ રૂપ છે,
શ્રી જિનેશ્વર દેવોનો અક્ષરદેહ તેમાં છે.
પૂજા વડે દેવતાના સ્થૂલ રૂપનું જીવંત દર્શન કરવાનું છે.
જાપ વડે દેવતાનું સૂક્ષ્મરૂપ અંતશ્ચેતનામાં -
મનની Depthમાં પ્રગટે છે.

શ્રી જિનેશ્વર દેવની અષ્ટ પ્રકારી પૂજાના આઠે પ્રકાર સ્થૂલ રૂપ સાથેના relation દ્વારા સૂક્ષ્મરૂપના ઉઘાડને સહજ બનાવીને અંતે પરરૂપ સુધી પહોંચાડવામાં સહાયક બને છે, તેથી જ શ્રી જિનપૂજાને પરમ મંગલકારી કહી છે. જિનપૂજા દ્વારા સ્થૂલરૂપનું અનુસંધાન કરીને પછી જ નમસ્કારના જાપ દ્વારા સૂક્ષ્મરૂપમાં પ્રવેશ કરવાનો છે. એ સાચું છે કે નમસ્કાર મંત્રના મંગલ સ્મરણ દ્વારા જ

જિનપૂજાનો લાભ પ્રકટે છે, પરંતુ

નમસ્કારસ્મરણ કરતાં નમસ્કારજાપમાં વિશેષતા રહેલી છે. સૂક્ષ્મરૂપને અંતર્ ચક્ષુના ઉપર આલેખવું એ 'જાપ' છે.

પૂજા સ્થૂલરૂપ માટે, જાપ સૂક્ષ્મરૂપ માટે અને

ધ્યાન પરરૂપના પ્રાગટ્ય માટે થાય છે.

જિનપૂજા negative અને નમસ્કારજાપ Positive છે.

નમસ્કાર જાપ પણ negative અને

ધ્યાન - સામાયિક - સમતા એ positive છે.

પ્રથમ અધિકાર પૂજાનો, બીજો અધિકાર નમસ્કાર જાપનો તથા ત્રીજો અધિકાર સામાયિક - ધ્યાન - સમતાનો છે.

योगेन योगो ज्ञातव्यो योगो योगात्प्रवर्तते ।
योऽप्रमत्तस्तु योगेन स योगे रमते चिरम् ॥१॥

અર્થ :- ઉત્તર ભૂમિકારૂપ યોગ, પૂર્વ ભૂમિકારૂપ યોગ વડે જાણવો. યોગાદિ યોગ પ્રવર્તે છે. જે યોગી યોગમાં પ્રમાદરહિત રહે છે, તે યોગી પૂર્વ પૂર્વ ભૂમિકાના અભ્યાસપૂર્વક ઉત્તરોત્તર ભૂમિકાની પ્રાપ્તિ વડે ચિરકાળ સુધી અલૌકિક સુખાનુભૂતિ કરે છે. - વ્યાસ ભાષ્ય

o ધ્યેય પદાર્થની સાથે વૃત્તિનો
એકાકાર પ્રવાહ ચલાવવો એ 'સંયમ' કહેવાય છે.
યમ-નિયમાદિ અંતઃકરણની શુદ્ધિ કરાવનારા છે.
આસન પ્રાણાયામાદિ શરીર અને મનની ગતિ શિથિલ
કરી તે ઉપર કાબુ અપાવે છે, તેથી બહિરંગ છે.
તે યોગના પ્રતિબંધક તત્ત્વોનું નિવારણ કરવા દ્વારા ઉપકારક છે. સંયમ અંતરંગ અંગ હોઈ સાક્ષાત્ ઉપકારક છે.

વિક્ષિપ્તતા - સર્વાર્થતા - એકાગ્રતા.

યદ્ભિન્નં કાર્યમુત્પદ્યતે તસ્યોપાદાનં ।

નિઃશ્રેયસ્ અર્થ...

જેનાથી મોટું કોઈ શ્રેયઃ સ્થાન નથી તેવું પરમપદ - મોક્ષ.

o આજનું શિક્ષણ જ્ઞાન આપે છે, પરંતુ તે તો માહિતી મેળવવા પૂરતું જ છે. જ્ઞાન ઉપરાંત મૂળભૂત ગુણ વિવેક અને વૈરાગ્ય શીખવે, તે જ સાચું શિક્ષણ છે.

યોગ એ વિજ્ઞાનોનું વિજ્ઞાન અને કળાઓની કળા છે.
યોગનો ખરો આદર્શ છેઃ માનવનો શારીરિક, માનસિક,
નૈતિક અને આધ્યાત્મિક ઉદ્ધાર. - <u>શાંતિકુમાર ભટ્ટ</u>

'યોગ' શબ્દનો પારિભાષિક અર્થ સાધન, એકાગ્રતા, આત્મ-
પ્રયત્ન છે અને રૂઢ અર્થ પરમાત્મા સાથે આત્મૈક્ય છે.
હઠ, મંત્ર, લય તથા રાજ - એમ યોગ ચાર પ્રકારે છે.

(૧) હઠયોગઃ શ્વાસના નિરોધથી મનનો નિરોધ અને
મનના નિરોધથી શ્વાસનો નિરોધ તે હઠયોગ છે.
હ = સૂર્ય, ઠ = ચંદ્ર } બંનેની એકતાથી થતો પ્રાણાયામ,
પ્રાણ અપાન } વૃત્તિનિરોધ.

(૨) મંત્રયોગઃ ઈશ્વરવાચક શબ્દ ઉપર એકાગ્ર થવું તે.

(3) લયયોગઃ એક વસ્તુ યા એક વસ્તુના વિચાર ઉપર
એકાગ્રતા તે લયયોગ છે. શ્રુતિ - મંત્ર તેનાં સાધન છે.

(૪) રાજયોગઃ નાસાગ્રસ્થિરદૃષ્ટિ - બિંદુ આદિ પર એકાગ્રતા.

યોગ અને ધ્યાન પર્યાયવાચક છે.

સ્વાધીનતા એ સુખ અને પરાધીનતા એ દુઃખ છે.

કર્મયોગ, ભક્તિયોગ, જ્ઞાનયોગ.

જાગ્રત અવસ્થામાં મન મગજમાં હોય, સ્વપ્ન અવસ્થામાં
મન કંઠમાં હોય, નિદ્રા અવસ્થામાં મન હૃદયમાં હોય છે.
પ્રાણાપાન શરીર સાથે, કુંભક આત્મા સાથે સંબંધ રાખે છે.

ज्ञान कुतो मनसि संभतीह तावत्
प्राणोऽपि जीवति मनो म्रियते न यावत् ।
प्राणो मनो द्वयमिदं विलयं नयेद्यो
मोक्षं स गच्छति नरो न कथंचिदन्यः ॥

- હઠયોગ પ્રદીપિકા

અર્થાત્: પ્રાણ અને મન એ બંનેની વૃત્તિઓનું ઉત્પન્ન થવું તે જ્ઞાનને પ્રતિબંધરૂપ છે. બંનેનો લય કરનાર જ મોક્ષને મેળવે છે.

## યોગ શબ્દના અનેક અર્થો

(૧) યોગ એટલે મેળાપ - એકીકરણ.
(૨) બે વિચારોનો મેળ બેસાડવો તે.
(૩) યોગ એટલે વસ્તુનું રૂપાંતર કરવું.
(૪) બે વસ્તુઓનો મેળાપ અથવા મિશ્રણ.
(૫) બધાં કારણોનો મેળ બેસાડવો, સાર તારવવો.
(૬) યોગક્ષેમ - જે કાંઈ હોય તેનું રક્ષણ કરવું તે.
(૭) કુયુક્તિ - સાચી વાત છુપાવી જુઠ્ઠી બહાર લાવવી તે.
(૮) વિચારનો પ્રવાહ એક જ વિષય ઉપર રોકવો તે.
(૯) યોગ એટલે બે વ્યક્તિનો મેળાપ કરી આપવો તે.
(૧૦) વિચારની લહરીઓ ઉપર પોતાની સત્તા જમાવવી.

ઈશ્વર અથવા કોઈ પવિત્ર ભાવનાને માટે જે
શબ્દચિહ્ન મુકરર કર્યું હોય, તે શબ્દના સ્મરણમાત્રથી
જ ચિત્તવૃત્તિનો નિરોધ કરવો તે મંત્રયોગ છે.

વિષયોની વિસ્મૃતિ યા ધ્યેયના વિષયની પણ
વિસ્મૃતિ થઈ જવી તે લયયોગ છે.

તેથી મન અને વાસનાથી ઉત્પન્નનો વિલય થાય છે.
લય નાદને આશ્રિત છે, મનનો લય નાદમાં થાય છે અને
એ જ મોક્ષરૂપ છે. નાદ સાંભળતા જ મન લીન થઈ જાય છે.

शुद्धसुषुम्णासरणौ स्फुटममलः श्रूयते नादः ।

સ્ફુટ = પ્રત્યક્ષ, અમલ = સ્પષ્ટ.

શુદ્ધ = મળરહિત એવી સુષુમ્ણાનો માર્ગ.

અનાદિ શબ્દસ્ફોટરૂપ ધ્વનિ, શબ્દબ્રહ્મ, નાદબ્રહ્મ એકાર્થક છે.

તે વખતે વાસના, વિષય અને
એ બંનેનો આધાર એવું મન પણ વિલય પામી જાય છે.

નાદાનુસંધાનથી ચિત્તવૃત્તિનો નિરોધ થવો,
તેનું નામ લયયોગ છે.

सर्वे हठलयोपाया राजयोगस्य सिद्धये ।
राजयोगसमारूढः पुरुषः कालवंचकः ॥१॥

- હઠયોગ પ્રદીપિકા (પરિશિષ્ટ-૧૭)

'हठयोगाः आसनकुंभकमुद्रा रूपाः ।
लययोगाः नादानुसंधान शांभवी मुद्रादयः ।
राजयोगस्य सिद्धये मनसः सर्ववृत्तिनिरोध-
लक्षणस्य निष्पत्तये प्रोक्ताः ।'

રાજયોગને સાધનરૂપ યોગ પણ કહે છે.
હઠ, મંત્ર અને લયયોગ, એ ત્રણે માટે
ષટ્ચક્રભેદન તથા નાદાનુસંધાન એ બે ઉપાયો જ શ્રેષ્ઠ છે.

From Anahatchakra to Brahmarandhra, 4 stages of Nada:

आरंभावस्था, घटावस्था, परिचयावस्था, निष्पत्त्यवस्था।

વિનોબા કહે છે તેમ...

પદયાત્રામાં ચિત્તનિરોધ અને ચિત્તાભ્યાસ ઉત્તમ સધાય છે. એક દિવસ માટે ચિત્તસંયમ જાળવવો બહુ અઘરો નથી. ભક્તિભાવની કામના રહેવાથી ચિત્તાભ્યાસ પણ સધાય છે. સમસ્યાઓના ઉકેલ માટે ભગવદ્પ્રાર્થના એક મોટામાં મોટું સાધન છે. તે ઉપવાસથી અને ખાતાં ખાતાંય થઈ શકે. પોતાની બધી જ શક્તિ લગાડ્યા બાદ ઈશ્વરને યાદ કરીને શાંતિ ધીરજથી કરી શકાય છે. આપણે દેવ નથી કે કેવળ ઇચ્છા કરવાથી બધું કરી શકીએ. આવા

હાલતમાં નમ્રતાપૂર્વક મૌન ધારણ કરવું અને નિરાશા, અશ્રદ્ધા અને નાસ્તિકતા ટાળવા માટે ઈશ્વર પ્રાર્થના કરતાં રહેવું જોઈએ. યથાશક્તિ સેવા કરી બાદ પ્રાર્થના કરવામાં આવે, ત્યારે તેની અસર થાય જ છે.

પ્રાર્થનાની વધુમાં વધુ અસર

પ્રાર્થના કરનારના હૃદય ઉપર જ થાય છે
અને આજુબાજુની પરિસ્થિતિ ઉપર પછી થાય છે.

*Truth is important.*

તમે તેને ટાળવા માટે ગમે તેટલો પ્રયત્ન કરો તો પણ

*still it will be there.*

<u>મોક્ષના ચાર દ્વાર: સંતોષ, સત્સંગ, વિચાર તથા શમ.</u>

સંતોષ એ પરમ લાભ છે. સત્સંગ એ પરમ ગતિ છે.
વિચાર એ પરમ જ્ઞાન છે તથા શમ એ પરમ સુખ છે.

(૧) સંતોષથી નિઃસ્પૃહતા આવે છે.

(૨) સત્સંગથી બુદ્ધિ અને વિવેક વધે છે.

(3) વિચારથી અજ્ઞાન ટળે છે અને આત્મજ્ઞાન થાય છે.

(૪) શમથી ચિત્તની શાંતિ મળે છે.

શાંત ચિત્તવાળાનું સદા કલ્યાણ થાય છે
અને સૌ કોઈ તેની મૈત્રી ઈચ્છે છે.

મનને ધોવા માટે બજારનું પાણી કામ આવતું નથી.
આંખોમાંથી નીકળેલાં પ્રેમના આંસુઓ વડે જ
મન ધોવાય છે તથા સ્વચ્છ થાય છે. - ડોંગરેજી

## શરીરનું આવરણ

(૧) મગજના અણુઓ બે માસમાં નવા થાય છે.
(૨) શરીરના અણુઓ ચાર માસમાં બદલાય છે.
(૩) હાડકાંના અણુઓ સાત વર્ષમાં નવા થાય છે.

આત્મસિદ્ધિ શાસ્ત્રમાં આવે છે કે:
'શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન સ્વયં જ્યોતિ સુખધામ,
બીજું કહીએ કેટલું કર વિચાર તો પામ.

દ્રવ્યદૃષ્ટિએ સ્વરૂપથી આત્મા શુદ્ધ છે, પરંતુ જ્યારે પર્યાયમાં એ શુદ્ધસ્વરૂપ અનુભવગોચર થાય, ત્યારે જ તેનું યથાર્થપણું અથવા સાર્થકપણું થયું કહેવાય, અન્યથા તે બોલવામાત્ર ગણાય. આ જગત સોનાનું થાય તો પણ તૃણવત્ અસાર છે. સળગતા ઘાસના પૂળાની જેમ ત્યાજ્ય છે. જ્ઞાનચક્ષુથી આત્માનું અવલોકન થાય, ત્યારે આત્માનો જન્મ થયો કે આત્મા આત્મત્વને પામ્યો ગણાય.

આત્માનું અવલોકન એટલે સ્વસ્વરૂપદર્શન.
આત્મદર્શન યા સમ્યગ્દર્શન બધું એક જ છે.

આત્મા પ્રત્યે જેવી દ્રષ્ટિ - જેવો સ્નેહ,
તેવી જ દ્રષ્ટિ જગત પ્રત્યે,
તેવો જ સ્નેહ સર્વ પ્રત્યે, તે સમદર્શન છે.
આત્મા માટે ઇચ્છીએ, તે સર્વ માટે ઇચ્છીએ.
સ્વદેહ પ્રત્યે જેવો ભાવ, તેવો સર્વદેહ પ્રત્યે.
સર્વદેહ પ્રત્યે જેવું વર્તન, તેવું જ સ્વદેહ પ્રત્યે,
તે પણ સમદર્શન, સમવર્તન, સમભાવ છે.

સામ = સમદર્શન - સમાન દ્રષ્ટિ.
સમ = સમભાવ - સમાન ભાવ.
સમ્મ = સમવર્તન - સમાન વર્તન.

જે એકને જાણે તે સર્વને જાણે,
જે સર્વને જાણે તે એકને જાણે.
આત્મજ્ઞ તે સર્વજ્ઞ અને સર્વજ્ઞ તે આત્મજ્ઞ.
જે સર્વજ્ઞ થાય છે, તે આત્માના દ્રવ્ય - ગુણ - પર્યાયને જાણીને - અનુભવીને પછી જ. આત્મજ્ઞ થયા વિનાનું અન્ય દ્રવ્ય - ગુણ - પર્યાયનું એક આત્માને જાણ્યા - અનુભવ્યા વિનાનું જ્ઞાન અજ્ઞાનની કોટિનું છે.
એક આત્માને જાણતાં સમસ્ત લોકાલોક જણાય છે અને સર્વને જાણવાનું ફળ પણ આત્મપ્રાપ્તિ છે.

આત્માથી ભિન્ન ભાવીને પણ વ્યતિરેક વડે આત્માને
જાણવાની જ ક્રિયા છે. નિજસ્વરૂપને વિષે દૃષ્ટિ
દેવાથી સમસ્ત સૃષ્ટિ સહેજપણે પ્રતિબિંબિત થાય છે.
સર્વજ્ઞતા સહજ ઉપચરિત છે, આત્મજ્ઞતા નિરૂપચરિત છે.

એક આત્માની પ્રાપ્તિ થતાં અભેદસ્વરૂપ
દર્શન, જ્ઞાન, ચારિત્ર - ત્રણેની પ્રાપ્તિ થઈ જાય છે.
રત્નત્રયથી આત્મા અભેદ સ્વરૂપ છે.
નિર્વિકલ્પ - નિસ્તરંગ શુદ્ધ ઉપયોગ.

સત્યં પરં ધીમહિ । પરમ સત્યનું ધ્યાન કરીએ છીએ.
પરમ સત્ય એ નિર્વિકલ્પ, નિસ્તરંગ, શુદ્ધ, બુદ્ધ,
અચિન્ત્ય અને અગાધ છે. વીતરાગ શબ્દ તેનો પર્યાય છે.
'વીતરાગ' એટલે નિસ્તરંગ, નિર્વિકલ્પ અને
શુદ્ધ એવો જિનસ્વરૂપ નિજાત્મા.

અહીં આત્મસ્વરૂપનું જ્ઞાન થયા વિના કાંઈ સર્યું નથી.
શાસ્ત્રજ્ઞાનથી નિવેડો નથી, આત્મજ્ઞાનથી નિવેડો છે.
આત્મજ્ઞાન અનુભવગમ્ય છે.
અનુભવ અપ્રમત્ત ધારાએ અવિસ્મરણતા છે.
તેને 'સ્વરૂપજાગૃતિ' પણ કહે છે.
સર્વ ક્લેશ અને દુઃખથી મુક્ત થવાનો ઉપાય
એકમાત્ર આત્મજ્ઞાન છે.

જેટલું આત્મજ્ઞાન થાય, તેટલી સમાધિ પ્રગટે.
આત્મપરિણામની સહજ સ્વરૂપે પરિણતિ થવી તે ધર્મ
તથા આત્મપરિણામની સ્વસ્થતા તે સમાધિ છે.
આત્માને ઉપાસનાર સર્વ દુઃખથી મુક્ત થાય છે.

આત્માને ઓળખવો હોય તો
આત્માના ચિરપરિચયી અને પર વસ્તુના ત્યાગી થવું.

જો મુક્તિને ઇચ્છતા હો તો
સંકલ્પ - વિકલ્પ અને રાગ-દ્વેષને મૂકી.

સ્વયં સત્યવાદી ન બનવું એ ગુન્હો છે.
એનાથી અધિક જેઓ સત્યવાદી છે, તેમના પ્રત્યે
અસદ્ભાવ ધારણ કરવો કે અસદ્આશયનું આરોપણ
કરવું તે ગુન્હો છે. અસત્યવાદી સત્યવાદી થઈ શકે છે
પણ સત્યવાદી પ્રત્યે અસદ્ભાવ ધારણ કરનારો
સત્યવાદી બનવાનો અધિકાર મેળવી શકતો નથી.

સત્પુરુષોનું યોગબળ જગતનું નિરંતર કલ્યાણ કરે છે.
પરમ સુખસ્વરૂપ, પરમોત્કૃષ્ટ શાંત, શુદ્ધ ચૈતન્યસ્વરૂપ
સમાધિને જેઓ પામ્યા છે, તેઓ નિરંતર વન્દનીય છે.
તે સ્થાનમાં જેઓ નિરંતર લક્ષવાળા છે,
તેઓ પણ નમનીય છે.

હું એક છું, અસંગ છું, પરભાવથી શૂન્ય છું.
અસંખ્યાત પ્રદેશાત્મક નિજ અવગાહનાપ્રમાણ છું.
અજર - અમર - અજન્મ છું, શાશ્વત છું.
સ્વપર્યાય પરિણામી સમયાત્મક છું.
શુદ્ધ ચૈતન્યસ્વરૂપ માત્ર નિર્વિકલ્પ દૃષ્ટારૂપ છું.

અરિહંત, સિદ્ધ, સાધુ અને કેવળિ કથિત ધર્મનું શરણ સ્વીકારવા યોગ્ય છે, કારણકે તે મંગળ તથા લોકોત્તમ છે. જે પોતે મંગળ સ્વરૂપ છે, તે લોકમાં ઉત્તમ છે. જે લોકમાં ઉત્તમ છે, તે શરણરૂપ છે. બીજી રીતે જે શરણાગમન યોગ્ય છે, તે જ ઉત્તમ અને તે જ મંગળ છે.

લોકમાં મંગળ, ઉત્તમ અને શરણ
શુદ્ધ આત્મતત્ત્વને છોડીને બીજું કોઈ નહિ.
અરિહંતો શુદ્ધ આત્મા છે, સિદ્ધો શુદ્ધાત્મા છે,
સાધુ શુદ્ધ આત્મા છે, ધર્મ શુદ્ધ આત્મા છે.

જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વીર્ય અને ઉપયોગ એ આત્મા છે, તેવી જ રીતે અરિહંત, સિદ્ધ, સાધુ અને ધર્મ પણ આત્મા જ છે, આત્માથી અન્ય નહિ, તેથી આત્મા જ શરણરૂપ છે, આત્મા જ લોકોત્તમ છે અને આત્મા જ પરમાર્થ મંગળ છે.

અરિહંતાદિનું ધ્યાન એ આત્મધ્યાન જ છે.

આત્મધ્યાનનું આલંબન અરિહંતાદિ પદો છે.

તે પદો શુદ્ધ આત્માનું સ્મરણ કરાવનાર હોવાથી

મંગલ, ઉત્તમ અને શરણરૂપ છે.

આત્માનું સ્થૂલસ્વરૂપ દેહ છે, સૂક્ષ્મસ્વરૂપ પ્રાણ છે

અને શુદ્ધ સ્વરૂપ આત્મા પોતે છે.

પોતે પોતાનું આલંબન લઈ શકે એ હેતુથી

અરિહંતાદિનું આલંબન ઉપાદેય, સેવ્ય, ધ્યેય તથા આદેય છે.

એ રીતે નિરંતર શુદ્ધસ્વરૂપનું આલંબન લેવાનો અભ્યાસ

અનુપમ ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાનને

પ્રાપ્ત કરાવી અજરામર પદને અપાવે છે.

That which I am seeking is not
Seperate and apart from me.
That which I am seeking, I am.

માયામાં સત્વગુણ પ્રબળ હોવાથી તેમાં રહેલ
આવરણ શક્તિ ઈશ્વર ઉપર અસર કરી શકતી નથી.
અવિદ્યા મલીન સત્વગુણવાળી હોવાથી જીવ ઉપર
આવરણની પ્રબળ અસર થાય છે, એ જીવ અને ઈશ્વર
વચ્ચેનો તફાવત છે. વિષયનું ચિંતન તે ભોગ કહેવાય છે.

માદા જહા નિયં પુત્તં એકમત્તમણુરક્ખે |
એવમપિ સવ્વભૂતેસુ માનસં ભાવયે અપરિમાણં | સુત્તનિ:
એકના એક પુત્ર ઉપર જેવો પ્રેમ માતાને હોય છે,
તેવો અપરિમિત સ્નેહ સર્વભૂત-પ્રાણીઓ પર વિસ્તારો.

કૃત - ઘૃત - વૃત્ત - સુર્ત અને ચાર વાણી

કૃત = કર્મેન્દ્રિયોનો સંબંધ, ઘૃત = જ્ઞાનેન્દ્રિયોનો સંબંધ,
વૃત્ત = ગતિમાત્રનો સંબંધ,
સુર્ત = વૃત્તિનું એકસ્થાને સ્થિત થવું.
તે સશબ્દ હોય ત્યારે
અનુક્રમે વૈખરી, મધ્યમા, પશ્યંતિ અને પરા કહેવાય છે.

૦ ષટ્કર્મના નામ: (૧) ધોતિ (૨) બસ્તિ (૩) નેતિ
(૪) ત્રાટક (૫) નૌલિ (૬) કપાલભાતિ.

૦ માધ્યસ્થ્ય પરિણતિ, સ્યાદ્વાદ પરિણતિ, ન્યાયબુદ્ધિ,
સમભાવભાવિત મતિ વગેરે સમાનાર્થક શબ્દો છે.

૦ સંસ્કાર, ભાવના, વાસના એકાર્થક છે.

૦ પરમાત્મા પર વિશ્વાસ અને વિશ્વબંધુત્વનો સંદેશ
એ હિંદુ ધર્મનો પ્રાણ છે. દુઃખીની સેવા અને શત્રુને
પણ ક્ષમા એ ખ્રિસ્તી ધર્મનો પ્રાણ છે. બુદ્ધનો સંદેશ
એ છે કે દરેક વ્યક્તિ પોતાની બુદ્ધિ વિચારીને ચાલે.

ધર્મ એ દીપક યા અગ્નિશિખા છે.
તેનો પ્રકાશ ચારે બાજુ ફેલાય છે.
તેલ અને વાટ પ્રતિક્ષણ પોતાની જાતની
આહુતિ આપીને એને પ્રજ્વલિત રાખે છે.
કોડિયું દીપકના બાહ્ય આધારરૂપ છે,
પછી તે માટીનું હો યા સોનાનું, પીત્તળનું હો યા ચાંદીનું.
બાહ્ય આચાર દીપકના પાત્રને સ્થાને છે.
જો આત્માની જ્યોત પ્રગટે નહિ તો તે નિરર્થક છે.
તે જ્યોતિ પ્રકટાવવાનું સાધન સ્વાધ્યાય, ધ્યાન, તપસ્યા,
સેવા છે. તે વડે મોહ અને કષાયની વાટ બાળવાની છે.
વાટ જેટલી વધારે બળશે, તેટલો પ્રકાશ વધારે મળશે.
દીવો ઘી નો હો કે તેલનો હો કે મીણબત્તીનો હો.
મહત્ત્વ પ્રકાશનું છે.
સિદ્ધાંતોની આડ લઈને અહંકાર દૂર કરવાને બદલે
અહંકારનું પોષણ ન થવું જોઈએ.
સિદ્ધાંતોને જીવનમાં ઉતારવાની ચિંતા વધુ હોવી જોઈએ,
ઢોલ વગાડીને બીજાને ચૂપ કરવાના નહિ.
અનેકાન્ત એક એવો સિદ્ધાંત છે,
કે જે ઝઘડાઓને મિટાવી શકે છે.

# અનેકાન્તવાદની ઉપાસના

અનેકાન્તનો અર્થ એ છે કે આપણે આપણી માન્યતા અથવા દૃષ્ટિકોણને બીજા પર લાદવાને બદલે બીજાના દૃષ્ટિકોણને સમજવા વધુ પ્રયાસ કરવો જોઈએ. એનું જ નામ વૈચારિક સમતા છે. સાધના માત્રનું લક્ષ્ય સમતા છે. સમતાની ઉપાસના એ જ સાચું સામાયિક છે. આશય તે છે કે જે સમતાનો ઉપાસક હોય. અનેકાન્ત સામાનો દૃષ્ટિકોણ સમજવા ઉપર વધારે ભાર મૂકે છે. એકાન્ત પોતાનો દૃષ્ટિકોણ બીજા ઉપર ઠસાવવા માટે વધારે ભાર મૂકે છે. 'બીજા કોઈનું સાંભળે નહિ અને મારું જ સાંભળે' એવો આગ્રહ એકાન્તવાદનો છે. 'વિરોધી વિચારોને સાંભળવા એ પાપ છે - મિથ્યાત્વ છે' એમ એકાન્તવાદ કહે છે. તે કહે છે કે બીજાના ગુણ જોવાને બદલે દોષો જ જોવાનો પ્રયત્ન કરવો જોઈએ.

સમ્યક્ત્વની રક્ષાને નામે કરવામાં આવનારો આ પ્રયત્ન અનેકાન્ત નહિ પણ એકાન્તવાદ છે. જૈન પરિભાષામાં એનું જ નામ મિથ્યાત્વ છે. જે વ્યક્તિ સવર્ગ - સાંજ ભિન્નતાનો દાવો કરે છે, તે બીજાના દોષ ભૂલીને ગુણગ્રહણ કરવાનો જ પ્રયત્ન કરશે અને તે જ અનેકાન્તવાદનો ઉપાસક બનશે.

## અનાહત ધ્વનિ - અધ્યાત્મ શબ્દ

તંત્રગ્રન્થોમાં અનાહત ધ્વનિની ચિંતા મોટી છે.
કુંડલિની પ્રગટે ત્યારે કુંડલિનાદનો ધ્વનિ પ્રગટે છે,
તે પાછળ અનાહત ધ્વનિનું સૂચન સંભળાય છે.
નાડી એટલે સુષુમ્ણા અને પવન એટલે પ્રાણ.
નાડીપવન સંયોગના પરિણામ વિના યોગચર્યા નિરર્થક છે.
તે વિના ઘણુંય મળશે પણ યોગ સાધી શકાતો નથી.
પ્રાણ જ્યારે સુષુમ્ણા નાડીમાં વહન થવા લાગે ત્યારે
મંત્રસિદ્ધિ થાય છે, તે પહેલાં ઇડા - પિંગલામાં પવનની
ગતિ હોય, ત્યાં સુધી ચિત્તમાં ચંચળતા અને જડતા
અનુભવાય છે. જેમજેમ મંત્રજાપ વધે છે, તેમ તેમ
પવનની ગતિ બદલાય છે અને અંતે સુષુમ્ણામાં ચાલવા
લાગે, ત્યારે મનઃસ્થિરતા અને શુદ્ધિ અનુભવાય છે.
કુંડલિ સ્પન્દન કુંડલિનીની નિશાની છે.

'અધ્યાત્મ શબ્દઃ' । અનાહત ધ્વનિસ્તત્પરમાર્થઃ ।
- સ્વચ્છંદ તંત્ર પટલ - ૭, પૃ-૨૩૪

સિદ્ધયોગના શક્તિપાતથી સાધકને સાધનામાં
જે યોગ મળે છે, તેથી સાધકની પોતાની જે આંતરિક
અવસ્થા હોય છે, તેમાં ગડબડ ઉભી થાય છે.

તે શક્તિપ્રપાત ચાલુ રહે ત્યાં સુધી સારું લાગે છે,
પછી તેની અસર ગયા બાદ તકલીફ ઊભી થાય છે.

પ્રાણ અને મનનું અધિષ્ઠાન હૃદય છે.

હૃદયના ભાવો સાથે પ્રાણ - મન - બુદ્ધિના ધર્મો જોડવા
એ મૈત્રી આદિ ભાવનાઓના અભ્યાસથી જ શક્ય બને.
એથી મન, પ્રાણ, બુદ્ધિ અને હૃદયની એકતા સધાય છે.

શ્રદ્ધાપૂર્વકના ધ્યાનથી ચિત્તમાં વસેલી મૂર્તિ
Visualise થાય છે.

યોગ્ય પૂર્વતૈયારી વગર બળના શક્તિપાતથી
થતી કુંડલિનીનું જાગરણ મુશ્કેલીનું કારણ બને છે.

વૈદ્ય ભાનુભાઈ, જામનગર

ચાર સંખ્યાનો ઉપયોગ પ્રભુનામ સાથે વારંવાર આવે:
(૧) વાસુદેવ ચતુર્ભુજ છે. (૨) ચાર પુરુષાર્થ - ચતુર્ભાવ.
(૩) વિરાટ - સૂત્ર - અવ્યાકૃત - તુરીય - ૪ મૂર્તિઓ.
(૪) ચતુર્વ્યૂહ, ચતુર્ગતિ, ચતુરાત્મા અને ભૂપૂર ૪ દ્વાર.
(૫) અંતઃકરણચતુષ્ટય - ચતુરાત્મા (૬) વેદ ૪ - ચતુર્વેદ વિત્.
(૭) ચતુરસ્ત્ર - ન્યાય સમવેત. (૮) સ્વસ્તિકની ચોકડીમાં
ઊભી અને આડી રેખાઓની મધ્યમાં જે બિન્દુ છે,
તે શિવશક્તિ સામરસ્યનું પ્રતીક છે.

ભગવતી બિંદુ મંડલવાસિની કહેવાય છે અને
ભગવાન બિંદુ સંજ્ઞક કહેવાય છે.
બિંદુ એટલે સર્વાનંદમય ચક્ર, બ્રહ્મરન્ધ્ર છે.
સ્વસ્તિ એટલે મંગલ, મંગલ એ જ પરબ્રહ્મનું સ્વરૂપ.

સ્કન્દપુરાણમાં કહ્યું છે કે

अशुभानि निराचष्टे तनोति शुभसन्ततिम् ।
स्मृतिमात्रेण यत् पुंसां ब्रह्म तन्मंगलं विदुः ॥१॥

અર્થાત્: સાંભળવા માત્રથી અશુભને દૂર કરે છે તથા
શુભની પરંપરાને કરે છે, તેને મંગલ કહે છે.
સ્વસ્તિક એ ૐકારની જ આકૃતિ છે - સ્વરૂપ છે.
ૐકાર એકાક્ષર બ્રહ્મ છે. ૐકાર સ્વરૂપ ગણપતિ બધા
દેવોનું અને પરબ્રહ્મનું ટૂંકમાં પ્રતીક છે.
તે આશિષ, ક્ષેમ, નિષ્પાપ, શુદ્ધ અને મંગલસૂચક છે.
સર્વ દેવતાને આરાધવાનું સર્વ સંમત મંડલ છે.
તેમાં દેવતાનો વાસ છે. દેવતાનો તે મંત્રમય વિગ્રહ છે.

o વૈજ્ઞાનિકો એમ કહે છે કે:
પૃથ્વી કરતાં સૂર્ય ૧૩ લાખ ગણો મોટો કહેવાય છે,
પરંતુ વસ્તુતઃ ૧ ક્રોડ અને ૩૩ લાખ ગણો મોટો છે.

o અભ્યાસ મનન કરવો એ કરતાં અભ્યાસ કરવો
એ વધુ શરમજનક છે.

કુળ = શક્તિ, અકુળ = શિવ.

શિવ એ કુળ - ગોત્રરહિત તથા આદિ - અંતરહિત છે.
ચંદ્ર - ચંદ્રિકાની જેમ શિવ - શક્તિ વચ્ચે ભેદ નથી.
અગ્નિ - ધૂમ, વૃક્ષ - છાયાની જેમ અવિનાભાવ છે.

શિવનો 'ઇ'કાર શક્તિવાચક છે.

તે વિના શિવ એ શવ છે.

<u>કુળ શબ્દના ચાર અર્થ</u>

(૧) <u>દાર્શનિક</u> - એક જ જ્ઞાન સમવાય સંબંધથી જ્ઞાતામાં અને વિષયતા સંબંધથી જ્ઞેયમાં તથા તાદાત્મ્ય સંબંધથી જ્ઞાન સ્વરૂપ ક્રિયામાં રહે છે. જ્ઞાન સ્વપ્રકાશિત છે. જગત એ જ્ઞાતા, જ્ઞેય અને જ્ઞાનની ત્રિપુટી રૂપ છે. ત્રિપુટી કૃત જગતના પદાર્થોને જ્ઞાન રૂપ ધર્મ એક જ હોવાને કારણે સજાતીય છે, આથી 'કુળ' કહેવાય છે. ત્રિપુટી ભાવ દ્વારા જગતના તમામ પદાર્થોનું જ્ઞાન તે કૌલજ્ઞાન અર્થાત્ કૌલમતે જગત જ્ઞાનાદ્વૈત રૂપ છે.

(૨) <u>વંશપરક અર્થ</u> - એક પિતાથી અને જનનીથી અર્થાત્ નાદરૂપા અને બિંદુરૂપા અર્થાત્ સૃષ્ટિ જે પ્રકટે છે.

નાદરૂપા સૃષ્ટિ ગુરુ પરંપરાથી અને
બિંદુરૂપા જન્મ પરંપરાથી પ્રાપ્ત છે.

નાદરૂપા સૃષ્ટિ ગુરુ પરંપરાથી પ્રકૃતિ
પરમ શિવથી લઈને સ્વ ગુરુ પરંપરા એ જ મુખ્ય છે.
તે સિદ્ધાન્તને જ 'કુલ' કહેવાય છે.

(3) <u>રહસ્યપરક અર્થ</u> - કુલનો અર્થ જાતિ પણ થાય છે.
એક જ જાતિની વસ્તુઓમાં અજ્ઞાનવશ
ભિન્ન જાતીયતાનું ભાન થાય છે.
ઉપાસ્ય પણ શિવ છે અને ઉપાસક પણ શિવ છે.
આ ઉપાસ્ય અને ઉપાસક - બંનેને એક જ કુલની
વસ્તુ બતાવનાર શાસ્ત્ર, તે 'કૌલશાસ્ત્ર' કહેવાય છે.

(૪) <u>યોગપરક અર્થ</u> - 'કુ' એટલે પૃથ્વી, 'લ' એટલે લીનતા.
પૃથ્વીતત્ત્વ મૂલાધાર ચક્રમાં લીન રહે છે,
એટલે મૂલાધાર ચક્રને જ 'કુલ' કહે છે.
આ મૂલાધાર સાથે સુષુમ્ણા જોડાયેલી છે.
તેના આધારથી તે કુંડલિની જાગૃત થઈ સહસ્રારમાં પરમ
શિવ સાથે સામરસ્ય પ્રાપ્ત કરે છે એટલે લક્ષણાથી
સુષુમ્ણા તે જ કુલ કુંડલિની શક્તિરૂપ છે. શક્તિ જ
સૃષ્ટિ છે, તેથી સૃષ્ટિ કુંડલિ છે એટલે કુંડલિનીને પણ
'કુલ' કહે છે. શક્તિ જ મહાકુંડલિની રૂપથી જગતમાં
વ્યાપ્ત છે. માનવશરીરમાં તે કુંડલિની રૂપે સ્થિત છે.

'કુલ' એટલે મૂળાધાર, સુષુમ્ણા અથવા કુંડલિની.
જ્યાં જીવ સાધારણ રીતે ત્રણ અવસ્થામાં રહે છે.
તે ત્રણે અવસ્થામાં કુંડલિની નિશ્ચેષ્ટ રહે છે.
એના દ્વારા માત્ર શરીર ધારણ કરવાનું કાર્ય થાય છે.
સાધના દ્વારા નિદ્રિતા કુંડલિનીને જાગૃત કરી, મેરુદંડ મધ્યે
સ્થિત સુષુમ્ણાના માર્ગે સહસ્રારમાં સ્થિત પરમ શિવ સુધી
ઉત્થાપન કરવી, એ કૌલ સાધકનું પરમ કર્તવ્ય છે.
શિવશક્તિનું મિલન તે જ સામરસ્ય - તે જ પરમ આનંદ.
તેમાં ત્રણ પ્રકારના સાધક છે: પશુ - વીર અને દિવ્ય.
એ ત્રણેની સાધનાના પ્રકાર ઉત્તરોત્તર ચઢીયાતા છે.
જે મોહપાશથી બંધાયેલા છે, તે પશુ છે.
અદ્વૈતજ્ઞાનની ઝળકથી મોહપાશને તોડનારા તે વીર છે.
સહજપણે અદ્વૈતજ્ઞાન પામનારા તે દિવ્ય છે.
તેમને કોઈ આચાર કે નિયમનું બંધન નથી. તેઓ
કર્દમ - ચંદન, પુત્ર - શત્રુ, ગૃહ - સ્મશાન કે તૃણ - સુવર્ણમાં
લેશમાત્ર પણ ભેદબુદ્ધિ નહિ ધરાવનારા ઉત્કૃષ્ટ સાધક છે.
ધ્યાતા સ્વયં ધ્યાન અને ધ્યેય બની જાય છે.
ધ્યાતા એ ધ્યેય તથા ધ્યાનની એકતાને સંપાદન કરે છે.
o દાર્શનિક દૃષ્ટિએ કૌલમત એ તંત્રમતને મળતો છે.
તંત્રમત સત્કાર્યવાદી છે.

પરમશિવ નિર્ગુણ તથા નિરંજન છે.

શિવ સગુણ અને સિસૃક્ષા રૂપી ઉપાધિથી વિશિષ્ટ છે.

શિવનો ધર્મ શક્તિ અને શિવથી અભિન્ન છે.

શિવ શક્તિ ઉપરાંત સદાશિવ, ઈશ્વર, શુદ્ધ વિદ્યા
તથા માયા, અવિદ્યા, કલા, રાગ, કાલ, નિયતિ
અને જીવ - પ્રકૃતિ તથા ૪ અંતઃકરણ, ૧૦ ઇંદ્રિયો,
૫ તન્માત્રા અને ૫ ભૂત મળીને કુલ ૩૬ તત્ત્વો છે.

કુલ ૩૬ તત્ત્વો ત્રણમાં અંતર્ભૂત થાય છે:

(૧) શિવશક્તિ તે શિવતત્ત્વ છે, કેમકે
તેમાં સચ્ચિદાનંદ બ્રહ્મ અનાવૃત અને સ્પષ્ટ છે.

(૨) સદાશિવ, ઈશ્વર અને શુદ્ધ વિદ્યા તે વિદ્યાતત્ત્વ છે.
તેમાં સત્, ચિત્ત અનાવૃત છે.

(3) બાકીના ૩૧ આત્મતત્ત્વ છે, તેમાં માત્ર સત્ અંશ
જ પ્રકટ અને અનાવૃત છે. શિવ તથા જીવ અભિન્ન છે.

ત્રણ પ્રકારના મળથી માયા શિવને આચ્છાદિત કરે છે,
ત્યારે તે જીવરૂપે વ્યવહાર કરાય છે.

'શરીર સંકુચિતઃ શિવો જીવો નિષ્કંચુકઃ શિવ।'

શરીર અર્થાત્ ત્રિમળ દ્વારા આચ્છાદિત શિવ તે જીવ છે
અને અનાચ્છાદિત જીવ તે શિવ છે.

જીવથી જ જ્ઞાન ઉદ્ભવ્યું છે.

જીવ જ બધા તત્ત્વોમાં પ્રધાન છે.
જીવ જ હંસ છે, શિવ છે, પરમ શિવ છે.
મન પણ તે જ છે અને તે જ સચરાચર વ્યાપી છે.
પોતે જ પોતાનું બંધન તથા પોતે જ પોતાની મુક્તિ છે.
જેણે આ તત્ત્વ સમજી લીધું,
સ્વ અને પરમાં આત્મતત્ત્વને નિરખનાર તે યોગીરાજ છે.
તે સ્વયં શિવસ્વરૂપ તથા બીજાને મુક્ત કરવા સમર્થ છે.

ભગવતીજી સૂત્રમાં કહ્યું છે કે:

સર્વેનું હિત ઇચ્છનારા ટોપાદિ અમુક દેવો
ભવના ચરમભાગમાં વર્તનારા જીવો છે.

० जे सिज्झा सिज्झंति सिज्झिस्संति य अणंता ।
जस्सु आलंबण ठविय मणस्सो सेवह अरिहंत ॥१॥

અર્થાત્: અનંતા સિદ્ધ થયા છે, થાય છે અને થશે.
આ આલંબન સ્થાપન કરીને મનથી અરિહંતપ્રભુને સેવો.

કર્મ - ધર્મ - ઈશ્વરીય મહાસત્તા

કર્મ મહાસત્તા - કાર્ય - કારણ ભાવ.
ધર્મ મહાસત્તા - ક્ષમા, નમ્રભાવ, દયા.
ઈશ્વરીય મહાસત્તા - શુદ્ધ આત્મદ્રવ્યની એકતા.
ઈશ્વરીય મહાસત્તા એ પરમસત્તા છે.

1) Mercy through forgiveness.
2) Grace through gratitude.
3) Oneness through surrender.

એક ક્ષમાપ્રાર્થનારૂપ છે, બીજી કૃતજ્ઞતાનુમોદનારૂપ છે.
તે બંને વડે શરણાગમન યોગ્યતા પ્રકટે છે.
શરણાગમન શુદ્ધ આત્મદ્રવ્ય સાથે ઐક્યનું ભાન છે.
કર્મ મહાસત્તાનો નિયમ મમત્વભાવને છોડાવે છે.
ધર્મ મહાસત્તાનો નિયમ સમત્વભાવને વિકસાવે છે.
ઈશ્વરીય મહાસત્તાનો નિયમ પરમાત્મભાવને સ્થાપાવે છે,
ઈશ્વરીય મહાસત્તાનો નિયમ પરમાત્મભાવને પ્રગટાવે છે.

°

The nature of God is one.
The nature of prayer is
realisation of oneness.
We have found God as one:
as our very being. God is one &
beside Him there is no other,
because we know the nature of God
as one, we know the nature of
prayer as the realization of oneness.

## યોગના આઠ સોપાન 21-11-67

(૧) સિદ્ધાસન - રોજ ૧૦ મિનીટથી ૪૮ મિનીટ સુધી કરવું.

(૨) ૐકારં બિંદુસંયુક્તં - તેનો સુમધુર સ્વરે નિત્ય ૧૦ મિનીટ સુધી જાપ કરવો.

(3) મનને ૫ મિનીટ પર્યન્ત વિચારરહિત કરવા પ્રયત્ન કરવો.

(૪) આત્મતત્ત્વનું ચિન્તન કરવું (ઉદ્ધર્તા સ્વામાન્ય).

(૫) પ્રાણીમાત્રમાં એક જ આત્મતત્ત્વ જોવાનો અભ્યાસ કરવો.

(૬) રોજ એક કલાક મૌન જાળવવું (સંપૂર્ણ).

(૭) ચર્ચા અને વાદ - વિવાદનો ત્યાગ કરવો.

(૮) સર્વત્ર મધ્યસ્થભાવ કેળવવો. - શ્રી આચરતલાલ

*The shortest way of Yoga as experienced by Acharatlal:*

(૧) મન, વચન અને કાયાને સ્થિર કરવા.

(૨) મનને આત્મધ્યાને સ્થાપવું.

(3) તે દ્વારા આત્મરમણતા કરવી.

(a) પ્રાણીમાત્રમાં એક જ આત્મતત્ત્વને જોવું.

(b) સર્વત્ર મધ્યસ્થ પરિણતિ કેળવવી.

(c) મૌનપૂર્વક વાદ - ચર્ચાનો પરિત્યાગ કરવો.

23-11-67

મહેશ યોગી કહે છે કે મનને અંકુશમાં રાખવાનું
અમે કહેતા નથી એટલે અમે મનને રોકતા નથી.
મનને અંદર લાવવાની ધ્યાન એક પ્રક્રિયા છે.
માનવનું મન હંમેશા વધુ સુખને માર્ગે સફર કરે છે.
ઇચ્છાઓ સંતોષવાનો મહત્તમ પ્રયાસ કરે છે
એટલે માનવની શ્રેષ્ઠ ઇચ્છાને સંતોષવામાં તેના બધા
ગૌણ ઇચ્છાઓ પણ સંતોષાશે. તમે કોઈ ઇચ્છા જ
ન રાખો તો તમે પ્રગતિ કરી ન શકો. જીવનની સર્વશ્રેષ્ઠ
ઇચ્છા કે કામના આધ્યાત્મિક દ્રષ્ટિ પ્રાપ્ત કરવાની છે.
પ્રભુ સાથે યોગ કરવાની દ્રષ્ટિ સહેલાઈથી કેળવી શકાય.
કુદરત પણ તેમાં સમર્થન અને સહાનુભૂતિ આપે છે.
સામાન્ય મનુષ્ય પણ સરળ અને કુદરતી રીતે પોતાની
બુદ્ધિશક્તિનો ઉચ્ચકક્ષાએ વિકાસ સાધી શકે છે, તો
પછી મુશ્કેલ માર્ગ લઈને દુઃખી શા માટે થવું જોઈએ?

George Macdonald says

એક માનવ બીજા માનવને
સૌથી મૂલ્યવાન ભેટ કઈ આપી શકે?
કદાચ સુંદર વિચાર જ.

શ્રી અરવિંદ કહે છે કે: તમે અંતરાત્માની વૃત્તિ
ઉર્ધ્વમુખ કરો એ જ સૌથી સીધો નિરાપદ પથ છે.
આ પથ ઉપર ચાલશો તો કોઈ દિવસ પ્રભુ તમને
પ્રકટ યા ગુપ્તરૂપે સહાયતા કરીને જરૂર અપનાવી લેશે.

## અનાહત એ આત્મા જ છે

અનાહત એ ઉત્તરોત્તર વિશુદ્ધ થતી ચૈતન્યશક્તિ જ છે,
પ્રથમ તે નાદરૂપે અનુભવાય છે,
પછી તે અનુક્રમે તૈલધારાવત્ (અવિચ્છિન્ન) પ્રવાહરૂપે
બની બ્રહ્મરંધ્રમાં વિલીન થઈ જાય છે, એટલે
'શુદ્ધ થયેલા આત્માથી અભિન્ન હોઈ
અનાહત એ આત્મા જ છે'
આ રહસ્ય બતાવવા જ ત્રીજા વલયમાં
લબ્ધિધર મુનિઓ સાથે અનાહતની સ્વતંત્ર સ્થાપના થઈ છે.
સૂરિમંત્રરાજ૰માં 'અર્હં માં રહેલો બિંદુરૂપ-
અનાહત (નાદ) તે અરિહંત છે' એમ કહ્યું છે.
એ ગ્રન્થથી પણ આ વાતની પુષ્ટિ મળે છે.

- કલાપૂર્ણ વિ.કા.વ.૮

Law of mercy through
forgiveness and love.

## ક્ષમા અને મૌન દ્વારા દુષ્કૃતગર્હા

પ્રેમ અને ક્ષમાની ઊર્મિઓ વડે જ
દુષ્કૃતગર્હા આત્માને સ્પર્શે છે.
દ્વેષ દ્વારા કરાયેલા અપરાધનો વાસ્તવિક પ્રતિકાર
પ્રેમ દ્વારા જ શક્ય છે અને
સૌમ્યતાનો પ્રાદુર્ભાવ પણ તો જ શક્ય છે.
નમ્રતા આવવાથી જ ભક્તિ વાસ્તવિક બને છે અને
પરમાત્માના અનુગ્રહના વાસ્તવિક ભાજન થવાય છે.
મોક્ષની પ્રાપ્તિ પરમાત્મા કે શુદ્ધ આત્મદ્રવ્યની સાથે
અભેદાનુભૂતિ થવા દ્વારા જ પ્રાપ્ત થાય છે.
અભેદાનુભૂતિરૂપ શરણાગતિ અર્થાત્ પ્રપત્તિ
ન આવવાના કારણે જ જીવ ભવભ્રમણ કરી રહેલ છે.
૦ સેવા ક્રિયાત્મક નહિ પણ ભાવાત્મક હોવી જોઈએ.
જીવ અને ઈશ્વરનો પહેલો સંબંધ શબ્દથી થાય છે.
'હે નાથ! હું તમારો છું' વગેરે વચનોથી શરૂઆત થાય છે.
સ્ત્રી - પુરુષનો સંબંધ પણ
વેવિશાળ અર્થાત્ વાગ્દાનથી શરૂ થાય છે.
જીવને પ્રભુના નામનો જપ કરવો સહેલો છે, કારણકે
જીભ સ્વાધીન છે અને ભગવાનનું નામ સુલભ છે.

શિષ્ય કહે છે કે: 'મને ભવ તરવાનો સહેલો માર્ગ બતાવો.
ત્યાગનો માર્ગ કઠિન છે માટે મારા ઉપર કૃપા કરો.'
ગુરુ કહે છે: 'ભગવાને તારા ઉપર કૃપા તો કરી જ છે.
મનુષ્ય જન્મ આપ્યો તે ઓછી કૃપા છે? હવે તો તું જ
તારા ઉપર કૃપા કર અને તું જ તારો ગુરુ થા.'
આત્મનો ગુરુરાત્મૈવ । આત્મા જ આત્માનો ગુરુ છે.
દરરોજ સેંકડો જીવો યમરાજને ઘેર જઈ રહ્યા છે,
તે જોવા છતાં બાકી બાકી રહેલા લોકો તો
'આપણે તો મરવાના જ નહિ' એમ માની આ દુનિયામાં
મનસ્વી રીતે રહે છે, વર્તે છે તથા આ દુનિયામાં
સ્થિર રહેવા ઇચ્છે છે, જાણે કે પોતે મરવાના જ નહિ.
આથી મોટું આશ્ચર્ય બીજું શું હોઈ શકે?
મહાભારતનો મહિમા તે આ જ અને એ જ મોટું આશ્ચર્ય.

ઈશ્વરને પ્રાપ્ત કરવાનાં ત્રણ ઉપાયો

(૧) તીવ્ર ઇચ્છા - 'નમો'
(૨) સત્સંગ - 'અરિહંત'
(3) પ્રેમ - 'ણાં'

o

Attachment and aversion are
means to loss of spiritual energy.

## સત્સંગની ઓળખાણ શું?

જેનાથી આપણા અંતરાત્માની ઓળખાણ અને
અંતરાત્માની વિશુદ્ધિ થાય તે સત્સંગ છે.
સત્સંગના વાતાવરણમાં જે આવે, તે વિશુદ્ધ બને છે.
મંત્રને આધીન દેવ રહે છે.
ઈશ્વર ઉપર અનન્ય પ્રેમ તે ભક્તિ છે.
જેનાથી જીવનનો અદ્ભુત આનંદ મળે તે પ્રેમ છે.
પ્રેમ એટલે રસાનંદ. તે રહસ્ય અને નિત્ય છે.
પ્રભુપ્રેમ એ અનિર્વચનીય દિવ્ય લાગણી છે.
પ્રભુપ્રેમ નિરાલંબ છે, સાંસારિક પ્રેમ વિષયાધીન છે.
ભક્તિનું મૂળ સત્સંગ છે.
જેનાથી સદ્વિચાર ઉત્પન્ન થાય તે સત્સંગ છે.
નામસ્મરણથી ઈશ્વરનો વિચાર જાગે છે, તેથી
નામસ્મરણ પણ સત્સંગ છે.
ઉત્તમ જપ ધ્યાનમય છે, તેમાં કોઈ વિધિ - વિધાન નથી.
જપ ગાજે ત્યાં ધ્યાન અને તે જ પ્રભુપ્રેમ છે.
ઈશ્વરના સ્વરૂપનું ધ્યાન કરવાથી
જે અનાહત શબ્દરૂપે અનુભવમાં આવે છે, તે પ્રણવ છે.
તે અપાર અને અનંત છે.

ભૌતિક વિલાસોથી કદી આત્મસુખ મળતું નથી.
તે વિષયોને આધીન છે, તેથી વિડંબના જ વધે છે. એક
સંત જે કામ કરે છે તે લાખો ધનવાન નથી કરી શકતાં.
દુઃખ અને દરિદ્રતા ઉપર ધ્યાન નહિ રાખતાં
પ્રભુસ્મરણમાં જ ચિત્ત રાખવું.
જેમજેમ પ્રભુપ્રેમ ઉત્કટ બને છે,
તેમ બધાં વિઘ્નોનું ઉપશમન થઈ જાય છે.
મનુષ્યને જીવવા માટે અન્ન કરતાં આનંદની વધુ જરૂર છે.
જીવનમાં બધું જ હોય પણ આનંદ ન હોય
અને સતત શોક જ હોય તો દીર્ઘ જીવન અશક્ય છે.
આનંદથી જ જન્મ અને આનંદથી જ જીવન છે.
આનંદ એ અંતઃકરણનો ધર્મ છે.
અંતઃકરણની ત્રણ અવસ્થાઓઃ સુખી, દુઃખી તથા ઉદાસીન.
મન સ્વસ્થ રહે તે સુખ – બ્રહ્માનંદનું પ્રતિબિંબ છે.
પ્રતિકૂળ વિષય મળતા કે અનુકૂળ વિષય ન મળતા જે
નિરાશા થાય તે દુઃખ. ઉદાસીનતા એટલે સુખ અથવા દુઃખ
બેમાંથી એકનો પણ અનુભવ ન થયો તે, વાસનાનંદ છે.
વિષયાનંદ કરતાં વાસનાનંદનું સ્થાન ઊંચું છે
પણ બ્રહ્માનંદ કરતાં તેની કક્ષા નીચી છે.

વિષયાનંદમાં ત્રણ દોષ છે:
પરતંત્રતાનો, અનિત્યતાનો અને અજ્ઞાનતાનો.
વિષયેચ્છાથી મન ચંચળ રહે છે.
ચંચળ જળમાં પડછાયો પડતો નથી.
ઈચ્છિત વિષયની પ્રાપ્તિ વખતે ક્ષણવાર મન
સ્થિર થાય છે એ વખતે જે સુખાનુભૂતિ થાય છે,
તે જ બ્રહ્માનંદનો પડછાયો છે.
તે વખતે 'મને વિષયમાંથી આનંદ મળ્યો' એવી ભ્રાન્તિ છે.
અજ્ઞાનાવરણમાં આત્માના સદંશ અને
ચિદંશને ઢાંકવાની શક્તિ નથી.
'સદંશ' વડે હું છું અને 'ચિદંશ' વડે હું જાણું છું.
તે બે અંશ જ અજ્ઞાનના અસ્તિત્વના પ્રકાશક છે.
રાજસવૃત્તિમાં ચાંચલ્ય અને તામસવૃત્તિમાં માલિન્ય છે,
તેથી એમાં આત્માનું સ્પષ્ટ પ્રતિબિંબ પડતું નથી.
વિષયેચ્છા રાજસવૃત્તિ છે.
ક્રોધ, લોભ, મોહ એ તામસવૃત્તિનાં સૂચક છે.
એમાં આનંદ નહિ પણ આનંદાભાસ છે.
સાત્ત્વિક વૃત્તિમાં મન સત્ત્વગુણને લીધે નિર્મળ
અને નિશ્ચળ થયેલું હોવાથી તેમાં રાગ-દ્વેષ હોતાં નથી.

ત્યાં આનંદનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ થાય છે. પૂર્ણ ઇચ્છાનિવૃત્તિ વિના અખંડાનંદનો અનુભવ થતો નથી.

આનંદનું અધિષ્ઠાન અંતરાત્મા જ છે.

તે આત્મામાં અર્થાત્ અંતઃકરણમાં જ રહે છે.

આનંદ એ બહાર શોધવાનો પદાર્થ નથી.

'આનંદ એ આત્માની માફક જ અંતર્મુખ થઈને અંદરથી ખોળવાનો પદાર્થ છે' તે સતત સ્મરણમાં રહેવું જોઈએ.

વિષયાનંદના ત્રણ પ્રકાર છેઃ પ્રિય, મોદ અને પ્રમોદ.

તત્ત્વદર્શી પુરુષોએ તાત્ત્વિક દૃષ્ટિએ બ્રહ્માનંદનો જેટલો આદર કર્યો છે, તેથી અનેકગણો અનાદર વિષયાનંદ વિષે વ્યક્ત કર્યો છે.

બધા જ વિષયોમાં સૌથી વધુ પ્રિય વિષય હોય તો તે આત્મા જ છે. દેહાદિથી ભિન્ન તે પૂર્ણ સુખમય છે. ધન કરતાં પુત્ર, પુત્ર કરતાં દેહ, દેહ કરતાં ઇંદ્રિયો, ઇંદ્રિયો કરતાં પ્રાણ, પ્રાણ કરતાં પણ વધુ વહાલો આત્મા છે. 'મને પ્રાણ જાય એની પણ પરવા નથી' એમ અવસરે કહેવાય છે. આત્મા આનંદરૂપ હોવાથી સર્વથી અધિક પ્રેમનો વિષય બને છે.

વિષયસાપેક્ષ આનંદ દૂષિત છે.

વિષયનિરપેક્ષ આનંદ સ્વયંભૂ હોવાથી પરમારાધ્ય છે.

यस्य नास्ति स्वयं प्रज्ञा शास्त्रं तस्य करोति किम् ।
लोचनाभ्यां विहीनस्य दर्पणं किं करिष्यति ॥ सदुक्ति:

જેની પોતાની બુદ્ધિ નથી, તેને શાસ્ત્રો શું કરશે ?
આંખ વગરનાને દર્પણ શું કરશે ?

શાસ્ત્રો એ દીપક છે અને એના પ્રકાશમાં આપણે
આપણા આત્માને શોધવાનો છે અને
શોધીને એને શુદ્ધ કરવાનો છે.

વિદ્વત્તાની સાથે સરળતા ભળે ત્યારે જ
સત્યને ઓળખી શકાય છે અને મેળવી શકાય છે.

સાચો આનંદ અનાસક્તિમાં છે.

નિર્વાસન મન એ જ આનંદની ભૂમિકા છે. બધા જ
આનંદના મૂળમાં અનાસક્તિ અને નિર્વાસન રહેલાં છે.
આનંદના સ્વરૂપનું અજ્ઞાન અને મનની સંકુચિતતા
એ જ સાચા આનંદને પામવામાં અંતરાયભૂત છે.

સ્વાર્થવૃત્તિ તથા સંકુચિતતામાંથી
લોભનો જન્મ થાય છે અને તેમાંથી અસંતોષ.
આ અસંતોષ સઘળાં આનંદને લૂંટી લે છે.

જ્યાં સંતોષ ત્યાં સુખ અને જ્યાં અસંતોષ ત્યાં દુઃખ.
આનંદ જેમાંથી જન્મે છે, તે આત્મતત્ત્વને છોડીને અન્યત્ર

આસક્તિનો અભાવ અને પ્રભુસ્વરૂપ પરમાત્મામાં
પરમ પ્રીતિ તે આનંદ ઉપજાવવાનાં વાસ્તવિક ઉપાયો છે.
Peace with God. પ્રભુના સાન્નિધ્યમાં શાંતિ.
Blessed are the peace makers for
they shall be called children of God.

o જીવ અને ઈશ્વરને જોડનારી કડી તેનું નામ બુદ્ધિ.

જેની બુદ્ધિ બગડી, તેની જીંદગી બગડી.

બુદ્ધિથી રક્ષણ કરવું તેના કરતાં
બુદ્ધિનું રક્ષણ કરવું અતિ ઉત્તમ છે.

પ્રભુનામસ્મરણ બુદ્ધિનું રક્ષણ કરનાર અમોઘ કવચ છે.

સુખની માગણી કરનાર પોતે જ સુખ છે.
પ્રેમની માગણી કરનાર પોતે જ પ્રેમ છે.
શાંતિની માગણી કરનાર પોતે જ શાંતિ છે.

That which I am seeking,
I am, I am, I am.

o દોષદૃષ્ટિ જીવ અધમ છે,
ગુણ - દોષનો વિવેક કરે તે જીવ મધ્યમ છે.
કેવળ ગુણગ્રાહી જીવ ઉત્તમ છે.
અન્યનો નાનો ગુણ પણ મોટો બનાવે તે ઉત્તમોત્તમ છે.

## મહેશ યોગીના મતે માનસશાસ્ત્ર અને યોગ

ભારતવાસીઓને યોગપદ્ધતિ શીખવવાનું મુશ્કેલ બને છે, કેમકે તેમને ગીતા અને ઉપનિષદો વગેરે શીખવવાની જરૂર પડે છે. પરદેશીઓને ધ્યાનની પદ્ધતિ શીખવવાનું સરળ છે, કેમકે તેઓ માનસશાસ્ત્રને જાણે છે.

## શરીર અને મનના રોગોમાં સમાનતા

(૧) શરીરને તાવ આવે છે, તો મનને ક્રોધકષાય આવે.
(૨) શરીરને વાયુ થાય છે, તો મનને કામવિકાર થાય છે.
(૩) શરીરને કબજીયાત, તો મનને લોભદોષ થાય છે.
(૪) શરીરને જડતા - આળસ, મનને મોહ તથા આસક્તિ.
(૫) શરીરને લોહીનું દબાણ, મનને મદ વડે બીજા પર દબાણ.
(૬) શરીરને વજન વધવું, તો મનને મત્સર વડે બીજાથી પોતાનું મહત્ત્વ સ્થાપવું ગમે છે, તે મનનો રોગ છે.

શારીરિક રોગોની જેમ ચિકિત્સા હોય છે, તેમ મનના આ રોગોની ચિકિત્સા ધર્મની સાધના વડે થઈ શકે છે. તે માટે ધર્મગુરુ, ધર્મગ્રન્થ, ધર્મસ્થાન, ધાર્મિક ક્રિયાકર્મ અને પૂજા - વિધિઓનાં અનુષ્ઠાનો સહાયક બને છે. ત્રણ ગુણોથી પર થવું, બુદ્ધિથી ય જે પર હોય એને જાણવું, બ્રાહ્મીસ્થિતિ પ્રાપ્ત કરવી, એ બધું ધારવા જેટલું સરળ નથી.

પરાભક્તિને પ્રાપ્ત કરવા સામાન્ય માનવીએ
સામાન્ય ભક્તિમાંથી પસાર થવું અનિવાર્ય છે.
ગહન ઉદ્દેશ, આદર્શ અને આલંબનથી
ઉત્તમ, મંગલ અને શ્રદ્ધા આવે છે.

°

Human thought is the substance of disease and disaster. Therefore when thought is withdrawn from the problem, it has no substance to support or sustain it. It may be either conscious or unconscious thought that causes & continues the appearance of that discord.

To pray without ceasing is to be continually conscious of the presence of God. As long as thought is on the level of manifestation, we are not in the secret place of the most high, where infinite perfecttion is eternally expressed.

જાલી, રાજસ્થાન, સં. ૨૦૨૪ માગસર સુદી ૧૦, સોમવાર

તા. ૯-૧૨-૧૯૬૭

ધર્મનો પ્રચાર નહિ પણ પ્રસાર થવો જોઈએ.

First passenger, then messenger.

ઇતિહાસ અને ભૂગોળની જેમ ધર્મ શીખવી શકાતો નથી પણ પ્રકાશ અને ગરમીની જેમ પ્રસાર કરી શકાય છે.

૦ જીવનાં પારિણામિક ભાવે જે જીવત્વ છે,
તે સૌ જીવોમાં સમાન છે,
તેને મુખ્ય બનાવવાથી સમત્વભાવ સ્થિર થાય છે.

જીવોમાં ઔદયિકભાવ બે પ્રકારના છે:
એક વેદનીય અને બીજો મોહનીય, તે બંને પ્રકારના ભાવો પ્રત્યે ઉદાસીનતા યા વૈરાગ્યભાવ કેળવવાનો છે.

ક્ષાયોપશમિકભાવ જીવના ગુણરૂપ હોવાથી
તે પ્રત્યે મમત્વભાવ કેળવવાનો છે.

સમત્વ, નિર્મમત્વ અને મમત્વ
અથવા મમત્વ, નિર્મમત્વ અને સમત્વ
એ ત્રણ પ્રકારના ભાવો
જીવના તે તે ભાવો પ્રત્યે કેળવવાથી
સાધનાના પાયાનું કાર્ય કરવા લાગે છે.

કષાયોના અને કર્મફળચેતના

પોતાનું કાર્ય કરવામાં શિથિલ બની જાય છે.
બીજી રીતે વિચારતાં પારિણામિકભાવ પ્રત્યે પ્રેમ,
ઔદયિકભાવ પ્રત્યે કરુણા અને
માધ્યસ્થ્ય તથા ક્ષાયોપશમિકાદિ ભાવો પ્રત્યે
પ્રમોદ કેળવવાથી સમત્વ સિદ્ધ થાય છે.
તે સમત્વ જ્ઞાન ચેતનારૂપ બની
કષાયોના અને કર્મફળચેતનાનો પ્રતિઘાત કરે છે.
જ્ઞાનચેતના વીતરાગતા - સર્વજ્ઞતારૂપ છે.
સુખ-દુઃખ અને રાગ-દ્વેષથી પર હોવાના કારણે તેઓ
વીતરાગ છે અને બધી અવસ્થાઓને જાણનાર હોવાથી
તેઓ નિરૂપચરિતપણે સર્વજ્ઞ છે.

o સત્ય પરીક્ષણનો આખરી પાયો અનુભવ છે.
એ અનુભવને તર્ક અને શાસ્ત્રસંમતિની અપેક્ષા છે.
સત્યના નિર્ણય માટેના માપદંડ ત્રણ છે:
શ્રુતિ, યુક્તિ અને અનુભૂતિ.
માત્ર શ્રુતિ ઉપર આધાર રાખવાથી મનુષ્ય
ઘણીવાર અંધશ્રદ્ધાળુ અને એકાંગી બની જાય છે.
માત્ર તર્ક ઉપર આધાર રાખનારો મનુષ્ય કશા નિર્ણય
પર આવી શકતો નથી અને સંશયવાદી બની જાય છે.

એ જ રીતે એકલો અનુભવ
મહાપુરુષને આત્મવંચના કે ભ્રમણામાં નાંખે છે.
મહાપુરુષે ઝનૂની - fanatic ન બનવું હોય, સંશયવાદી - sceptic ન થવું હોય અને વિભ્રમમાં ન પડવું હોય તો શ્રુતિ, યુક્તિ, અનુભૂતિને સાથે રાખવા પડશે.
કહ્યું છે કે: 'યસ્તર્કેણાનુસંધત્તે સ ધર્મં વેદ નેતરઃ ।'

યથાર્થવાદિનાં પુંસાં શ્રદ્ધાજનનકારણાત્ ।
વેદસ્યેશ્વરવાક્યત્વાત્ યથાર્થત્વે ન સંશયઃ ॥

અર્થાત્: સત્ય બોલનાર પુરુષ પર વિશ્વાસ બેસે. વેદ એ પ્રભુ-વાક્ય હોવાથી તેના યથાર્થપણામાં સંશય કેમ સંભવે?
આપ્તને પ્રાપ્ત કરવું, પ્રાપ્તને વ્યાપ્ત કરવું જોઈએ.
'વ્યાપ્ત' એટલે પ્રાપ્તને વિશ્વરૂપે પોતાનું બનાવવું તે.

આવી વ્યાપ્ત દૃષ્ટિ મળે છે,
ત્યારે બધાં પ્રશ્નો સમાપ્ત થઈ જાય છે.

સમાપ્ત એટલે છેડો જ નહિ પણ સમગ્રરૂપે પ્રાપ્ત.
સૌ વિરોધોનો અંત આવીને અસ્તિત્વની અનુભૂતિ થવી તે.
0 જિનેશ્વરોએ પ્રરૂપેલું કર્મનું તત્ત્વજ્ઞાન જેવું ગહન છે, એની પ્રતીતિ અકસ્માત આદિ પ્રસંગોએ થાય છે. સ્મરણ-પ્રણિધાનાદિ યોગક્રિયાઓના દીર્ઘ અનુભવોને

આજ તો કોઈ વ્યાધિ સ્પર્શ પણ ન કરી શકે, કિન્તુ
ગત જન્મોનાં કર્મો કેવી રીતે હિસાબ ચુકતે કરે છે,
એ આવા પ્રસંગોએ જોઈ શકાય છે.
હકીકતમાં તો સમતાપૂર્વક અનુભવવાથી પૂર્વકૃતકર્મોની
નિર્જરા થઈને આત્મા વધુ નિર્મળ બને છે.
સારભૂત વાક્પ્રવૃત્તિ સિવાયનું બાકી બધી માયા જ છે.
એ માયામાંથી વહેલામાં વહેલા છુટાય એમાં જ શ્રેય છે.
પ્રત્યાહાર કરીને અંતર્મુખ બનવામાં જ
શાંતિ, શક્તિ, આનંદ અને સમૃદ્ધિ છે.
આગમો તો એ જ વાત ઘંટ વગાડીને કહ્યા કરે છે.
બે - ત્રણ કલાકના જાપ આદિને
ધ્યાનરૂપ પરિણમાવવા માટે ચાર-પાંચ કલાક જોઈએ.
પુદ્ગલના ઉદયથી જાતજાતના થાય તોયે ચિત્તને
શાંતિ મળતી નથી. શાંતિ એક સહજ સમાધિમાં છે.
ખરેખર! કષાયોની ગ્રંથિઓ જ જીવને સંસારમાં બાંધી
રહી છે. એને મૂળમાંથી તોડવાની છે. આંતરનિરીક્ષણ
કરતાં બધું સમજાય છે. મળેલો જન્મ કેમ વધારે
સાર્થક થાય એ જ વિચાર કર્તવ્ય છે. કષાયો અને
વિષયોને ધોઈ નાંખીએ તો જ મુક્ત થવાય. સહજ
સમાધિ એ જ તેનો ખરો ઉપાય છે. - જંબુવિજયજી

<u>What is Science?</u>

It is knowledge ascertained by observation and experiments, critically tested, systematised and brought under general principles, a department of branch of such knowledge or study is 'Science'.

૦ દ્રવ્યતઃ પરમાત્મા એવ જીવાત્મા ।

<u>સ્પષ્ટિ:</u> દ્રવ્યથી જીવાત્મા એ જ પરમાત્મા છે. તેને કારણ પરમાત્મા પણ કહે છે. 'જ્ઞાન અને રાગ એક નહિ' એવો નિર્ણય કરવો તે ભેદજ્ઞાન છે.

રાગ-દ્વેષથી જેમ જ્ઞાન ભિન્ન છે,
તેમ સુખ - દુઃખથી પણ ભિન્ન છે.

°

Spirit is love that is beyond love and hate. It is happiness beyond joy and sorrow.
It is the happiness beyond happiness and misery.

જ્ઞાનચેતના શુદ્ધ આત્માના અનુભવરૂપ છે. તે શુદ્ધ આત્માના વેદનરૂપ છે. જ્ઞાનીનો આત્મા શુદ્ધ જ્ઞાન ચેતનારૂપે પરિણમી રહ્યો હોય છે. અબંધરૂપ આત્મસ્વભાવમાં એકપણે પરિણમતું જ્ઞાન બંધનું કારણ કેમ હોય? શાસ્ત્રના જ્ઞાન વડે મુક્તિ થાય છે.

આત્માનો દ્રવ્યસ્વભાવ ત્રિકાળ મોક્ષસ્વરૂપ છે.

તેના આશ્રયે ભાવમોક્ષ પ્રગટ થાય છે.

o વિશ્વાસે વહાણ તરે. કોનો વિશ્વાસ?

પોતાના આત્મવૈભવનો વિશ્વાસ.

જ્ઞાન પ્રાપ્ત થવામાં મુખ્ય સાધન વિચાર છે. વિચારને બે આધાર: એક વિષયો પરત્વે વૈરાગ્ય તથા બીજો આધાર સૌ જીવો પરત્વે ઉપશમ અથવા મૈત્રી છે. પરમાર્થ આત્મા શાસ્ત્રોમાં નહિ પણ સત્પુરુષોમાં છે.

સત્પુરુષો તે મૂર્તિમાન મોક્ષ છે.

શાસ્ત્રોમાં માર્ગ કહ્યો છે, પરન્તુ

તેનો મર્મ સત્પુરુષોના અંતરમાં રહ્યો છે.

o

Purity of mind plays the most important role in attaining spiritual consciousness.

દિવ્યદર્શન, માગસર સુદ - ૮

'વિષય - કષાયની પરિણતિ ઓછી કરો અને ચારિત્ર શુદ્ધિ માટે આલોચના દ્વારા શુદ્ધિમાં ખાસ જાગ્રત રહો.' આમ પૂ. આચાર્યદેવશ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજે ખંભાતમાં કારતક વદી - ૬, ૬૮મા વર્ષના દીક્ષાપર્યાયના પ્રથમ દિવસે મુનિમંડળની સમક્ષ હિતશિક્ષા ફરમાવી.

૦ જ્યાં રુચિ ત્યાં શ્રદ્ધા, જ્યાં શ્રદ્ધા ત્યાં તન્મયતા. કહ્યું છે કે ધ્યાન માટે ચાર વસ્તુ આવશ્યક છે:

વિધિ, વિશ્વાસ, ઇચ્છા, પ્રયત્ન.

સાધક સ્વભાવ સાથે એકતાની બુદ્ધિ રાખીને સદા કાયમ રહે છે. જેમાં હિતબુદ્ધિ ન હોય તેમાં શ્રદ્ધા કે લીનતા થતી નથી, અર્થાત્ તેમાં તે સદા અનાસક્ત જ રહે છે. જગતમાં સર્વશ્રેષ્ઠ વસ્તુ કઈ? શુદ્ધ અખંડ ચૈતન્યસ્વરૂપ, તે જ નિર્મળ છે અને તે જ શુદ્ધાત્મા છે.

શુદ્ધ ચૈતન્યભાવની રક્ષા તે અહિંસા.

રાગાદિભાવો સાથે એકતા તે આત્માની હિંસા.

૦ દેહધારીને વિટંબના એ તો એક સહજ ધર્મ છે, ત્યાં ખેદ ધારણ કરીને આત્મવિસ્મરણ શા માટે કરવું જોઈએ?

0 સકલ જગત બ્રહ્મસ્વરૂપ છે.
બ્રહ્મ ઉત્પાદ - વ્યય - ધ્રૌવ્ય સ્વરૂપ છે,
તેથી તેની શાંતવૃત્તિથી ઉપાસના કરવી.
બ્રહ્મની ઉપાસના ૐ રૂપી મંત્રાક્ષર વડે થાય છે.
તે ઉચ્ચારણમાં સરળ છે, અર્થથી રહસ્યગંભીર છે અને
ક્રમથી સૂક્ષ્મ, સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમમાં લઈ જાય છે.

0 સર્વભૂતેષુ ચાઽત્માનં સર્વભૂતાનિ ચાઽત્મનિ।
યદા પશ્યત્યભેદેન તદા જીવો વિમુચ્યતે ॥
અર્થાત્: સર્વ જીવોમાં પોતાના આત્માને અને પોતાના
આત્મામાં બધા જીવોને જ્યારે અભેદ વડે જુએ છે,
ત્યારે જીવ મુક્ત થાય છે.

0 શબ્દ ઉપર ધારણા, અર્થનું ધ્યાન અને
ભાવની સાથે એકતા, એનું નામ 'સંયમ' છે.

અંતિમ આરાધનાના ૧૦ ઉપાય

(1) ચાર આહારનો ત્યાગ (2) પાંચ પરમેષ્ઠિનું સ્મરણ
(3) દુષ્કૃતગર્હા (4) સુકૃતાનુમોદના (5) મૈત્ર્યાદિ ભાવના
(6) અતિચારની આલોચના (7) અરિહંતાદિ ૪નું શરણ
(8) વ્રતોનું ઉચ્ચારણ (9) ૧૮ પાપસ્થાનકોનું વિસર્જન
(10) ચોર્યાશી લાખ જીવયોનિની ક્ષમાપના.

અતિચારની આલોચના, વ્રતોનું ઉચ્ચારણ, જીવરાશિની ક્ષમાપના, પાપસ્થાનકોનું વોસિરાવવું, દુષ્કૃતની ગર્હા, સુકૃતની અનુમોદના, અરિહંતાદિનું શરણ, શુભભાવોનું ભાવન, ચાર આહારનો ત્યાગ તથા પાંચ પરમેષ્ઠિઓના સ્મરણમાં મુખ્ય આરાધના નીચે પ્રમાણેની ત્રણ છે:

(1) દુષ્કૃતગર્હા

અતિચારોની આલોચના, જીવરાશિની સાથે ક્ષમાપના, અઢાર પાપસ્થાનકોનું વોસિરાવવું.

(2) સુકૃતાનુમોદના

વ્રતોનું ઉચ્ચારણ, શુભભાવોનું ભાવન તથા ચારેચાર આહારનો યાવજ્જીવ ત્યાગ.

(3) શરણગમન

અહીં પંચ પરમેષ્ઠિનું સ્મરણ સમાવિષ્ટ છે.

o योगेन चित्तस्य पदेन वाचां
मलं शरीरस्य च वैद्यकेन ।
योऽपाकरोत्तं प्रवरं मुनीनां
पतंजलिं प्रांजलिरानतोऽस्मि ॥

o कोऽरुक् हितभुक् । कोऽरुक् मितभुक् ।
कोऽरुक् अशाकभुक् । ऋतभुक् । (પરિશિષ્ટ-૧૮)

o જ્યાં સુધી જીવને વિશ્વાસ છે કે 'હું માત્ર શરીર છું'
ત્યાં સુધી દુઃખમાંથી છુટકારો મળશે નહિ.
પરંતુ જ્યારે નિદિધ્યાસન દ્વારા એને પ્રતીતિ થાય છે કે
'હું સર્વાત્મા છું' ત્યારથી તે આનંદમાં નિમગ્ન થઈ જાય છે.
વિશ્વમાં જે કાંઈ દૃશ્ય છે, તે એક તે જ છે.
સર્વમાં એક જ શુદ્ધ બ્રહ્મ વ્યાપ્ત છે.
'માનવ આત્મા પણ બ્રહ્મ છે.
આત્મા અને પરમાત્મા તત્ત્વથી એક જ છે.'
આ જ્ઞાન પ્રાપ્ત કર્યા વિના મોક્ષ શક્ય નથી.
'સર્વમાં એક જ આત્મા છે' એ પ્રતીતિ જો
દૃઢ થાય તો પછી હિંસા, દ્વેષ વગેરે ટકતા જ નથી.
બુદ્ધનું નિર્વાણ એટલે સંપૂર્ણ લય નહિ પણ
આપણી અંદરની અધમ વૃત્તિઓનો સંપૂર્ણ નાશ.
નિર્વાણની સ્થિતિ એટલે...
વાસનાહીન કે દુઃખહીન સંપૂર્ણ શાંતિની સ્થિતિ છે.
o ધર્મ એટલે ઈશ્વરનું સતત સાંનિધ્ય અને ઈશ્વરનું
સર્વત્ર દર્શન. જીવ અપૂર્ણ છે, તેથી તેને શાંતિ નથી.
જ્ઞાનનો પાયો વૈરાગ્ય છે. યોગમાર્ગનું પતન તે રોગ,
જ્ઞાનમાર્ગનું પતન તે નાસ્તિકતા તથા
ભક્તિમાર્ગનું પતન તે આસક્તિ.

## આરાધનામાં અર્હંબીજનું ધ્યાન ૐ 11-12-67

સિદ્ધાસન ઉપર મૂળબંધ લગાવી સ્વસ્થિત થઈ
આરાધનામાં 'ર્હં' બીજાક્ષરને શશિકાન્ત મહિમા રૂપમાં
સ્થાપિત કરી અષ્ટદલકમલમાં
નવપદાત્મક સિદ્ધચક્રનું વર્ણભેદે ધ્યાન કરવું.
સમવસરણ ભૂમિની ઋદ્ધિનું એકાગ્ર ચિત્તે ચિંતન કરવું.
અષ્ટપ્રાતિહાર્ય અતિશયયુક્ત અરિહંત પરમાત્માનું
અવલોકન કરવાનો અભ્યાસ કરવો.
તે અભ્યાસને સતત વધારવા શ્વાસાનુસંધાન કરવું.
સુરતાને શ્વાસાધીન કરવાથી
થોડા જ દિવસોમાં નાદાનુસંધાન થશે અને
ઘંટાદિના નાદનું શ્રવણ અવશ્ય અનુભવગોચર થશે.
સહજ આનંદ આવવા લાગશે.
હસ્તામલકવત્ ભેદવિજ્ઞાન થશે.
આત્મદર્શન, આત્મપ્રતીતિ તથા આત્મપરિણમન થશે.
પરમાત્મપદના પરમાનંદ સ્વરૂપ સુખની અનુભૂતિ થશે.
સુધાબિંદુના આસ્વાદનો અનુભવ થશે.
હાથ કંકણને આરસીની શી જરૂર?
વિશ્વાસપૂર્વક મનનો માસ કરી જોવાથી સ્વાનુભવ થશે.

ભેદવિજ્ઞાન એટલે દેહાદિથી ભિન્ન અને
જ્ઞાનાદિથી અભિન્ન આત્માનું વિજ્ઞાન.
'આત્મા એ દેહાદિથી ભિન્ન છે, તેમ
રાગાદિથી તથા સુખ - દુઃખાદિથી પણ ભિન્ન છે'
એમ સમજાય ત્યારે ભેદવિજ્ઞાન સંપૂર્ણ થયું ગણાય.

o સમાધિ, શૂન્યતા, સમતાવસ્થા, સર્વસંગ વિવર્જિતા,
જીવાત્મા - પરમાત્માની ઐક્યતા, ભવાભવ વિવર્જિતા
ઈત્યાદિ સર્વ એક જ અર્થને સૂચવનારા શબ્દો છે.

એપાર્ટ તા. ૨૨-૨-૬૮

જીવ જ્યારે સાધનાના પથ ઉપર ગતિ કરવા માંડે છે,
ત્યારે તેનું રૂપાંતર થાય છે.
પોતામાંથી મોટાઈ, દંભ અને અહંકાર નાસવા માંડે છે.
વિશાળ જગતમાં પોતાનું અસ્તિત્વ નહિવત્ જણાય છે.
સાધનાના ફૂલસ્વરૂપ દશા બનવાની સ્થિતિ સર્જાય છે.
જીવ દર્શક બને છે. માયા અને કાયાની ઉપર રહેલાં
ચૈતન્યમાં એકાકાર થઈ અનંત શાંતિનો અનુભવ કરે છે.

o

Life without aim is no life at all
& the chief aim of Human life
is to attain supreme consciousness.

સં. ૨૦૨૪ મહાસુદી ૨, બુધવાર, તા. ૩૧-૨-૧૯૬૮

આસન્નોપકારી ચરમ તીર્થપતિ દેવાધિદેવ

શ્રી દીવાહ્યા તીર્થ શ્રી વર્ધમાનસ્વામિને નમઃ। । P.M

શ્રી પંચમંગલમહાશ્રુતસ્કંધાય નમોનમઃ। વિજયમુહૂર્ત

वीतराग! सपर्यायास्तवाज्ञापालनं परं।
आज्ञाराद्धा विराद्धा च शिवाय च भवाय च॥(परिशिष्ट-१९)
आकालमियमाज्ञा ते हेयोपादेयगोचरा।
आश्रवः सर्वथा हेयः उपादेयश्च संवरः॥
आस्रवो भवहेतुःस्यात् संवरो मोक्षकारणं।
इतीयमार्हतीमुष्टिरन्यदस्याः प्रपञ्चनम्॥

0 આશ્રવ સર્વથા હેય છે અને સંવર ઉપાદેય છે. આશ્રવ ભવનો હેતુ છે, સંવર મોક્ષનું કારણ છે. અરિહંત પરમાત્માની આજ્ઞાનું સંક્ષેપમાં આ જ પરમ રહસ્ય છે. બાકી બધો આનો જ વિસ્તાર છે.

0 મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ એ પાંચ આશ્રવ છે.

સમ્યક્ત્વ, વિરતિ, અપ્રમાદ, અકષાય અને અયોગ એ પાંચ સંવર છે.

પંચમંગલમહાશ્રુતસ્કંધમાં નમસ્કારની પાંચ વસ્તુઓ છે,

અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ.
તે પાંચેમાં આશ્રવનો અભાવ છે અને તે પાંચે સંવરથી ભરેલ છે. પાંચેને નમસ્કાર તે પાંચમાં રહેલા સંવરને જ નમસ્કાર છે. સંવરનું સેવન તે પ્રભુની આજ્ઞા છે, તેથી પાંચેને નમસ્કારમાં આજ્ઞાને જ નમસ્કાર છે. વળી નમસ્કારની પાંચે વસ્તુઓ આશ્રવથી રહિત છે, તેથી તે પાંચેને નમસ્કારમાં આશ્રવના ત્યાગને નમસ્કાર છે. આશ્રવનો ત્યાગ એ પ્રભુની આજ્ઞા છે, તેથી પાંચેના નમસ્કારમાં પ્રભુઆજ્ઞાને જ નમસ્કાર છે.

પંચ પરમેષ્ઠિ નમસ્કારમાં

સંવરનું બહુમાન છે અને આશ્રવની ગર્હા છે. સંવર એ સુકૃત છે અને આશ્રવ એ દુષ્કૃત છે. પંચ પરમેષ્ઠિ નમસ્કાર વડે સર્વ સુકૃતની અનુમોદના થાય છે અને સર્વ દુષ્કૃતની ગર્હા થાય છે. સુકૃતની અનુમોદના વડે શુભનો - કુશળનો અનુબંધ પડે છે અને દુષ્કૃતગર્હા વડે અશુભ-અકુશળના અનુબંધનો વિચ્છેદ થાય છે. પરમેષ્ઠિ નમસ્કારમાં પરમાત્માની આજ્ઞાનું બહુમાન થાય છે, તેથી આજ્ઞાપાલનનો અધ્યવસાય તીવ્ર બને છે તથા આજ્ઞાની વિરાધનાનો

અધ્યવસાય નિરનુબંધ બને છે. પરમેષ્ઠિ નમસ્કાર
પ્રભુની આજ્ઞા સાથે અનુકૂળ સંબંધ કરાવે છે.
પ્રભુની આજ્ઞાનું સામ્રાજ્ય ત્રણ ભુવનમાં પ્રવર્તે છે.
સમગ્ર વિશ્વનું વર્તન આજ્ઞાને આધીન છે.
પ્રભુની આજ્ઞાનો વિરાધક શિક્ષાને પાત્ર બને છે
અને પ્રભુની આજ્ઞાનો આરાધક ઉન્નતિને પામે છે.
આજ્ઞાને શરણે રહેલો નિર્ભય બને છે.
આજ્ઞા એ દીવો છે, આજ્ઞા એ ત્રાણ છે,
આજ્ઞા એ શરણ છે, આજ્ઞા એ જ ગતિ છે અને
આજ્ઞા એ જ દુર્ગતિમાં પડતા જીવોને આલંબન છે.
પરમેષ્ઠિ નમસ્કારમાં આજ્ઞાપાલકને નમસ્કાર હોવાથી
તે નમસ્કાર ભવ્યજીવોને દીપકની જેમ પ્રકાશ કે
ભવસમુદ્રમાં દ્વીપની જેમ મોટો આધાર આપે છે.
પરમેષ્ઠિ નમસ્કાર અનર્થ અને અનિષ્ટનો ઘાત કરી
તે ભવભયથી પીડિતને શરણ આપે છે.
તે દુઃખ-દારિદ્ર્યથી બચવાનો માર્ગ બતાવે છે અને
ભવકૂપમાં પડતા જીવોને મહાઆલંબનભૂત થાય છે.
પ્રભુની આજ્ઞામાં જેટલા ગુણ છે, તે બધા ગુણોને
પરમેષ્ઠિ નમસ્કાર કરનારો ધર્મ પામવાનો અધિકારી
બને છે, તેથી પરમેષ્ઠિ નમસ્કાર એ સારની પોટલી છે.

પરમેષ્ઠિ નમસ્કાર રત્નની પેટી છે,
પરમેષ્ઠિ નમસ્કાર એ દાટેલું નિધાન છે,
શુદ્ધ ધર્મરૂપી કાંચનનો કરંડીઓ છે,
મુક્તિના મુસાફર એવા ભવ્ય
આત્માઓને દિવ્યાદિદિવ્યનું પરમ ભેટણું છે.
પરમેષ્ઠિ નમસ્કારનો આરાધક આત્માનો આરાધક
બને અને આત્માનો આરાધક શિવસુખને પામે છે.
મહામંત્રની ચૂલિકા સમ્યક્ત્વરૂપી સંવરને કરે છે.
સાધુ નમસ્કાર સર્વવિરતિસંવરને પ્રગટ કરે છે.
આચાર્ય નમસ્કાર અપ્રમાદસંવરને અમલ કરે છે.
અરિહંત તથા ઉપાધ્યાયને થતો નમસ્કાર એ
અકષાય સંવરને અમલ કરે છે.
સિદ્ધને થતો નમસ્કાર એ
પ્રધાન તથા અયોગસંવરને અમલ કરે છે.
પાંચ નમસ્કાર પાંચે પ્રકારના સંવરને પુષ્ટ કરે છે,
તેથી પરમ મંગલ સ્વરૂપ છે.
પરમેષ્ઠિ નમસ્કાર એ
પાંચે પ્રકારના આશ્રવોનો કટ્ટર વિરોધી
હોવાથી તેનો સમૂળ નાશ કરે છે.

પરમેષ્ઠિ નમસ્કાર વડે દુષ્કૃતની સર્વોત્કૃષ્ટ ગર્હા
અને સુકૃત માત્રની સર્વોત્કૃષ્ટ અનુમોદના થાય છે.
પ્રભુની આજ્ઞા દુષ્કૃતમાત્રનો ત્યાગ કરવાની છે
તથા સુકૃતમાત્રનું સેવન કરવાની છે,
તેથી પંચમંગલનું નિત્ય આરાધન કરનારો
પ્રભુઆજ્ઞાનો પરમ આરાધક બને છે.
પ્રભુઆજ્ઞા છ એ જીવનિકાયનું હિત કરનારી હોવાથી
પંચમંગલનું સેવન કરનારો છ એ જીવનિકાયનો છ એ
જીવનિકાયમાં રહેલા ચૈતન્ય ગુણનો આરાધક થાય છે.
જીવરાશિ ઉપર હિતનો પરિણામ એ મૈત્રી છે. મૈત્રીભાવ
ધારણ કરનારો પરમાત્માની આજ્ઞાનો આરાધક થાય છે.
નમસ્કાર એટલા માટે મંત્ર છે કે
તે છ એ જીવનિકાયની સાથે ગુપ્ત ભાષણ કરે છે,
તેમના હિતની મંત્રણા કરે છે અને
તે દ્વારા સર્વે પુરુષાર્થીઓને આમંત્રણ આપે છે.
પંચપરમેષ્ઠિ એ
પરમાત્માની આજ્ઞાનું મૂર્તિમંતસ્વરૂપ છે.
પરમાત્માની આજ્ઞા હેયનું હાન,
ઉપાદેયનું ઉપાદાન અને ઉપેક્ષણીયની ઉપેક્ષાસ્વરૂપ છે.

મિથ્યાત્વાદિ ભેદ છે, સમ્યક્ત્વાદિ ઉત્પાદ છે
અને અનાત્મતત્ત્વ ઉપેક્ષણીય છે.
પરમેષ્ઠિ નમસ્કાર દ્વારા મિથ્યાત્વાદિ પાપો નાશ પામે,
સમ્યક્ત્વાદિ ગુણોનો સ્વીકાર થાય
અને અનાત્મતત્ત્વની ઉપેક્ષા થાય છે.
'ઉપેક્ષા' એટલે માધ્યસ્થ્ય પરિણતિ.

## વિશ્રામની શક્તિ

મનુષ્યની તમામ શક્તિને એકઠી કરવાનું અને તાજી કરવાનું સાધન કયું? Rest and relaxation અથવા વિશ્રામ. મનુષ્ય ગાઢ નિદ્રામાં વિશ્રામ પામીને પોતાનો શારીરિક તથા માનસિક શ્રમ-થાક દૂર કરે છે.
વિશ્રામથી જ ખોટા સંકલ્પ-વિકલ્પોનો ત્યાગ કરી
મનુષ્ય માનસિક શ્રમને દૂર કરે છે.
વિશ્રામથી જ ફળની આશા તજી દઈને
મનુષ્ય અલૌકિક વિશ્રામ પણ પ્રાપ્ત કરે છે.
જો કે... સર્વથી શ્રેષ્ઠ વિશ્રામ તો સર્વ મનુષ્યોને પોતાના આત્મામાં કે ભગવાનના શરણોમાં જ મળે છે.
આ પરમ અને ચરમ વિશ્રામને મેળવીને મનુષ્ય
અનંત શક્તિનો ભંડાર બની જાય છે.

## વાણીનું વરદાન

મીઠી વાણી વશીકરણ મંત્ર છે.

જે શબ્દો આપણે બોલ્યા જ નહિ, તેના આપણે માલીક
પણ જે બોલી નાંખ્યા છે, તેના આપણે ગુલામ છીએ.
જીભ ફક્ત ૬ ઇંચ લાંબી હોય છે, પરંતુ
તે ૬ ફૂટ લાંબા મનુષ્યને મારી નાંખી શકે છે.
મનુષ્યને ૨ આંખ - ૨ કાન છે, પરન્તુ જીભ તો ૧ જ છે,
એનો અર્થ એ છે કે:
શબ્દો વાપરવામાં બહુ હોંશિયારી રાખવી જોઈએ.
મીઠા શબ્દો બોલવામાં ખર્ચ કાંઈ કરવો પડતો નહિ,
પરંતુ મીઠા શબ્દો બોલવાથી લાભ ઘણો થાય છે.
સારા શબ્દો સોના - ચાંદીના સિક્કાનું કામ કરે છે,
ખરાબ શબ્દો ખોટા સિક્કાનું કામ કરે છે.
'તુલસી મીઠે વચન તે, સુખ ઉપજત ચિહું ઓર...
વશીકરણ યે મંત્ર હૈ, તજ દે વચન કઠોર.'

o

Whatever the brain may plan, the
heart knows first and whoever can go
beyond the brain to the heart,
will hear the voice of the external.

## શ્રી નવકાર મંત્રનો છંદ

વંછિત પૂરે વિવિધ પરે, શ્રી જિનશાસન સાર;
નિશ્ચે શ્રી નવકાર નિત્ય, જપતાં જયજયકાર.(૧)
અડસઠ અક્ષર અધિક ફળ, નવપદ નવે નિધાન;
વીતરાગ સ્વયં મુખ વદે, પંચ પરમેષ્ઠિ પ્રધાન. (૨)
એક જ અક્ષર એકચિત્ત, સમર્યા સંપત્તિ થાય;
સંચિત સાગર સાતનાં, પાતક દૂર પલાય. (3)
સકલ મંત્ર શિર મુકુટમણિ, સદ્ગુરુ ભાષિત સાર;
સો ભવિયાં મન શુદ્ધશું, નિત્ય જપીએ નવકાર.(૪)

## દિક્પટ ૮૪ બોલ

પરમ ક્રિયા આગે ધરે, પ્રથમ ક્રિયા કો ત્યાગ,
ચપલ ચિત્ત તેં મૂઢ નર, નહીં બોધ કે લાગ....(૧)
નિશ્ચયનય પહેલે કહે, પીછે લે વ્યવહાર,
ભાષાક્રમ જાને નહીં, જૈન માર્ગ કો સાર....(૨)
નહિ નિશ્ચય મેં શિષ્ય ગહૈ, ક્રિયા ક્રિયાફલ યોગ,
કર્તા નહીં ભોક્તા નહીં, વિફલ સબૈ સંયોગ....(૩)
તા તેં સો મિથ્યામતી, જૈન ક્રિયા પરિહાર,
વ્યવહારી સો સમકિતી કહે ભાષ્ય વ્યવહાર....(૪)
જો નય પહેલે પરિહરે, સોઈ કહે હિત હોઈ,
નિશ્ચય કહીં દુર પરિહરે, સુખ મમતિ કરિ જોઈ....(૫)

## મુજ સાહિબ જગનો તૂઠો

ઉદક પયોમૃત કલ્પભોજન તિહાં, ત્રીજો અનુભવ મીઠો,
તે વિણ સકલ તૃષા કિમ ભાંજે, અનુભવ પ્રેમ ગરીઠો...
મુજ સાહિબ જગનો તૂઠો.
પ્રેમ તણી પરે શીખો સાધો, જોઈ સેલડી સાંઠો,
જિહાં ગાંઠ તિહાં રસ નહિ દીસે, જિહાં રસ તિહાં નહિ ગાંઠો...
મુજ સાહિબ જગનો તૂઠો.
જિન હી પાયા તિન હી છિપાયા, એ પણ એક છે ચીઠો,
અનુભવ મેરૂ છિપે કિમ મહોટો, તે તો સઘળે દીઠો રે...
મુજ સાહિબ જગનો તૂઠો.
અવયવ સવિ સુંદર હોય દેહે, નાકે દીસે ચાઠો,
ગ્રંથજ્ઞાન અનુભવ વિણ તેહવું, શુક જિસ્યો શ્રુતપાઠો રે...

### અનુભવ મોક્ષસ્વરૂપ...

અનુભવ રત્નચિંતામણિ, અનુભવ હૈ રસકૂપ,
અનુભવ મારગ મોક્ષનો, અનુભવ મોક્ષસ્વરૂપ. -(૧)
વસ્તુ વિચારત ધ્યાવતેં, મન પાવે વિશ્રામ,
રસ સ્વાદત સુખ ઉપજે, અનુભવ યા કો નામ. -(૨)
૦ જિતની માયા શરીર પે, ઇતની આતમ પર હોય,
ચલા જાય વો મોક્ષ મેં, પલ્લા ન પકડે કોય.

## તુલસી કે દોહે

દુરજન કી કરુણા બુરી, ભલો સુજન કો ત્રાસ;
સૂરજ જબ ગરમી કરે, તબ બરસન કી આસ. ...(૧)
કાજલ તજે ન શ્યામતા, મોતી તજે ન શ્વેત;
દુરજન તજે ન કુટિલતા, સજ્જન તજે ન હેત. ...(૨)
મુખ મેં રહે સો માનવી, મન સેં રહે સો દેવ;
સુરતે રહે સો સંત હૈ, યા બિધ જાનો ભેવ. ...(૩)
પારસમણિ અરુ કામદુધ, કલ્પતરુ કી વાઢ;
તુલસી હરિ કે ભજન બિન, તા તેં ભલો ઉજાડ. ...(૪)
બહુત ગઈ થોડી રહી, વ્યાકુલ મન મત હોઈ;
ધીરજ સબ કો મિત્ર હૈ, કરિ કમાઈ મત ખોઈ. ...(૫)

## નાથ રીઝાઉં તોય

સુકૃત સાધન બલ નહીં, નાથ રીઝાઉં તોય;
કરુણા બિરુદ વિચારી કે, દાસ દાન દે મોય. ...(૧)
અવ દોષ દેખે નહીં, ઐસે મહાઉદાર,
હમ હીં ઐસે બિરુદ સુનિ, સોવત પાવ પસાર. ...(૨)
નાથ રાવ હે ખીજ મેં, ભીતર કરુણા પાય;
જૈસે રસ કે ફલ નમે, છિલકા હોત કસાય. ...(૩)

ह्रीं ॐ ॐ अर्हं ॐ ॐ अर्हं ॐ ॐ ह्रीं

# પરિશિષ્ટ સૂચિ

**પરિશિષ્ટ - ૧ (પૃષ્ઠ ૨૮)**
સર્વે વૈરરહિત, એકમેકના હિતેચ્છુ, સ્વસ્થ, શાંત, સમૃદ્ધ તથા નિર્ભય થાઓ.
મન જોડાવાથી સુખ અને દુઃખ થાય છે, વિષયોના સંપર્કથી નહીં.

**પરિશિષ્ટ - ૨ (પૃષ્ઠ ૩૦)**
પુણ્યરૂપી અંગને ઉત્પન્ન કરનારી, પાલન કરનારી અને શુદ્ધ કરનારી, આત્માના વિશ્રામભૂત કમલરૂપી લક્ષ્મીથી યુક્ત સદા ઈચ્છિત એવી નમસ્કૃતિ (નમસ્કાર મંત્ર) જય પામો.

**પરિશિષ્ટ - ૩ (પૃષ્ઠ ૪૨)**
રાજ્યને અંતે નરક છે. સ્વરાજ્યને અંતે સ્વર્ગ છે. હું રાજ્યને નથી ઈચ્છતો પણ સ્વરાજ્યને ઈચ્છું છું. આ બધું ઓમકાર જ છે.

**પરિશિષ્ટ - ૪ (પૃષ્ઠ ૪૭)**
ભવમાં શરણ, રોગમાં ક્રિયા અને વિષમાં મંત્ર ઉપાય છે એમ પાપકર્મનો નાશ કરવામાં પણ તાત્વિક ઉપાયો છે.

**પરિશિષ્ટ - ૫ (પૃષ્ઠ ૫૧)**
આ ચાર સિવાય બીજુ કોઈ શરણ કરવા યોગ્ય નથી, કારણકે ગુણથી અધિક હોય તેનું જ શરણ સ્વીકારાય. ગુણાધિકપણાથી જ રક્ષા થઈ શકે છે. અહીં રક્ષા એટલે તે તે સ્વભાવથી ધ્યાન કરવા દ્વારા ક્લિષ્ટ કર્મોનો નાશ થવાથી જે શાંતિ મળે છે તે પૂર્વમુનિઓએ કહ્યું છે કે.... અપૂર્વચિંતામણી સમાન, મહાભાગ્યશાળી એવા તીર્થંકરની સ્તુતિ કરીને બોધિલાભને પામવુ એ જીવનો સ્વભાવ છે.

**પરિશિષ્ટ - ૬ (પૃષ્ઠ ૫૩)**
પોતાના રૂપને જાણવાથી, મનન કરવાથી અને સ્વીકારવાથી અણિમા વગેરે સિદ્ધિઓનું ઐશ્વર્ય ટૂંક સમયમાં પ્રાપ્ત થાય છે. અથવા તો પરમાત્માનું અધિષ્ઠાન હોવાથી બ્રહ્મને મંત્ર એ પ્રમાણે કહેવાય છે. - યોગ શિ.૨, ૭,૮

## પરિશિષ્ટ - ૭ (પૃષ્ઠ ૫૩)
'મોહ એ મૃત્યુ છે' એમ કહેલું છે, પણ 'કવિઓનો પ્રમાદ એ જ મૃત્યુ છે' એમ હું કહું છું.

## પરિશિષ્ટ - ૮ (પૃષ્ઠ ૬૭)
કારણકે શાંત, વિનીત, શુદ્ધાત્મા, શ્રદ્ધાવાળા, ધારણામાં સમર્થ, શક્તિસંપન્ન, ખાનદાન, બુદ્ધિશાળી અને સારા ચારિત્રવાળા (ગુરુ છે.)

## પરિશિષ્ટ - ૯ (પૃષ્ઠ ૮૦)
રાગી દોષોને જોતો નથી, દ્વેષી ગુણોને જોતો નથી, મોહવાળો વિપરીત જુએ છે અને વર્તે છે.

## પરિશિષ્ટ - ૧૦ (પૃષ્ઠ ૮૪)
સૂર્ય, ચંદ્ર, અગ્નિ અર્થાત્ ત્રણે નાડીઓ, સર્વ દ્વારોનો સંયમ કરીને, મનને હૃદયમાં રૂંધીને આત્માના પ્રાણને મસ્તકમાં ધારણ કરીને યોગધારણામાં રહેલો (યોગી છે.)

## પરિશિષ્ટ - ૧૧ (પૃષ્ઠ ૧૧૫)
મંત્રના અર્થ અને મંત્રની ચૈતન્યશક્તિને જે તત્ત્વથી જાણતો નથી, તેને સો કરોડ જાપ વડે પણ મંત્ર સિદ્ધ થતો નથી.

## પરિશિષ્ટ - ૧૨ (પૃષ્ઠ ૧૨૩)
આંતર અપેક્ષાએ ઉપયોગ એ જીવનું લક્ષણ છે. બાહ્ય અપેક્ષાએ પરોપકાર એ જીવનું લક્ષણ છે.

## પરિશિષ્ટ - ૧૩ (પૃષ્ઠ ૧૩૭)
કલેશનું મૂળ કર્મનો આશય છે અને પુણ્ય-પાપ આ ભવમાં ભોગવવાના છે.

## પરિશિષ્ટ - ૧૪ (પૃષ્ઠ ૧૩૭)
યંત્રમાં આરૂઢ થયેલાની જેમ માયા વડે સર્વ જીવોને ભમાડતો યોગી યોગ ઉપર આરૂઢ થાય તેનું કારણ સમતા જ છે.

## પરિશિષ્ટ - ૧૫ (પૃષ્ઠ ૧૪૯)
અસર્વજ્ઞના ભાવથી અથવા ઈચ્છા પ્રમાણે અથવા તો ગતાનુગતિથી અથવા તો વિપરીત બુદ્ધિથી, હે મુનીન્દ્ર ચન્દ્ર! જે તને નમે છે, તે પણ દૈવી સંપતિને પામે છે.

## પરિશિષ્ટ - ૧૬ (પૃષ્ઠ ૧૫૧)
ધ્યાનથી અનાત્મબુદ્ધિની શિથિલતારૂપ ફળ દરરોજ મળે છે. એ ફળને જોવા છતાં પણ જો ધ્યાન ન કરે, તો તેનાથી વળી બીજો પશુ કોણ? કહે.

- પંચદશી ધ્યાનદીપ

## પરિશિષ્ટ - ૧૭ (પૃષ્ઠ ૧૫૮)
હઠયોગ અને લયના બધા ઉપાયો રાજયોગની સિદ્ધિ માટે છે. રાજયોગ ઉપર આરૂઢ થયેલો પુરૂષ સમયને પાર કરી જાય છે (એ વૃદ્ધ થવા છતાં યુવાન દેખાય છે).

## પરિશિષ્ટ - ૧૮ (પૃષ્ઠ ૨૦૦)
યોગ વડે ચિત્તના મેલને, પદ વડે વાણીના મેલને અને વૈદ્ય વડે શરીરના મેલને જે દૂર કરે છે, તે મુનિઓમાં શ્રેષ્ઠ એવા પતંજલિઋષિને હું અંજલિપૂર્વક નમસ્કાર કરૂં છું.

નિરોગી કોણ? પથ્ય જમનારો, અલ્પ જમનારો, શાક વિનાનું જમનારો (અન્નાહારી), સાચું જમનારો.

## પરિશિષ્ટ - ૧૯ (પૃષ્ઠ ૨૦૪)
હે વીતરાગ! ભક્તિપૂર્વક તમારી આજ્ઞાનું પાલન શ્રેષ્ઠ છે. આજ્ઞાની આરાધના તે મોક્ષ માટે અને આજ્ઞાની વિરાધના તે સંસાર માટે થાય છે.

# રોજેરોજ જાણે ૯૯૯ પેટી...

જળમાંથી દૂધને જે અલગ તારવી આપે તે હંસ;
કિન્તુ જે જડમાંથી ચેતનને પ્રાપ્ત કરી લેવાનો મલક દર્શાવી દે તે પરમહંસ!

જો આ પરમહંસ ન મળ્યા હોત તો આપણને સૌને કોણ સમજાવત કે :
'સાધુની મૈત્રી, ઉપાધ્યાયનો પ્રમોદ, આચાર્યની કરૂણા,
સિદ્ધ ભગવંતોનું માધ્યસ્થ્ય અને
અરિહંત ભગવંતોની મૈત્ર્યાદિ ચારે ભાવના નમસ્કરણીય છે!'


પૂજ્ય પંન્યાસજી મહારાજ સમા પરમહંસના હસ્તાક્ષરના અક્ષયપાત્રોમાંથી આઠે પ્હોર આનંદ છલકાયા કરે છે! ૧૪ રાજલોકમાં મૈત્રી થકી અસીમ અભય અને અનેકાંતવાદની ભદ્રંકર પ્રભાવના કરનાર પૂજ્ય પંન્યાસજી મહારાજનું એક-એક વાક્ય જાણે એક-એક શાસ્ત્ર છે અને પ્રત્યેક અક્ષર છે જાણે મંત્રસ્નાન!

રોજેરોજ ૯૯૯ તત્ત્વરત્નોની પેટી ઉતરતી હોય તેવું તેઓનું તત્ત્વ વધુ સમાઈ શકે તે કારણે પોતાની પ્રસ્તાવનાનું એક પાનું ભાગ - **૨૫**થી ઓછું કરાવી દેનાર પૂજનીય મામા - શ્રી સી. કે. મહેતા કાયમ કહે છેઃ
ઉદ્યમ આપણો : અનુગ્રહ ગુરુ મહારાજનો!


બસ, એ તત્ત્વામૃતના આપણે સૌ સદ્યસ્નાતા બની રહીએ એવી મંગલ પ્રાર્થના!

**ભારતી દિપક મહેતા**

॥ शुभम् भवतु ॥



ઉપર દર્શાવેલ ૪ ડાયરીઓ
પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજનાં સ્વહસ્તાક્ષરમાં
ઈ.સ. ૧૯૬૭ - ૧૯૬૮ પરિસરમાં લખાયેલ છે, તે અહીં સંકલિત કરેલ છે.




ॐ ह्रीं श्रीं अर्हं नमः આદિ મંત્રો દ્વારા
અરિહંતનું ધ્યાન સવિકલ્પ હોવા છતાં
નિર્વિકલ્પનું કારણ બનીને મોક્ષપદને આપે છે.

પં. ભદ્રંકરવિજય

www.fiestadesigns.in